# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

## મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા

(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-સપ્ટેમ્બર-૨૦૦૫**

**રજજબુલ મુરજ્જબ-શા'બાનુલ મુઅઝ્ઝમ**

**હિજરી સન : ૧૪૨૬**

**વર્ષ : ૦૨ અંક : ૦૯, સળંગ અંક : ૨૧**

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



★ પત્ર વ્યવહારનુ સરનામું ★

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફૈઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

Email User ID : islamic@sancharnet.in


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## બાગે જન્નત મહકતે રહતા હૈ

**અઝ : મૌલાના રફીઉદ્દીન અશરફી પરભનીવાળા**
(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)

તસવ્વુર રૂએ જાનાંકા મોઅત્તર કરતે રહતા હૈ
યહી ઈક મશગલા દિલકો મુનવ્વર કરતે રહતા હૈ

મુહમ્મદ કા વઝીફા વિર્દે લબ સુબ્હો મસા કર લો
ઈસી ઈક નામસે તો બાગે જન્નત મહકતે રહતા હૈ

અગર કુછ હોશ હૈ તો જામે ઉલ્ફત તૂ ઝરા પી લે
ન પી લે જો ભી ઈન્સાં, વો હમેશા બહકે રહતા હૈ

લગાયા થા પસીના ઝીનતે દુલ્હનમેં આક઼ા કા
ક઼બીલા દર ક઼બીલા બસ ઉસીસે મહકે રહતા હૈ

યકીનન ! આએગા ઈક દિન બુલાવા મેરે આક઼ા કા
દિલે પુરનમ તસવ્વુરમેં ઉન્હી કો તકતે રહતા હૈ

તસદ્દુક઼ કરને જબસે રખ દિયા દિલ ઉન્કે કદમોંમેં
ઉસી દમસે **'રફીઅ'** કો દિલ મુબારક કહતે રહતા હૈ


**નૂરાની આર્ટ, દયાદરા**

**ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧**



**માનદ તંત્રી : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**


**નોંધ :** ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા *(માસિક)* સપ્ટેમ્બર-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : ૦૯ ★ સળંગ અંક : ૨૧



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ : લંડનમાં ધડાકાઓ થતાં જ પશ્ચિમી કૂટનીતિની સચ્ચાઈનો સ્ફોટ કરતા લંડનના મેયર !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૮ |
| ૦૭. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૦ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૧ |
| ૦૪. | અઊઝુ બિરસૂલિલ્લાહ ! | **અઝ** : હઝરત મૌલાના હસન આદમ કોલવનવી | ૧૩ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૫ |
| ૦૬. | શાબાનની ફઝીલત અને તેનું મહત્વ | **અઝ** : હાફેઝ મુહમ્મદ સરફરાઝ દયાદરવી | ૧૬ |
| ૦૭. | અદબનું મહત્વ | **લેખક** : મૌલાના મુફતી મુહમ્મદ અમીન ફૈસલાબાદી<br>**અનુવાદક** : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી | ૨૧ |
| ૦૮. | ૧૧ મા ફિકહી સેમીનારના ફૈસલાઓ | **અઝ** : મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી–મુબારકપુર | ૨૯ |
| ૦૯. | ઔરતોના મર્તબા કુર્આન હદીષમાં | **કાર્યાલય** | ૪૦ |
| ૧૦. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૪૧ |
| ૧૧. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા ફાઝિલા અનીસા યાકુબ પટેલ (પાલેજ) | ૪૨ |


**નોંધ : સ્થળ સંકોચને કારણે લેખમાળા "શિફા શરીફ", "ઈસ્લામ અને આધુનિક શોધો", "ફતવા વિભાગ" તથા "અઝવાજે મુતહ્હરાત"નો આ અંકમાં સમાવેશ કર્યો નથી, આવતા અંકથી રાબેતા મુજબ ચાલશે. (ઈન્શાઅલ્લાહ !)**

**નોંધ : લેખ હરીફાઈ માટે લેખ મોકલવાની અંતિમ તારીખ ૧૨–૯–૨૦૦૫ને બદલે ૧૨–૧૦–૨૦૦૫ કરવામાં આવી છે. જેની સર્વ તલબાએ નોંધ લેવી.**

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# લંડનમાં ધડાકાઓ થતાં જ પશ્ચિમી કૂટનીતિની સચ્ચાઈનો સ્ફોટ કરતા લંડનના મેયર !

## "વર્લ્ડ ટ્રિબ્યુનલ ઓન ઈરાક" થકી અમેરિકા-બ્રિટન દોષિત !

તંત્રી લેખ

## યૂરોપ અમેરિકાની બદ્‌માશીની દાસ્તાન તેમની જ ઝબાનીમાં!

જુલ્મનો ભોગ બનનાર તો દુઃખી થાય જ છે પણ એ જુલ્મ જાલિમને પણ છોડતો નથી ! એનું દૃષ્ટાંત હાલ ત્રાસવાદના ભયાનક રાક્ષસથી અતિ ભયભીત એવા જાલિમ દેશ ઈંગ્લેન્ડ ખાતે લંડનના મેયરને ખૂબ મોડે મોડે પણ ડહાપણની દાઢ હવે ફૂટી છે. ત્રાસવાદી કોણે ઉભા કર્યા તેનું સાચુ રહસ્ય હવે જણાવી રહ્યા છે ! લંડનમાં ત્રાસવાદી હુમ્લાઓ બાદ પોતાના પગો નીચે જ્યારે બળવા માંડયું તો હવે શાણી શાણી વાતો કરવા લાગ્યા છે. જેમ કે તા. ૨૨–૭–૨૦૦૫ના વર્તમાનપત્રોમાં આવ્યું છે કે :–

''લંડન, તા. ૨૧ : સમગ્ર લંડનને હચમાવી મૂકનાર શ્રેણીબદ્ધ બૉંબ વિસ્ફોટોના બે સપ્તાહ બાદ લંડન શહેરના મેયરે અમેરિકા અને બ્રિટનની ઉગ્ર ઝાટકણી કાઢતાં જણાવ્યું હતું કે ક્રૂડ તેલથી સમૃદ્ધ મધ્યપૂર્વના દેશોમાં દાયકાઓથી ચાલી આવતી બ્રિટિશ અને અમેરિકન દખલથી પ્રેરાઈને ત્રાસવાદીઓએ લંડન પર હુમલા કર્યા છે. ૭મી જુલાઈએ લંડનના શ્રેણીબદ્ધ બૉંબ વિસ્ફોટો કરનાર ત્રાસવાદીઓ કયા કારણથી હુમલો કરવા પ્રેરાયા હશે ? તેવા એક પ્રશ્નના જવાબમાં લંડન શહેરના મેયર કેન લિવિંગસ્ટોને બીબીસીને જણાવ્યું હતું કે, ''પશ્ચિમના દેશોની ફક્ત ક્રૂડ તેલની જરૂરિયાતો માટે તમે આરબ દેશોમાં છેલ્લા ૮૦ વર્ષોથી પશ્ચિમની દખલ જોઈ રહ્યા છો. આપણે બિન લોકતાંત્રિક સરકારોને સમર્થન આપ્યું છે. આપણા હેતુઓ માટે બિનઉપયોગી સરકારોને આપણે ઉખાડીને ફેંકી દીધી છે.'' તેમણે જણાવ્યું હતું કે, ''મને આત્મઘાતી બૉંબરો પ્રત્યે જરાયે સહાનુભૂતિ નથી અને હું તમામ પ્રકારની હિંસાનો વિરોધ કરું છું પરંતુ પહેલા વિ□યુદ્ધ બાદ પશ્ચિમી દેશોએ આરબ રાષ્ટ્રોની આંતરિક બાબતોમાં માથુ ન માર્યું હોત અને તેમને તેમના વિવાદોનો નિર્ણય જાતે જ લેવા દીધો હોત તો આ પ્રકારના હુમલા થતા ન હોત. પશ્ચિમી દેશોએ આરબ રાષ્ટ્રોમાં હમેશાં બિનલોકપ્રિય શાસકોને જ ટેકો આપ્યો છે.'' તેમણે અમેરિકાની ઉગ્ર ઝાટકણી કાઢતાં જણાવ્યું હતું કે આજની તમામ મુસીબતોની જડ ૧૯૮૦માં પડેલી છે તેમ મને લાગે છે. **અમેરિકનોએ જ ઓસામા બિન લાદેનની નિમણૂંક કરી તેને તા'લીમ આપી હતી, તેને શીખવ્યું હતું કે હત્યા કેવી રીતે થાય, બૉંબ કેવી રીતે બનાવી શકાય. ત્યારબાદ અમેરિકનોએ જ અફઘાનિસ્તાનમાંથી રશિયનોને હાંકી કાઢવા ઓસામા બિન લાદેનને છૂટ્ટો મૂકી દીધો હતો.** તે સમયે

અમેરિકનોએ જરાયે વિચાર કર્યો ન હતો કે તેમણે જેને રાક્ષસી કૃત્યો માટે તૈયાર કર્યો છે તે જ તેમના માટે દાનવ સાબિત થશે.'' લીવિંગસ્ટોને વધુમાં જણાવ્યું હતું કે, ''પશ્ચિમના દેશોની સરકારોને ક્રૂડ તેલનો પુરવઠો ગુમાવવાનો ભય હતો તેથી જ તેમણે મધ્ય–પૂર્વ એશિયામાં પોતાની દખલ ચાલુ રાખી હતી.'' તેમણે જણાવ્યું હતું કે, ''પ્રથમ વિ□યુદ્ધના અંતે આપણે આરબોને જે વચનો આપ્યાં હતાં તે મુજબ પાલન કરી તેમને મુક્તપણે તેમની સરકારો આપી હોત અને આરબોની બાબતોથી પશ્ચિમના દેશો દૂર રહ્યા હોત તો આજે જે બની રહ્યું છે તે કદાપિ બન્યું ન હોત. પશ્ચિમના દેશોએ ફક્ત ક્રૂડ તેલની ખરીદીમાં જ રસ દાખવવાની જરૂરત હતી.'' પશ્ચિમી રાષ્ટ્રોના બેવડા ધોરણો પર આકારા પ્રહારો કરતાં લંડનના મેયરે જણાવ્યું હતું કે, ''ઈરાકમાં સદ્દામ હુસૈન જ્યારે સત્તામાં આવ્યા ત્યારે તેમને સૌ પ્રથમ માન્યતા અને આવકાર આપનારા પણ પશ્ચિમના દેશો જ હતા. પેલેસ્ટાઈન–ઈઝરાયેલ વિવાદમાં પણ તેઓ બેવડા ધોરણો જ અપનાવી રહ્યા છે.'' લીવિંગસ્ટોને જણાવ્યું હતું કે, ''ઘણા યુવાનો આ બેવડા ધોરણો જોઈ રહ્યા છે. ગ્વાટેનામોના અટકાયતી કેન્દ્રોમાં શું થઈ રહ્યું છે તે તેઓ જોઈ રહ્યા છે. તેમને એમ લાગે છે કે પશ્ચિમના રાષ્ટ્રોની કોઈ દઢ વિદેશી નીતિ જ નથી.'' લીવીંગસ્ટોને બેધડક રીતે જણાવ્યું હતું કે, "તેઓ ફક્ત આત્મઘાતી હુમલાખોરોને જ વખોડી કાઢતા નથી પરંતુ **પોતાની વિદેશી નીતિને આગળ ધપાવવા અમાનુષી હત્યાકાંડો આચરનાર સરકારોને પણ વખોડી કાઢે છે.** આપણે ઘણીવાર જોઈએ છીએ કે ત્રાસવાદીઓ જે વિસ્તારોમાંથી આવ્યા હોય છે તે સ્થળો પર ઈઝરાયેલી સરકાર બોંબમારો કરે છે તેમાં ઘણા નિર્દોષ બાળકો મહિલાઓ અને પુરૂષો માર્યા જાય છે. મેયરે નિખાલસતાથી કબૂલ્યું હતું કે ત્રણ ત્રણ પેઢીઓ સુધી વિદેશી સત્તા હેઠળ મતદાનનો અધિકાર, પોતાની બાબતોનો જાતે જ નિર્ણય લેવાનો અધિકાર, રોજગારનો અધિકાર ન આપીને જો આવું ઈંગ્લેન્ડમાં બન્યું હોત તો આપણે જાતે જ ઘણા આત્મઘાતી બોંબરો તૈયાર કર્યા હોત." *(ગુજરાત ટુડે, તા. ૨૨–૭–૦૫, પેજ–૭)*

## ઈતિહાસની દષ્ટ્રિએ સૌથી મોટો ત્રાસવાદી કોણ ?!

લંડનના મેયરનો સચ્ચાઈભર્યો ઘટસ્ફોટ તમે સાંભળ્યો. હવે જુઓ કે આખા જગત પર જુલ્મનો કોરડો વિંઝનાર અમેરિકા શું છે ?!

જાપાનના બે શહેરો નાગાસાકી તથા હીરોશીમા પર એટમ બોંબ ફેંકી દરેક શહેરમાં પળવારમાં એકી સાથે ૮૦,૦૦૦ તથા લાખ ઉપરાંત નિર્દોષ માનવોને વિના વાંકે અમેરિકાએ મૌતના મુખમાં ધકેલી દીધાં હતાં, શું એ ત્રાસવાદ ન કહેવાય ?! **આથી મહાન જુલ્મ ઈતિહાસમાં કોઈ જોયો છે ?!** અને ત્યારબાદ વિ□ના લગભગ દેશોમાં યૂરોપ તથા અમેરિકાએ મળીને માનવ લોહી વહાવવામાં જરાય પાછા ફરીને જોયું નથી એના માટે ઈતિહાસ સાક્ષી છે. વર્ષોથી પેલેસ્ટાઈનના નિર્દોષોના ઘરો પણ બુલડોઝરો કોની હુંફથી ફરી રહ્યાં છે ? તથા અફઘાન અને ઈરાકમાં રોજ માનવ લાશોના ઢગલા કોના વાંકે થઈ રહ્યા છે ?! કેમ માનવ અધિકારની બૂમો પાડનારા અહીં ગુંગા છે ?! ગલત સલત બહાનાંઓ બનાવી, કાલ્પનિક રીતે યુક્તિઓપૂર્વક ગુનો કરનારને બદલે અન્યોને જ નિશાન બનાવી મીડિયામાં ખૂબ ચગાવી તે એકને પકડવા પૂરા દેશની આખી પ્રજાના પર મૌતનો

કોરડો વિંઝવો એ ત્રાસવાદ નથી ?! આવો ! હાલ કેવળ ઈરાકમાં શું થઈ રહ્યું છે તેનો રિપોર્ટ તેમની જ સ્ટડી પરથી જોઈ લો ! સત્ય તો શું હશે ખુદા જ જાણે ! કેમ કે મીડિયા પૂરેપૂરું તેમના કબજામાં છે જેથી સાચી વાતોથી ઉલ્ટા જ સમાચાર દુનિયા સમક્ષ આવતા હોય છે. છતાંય આ જાનહાનિ કાંઈ કમ છે ?! જે એમણે જ જણાવી ! જુઓ :–

## ઈરાકમાં કુલ ૨૫૦૦૦ નાગરિકો માર્યા ગયા

"બે વર્ષ અગાઉ ઈરાક પર અમેરિકા અને બ્રિટનના લશ્કરોએ હુમલો કરતાં અત્યાર સુધીમાં આશરે **૨૫૦૦૦ ઈરાકીઓ માર્યા** ગયા છે અને આશરે **૪૦,૦૦૦ ઘાયલ** થયા છે આમ **રોજના સરેરાશ ૩૪ માણસોના મરણ** થાય છે એમ મંગળવારે પ્રસિદ્ધ થયેલા બ્રિટિશ સ્ટડીના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. ઈરાક બોડી કાઉન્ટ અને ધ ઓક્સફર્ડ રીસર્ચ ગ્રુપના આ અભ્યાસમાં વધુમાં જણાવ્યા અનુસાર **મોટાભાગના વિદેશી સૈનિકોના હાથે માર્યા ગયાનો સમાવેશ થાય છે.** માર્ચ ૨૦૦૩માં બ્રિટિશ અને અમેરિકન સૈનિકોએ કામગીરી હાથમાં લીધા બાદ મોટાભાગના નાગરિકોનાં મરણ થયા હતાં. ત્યારબાદ બળવાખોરોના હાથે મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા હતા. ચાલુ વર્ષના માર્ચ માસ સુધીમાં ૨૪૮૬૫ માણસો માર્યા ગયા છે. આ અહેવાલમાં વધુમાં ઈરાકના નાગરિકોની પરેશાનીઓ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. છેલ્લા થોડા દિવસો દરમ્યાન આત્મઘાતી વિસ્ફોટોના કારણે ૧૦૦થી વધુ માણસોએ જાન ગુમાવ્યા છે એમ પણ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. બ્રિટનની કિલે યુનિવર્સિટીના જોન સ્લો બોડાની આગેવાની હેઠળ ટીમના અહેવાલ અનુસાર **૩૭ ટકા નાગરિકોના મૌત વિદેશી દળોના હાથે થયા છે અને નવ ટકાના મૌત બળવાખોરોના હાથે થયાં** છે તેઓના લક્ષ્યાંક વિદેશી લશ્કર અને ઈરાકી પોલીસ હતા. અહેવાલમાં વધુમાં જણાવાયા અનુસાર પહેલા વર્ષ કરતાં બીજા વર્ષમાં માર્યા ગયેલાઓની સંખ્યા બમણી થઈ ગઈ હતી. **આત્મઘાતી હુમલાઓ અને ગોળીબારોના બનાવો રોજિંદા** બની ગયા છે. બગદાદના શબઘરમાં રોજના સરેરાશ ૩૦ શબો આવે છે. માર્યા ગયેલા ૨૫૦૦૦ લોકોમાં ૨૦ ટકા મહિલાઓ અને બાળકો છે. બે વર્ષના સમયગાળામાં **૧૭૦૦થી વધુ અમેરિકન સૈનિકો** માર્યા ગયા છે. આટલા બધા નાગરિકો માર્યા ગયા હોવા છતાં બ્રિટન અને અમેરિકાએ આ પ્રશ્ન ઉપર સહાનુભૂતિપૂર્વક વિચાર કર્યો નથી." *(ગુજરાત ટુ ડે, તા. ૧૨–૭–૨૦૦૫, "ધી હિન્દુ"ના સૌજન્યથી)*

ક્યાંથી વિચાર કરે ! જેમણે એક જ દિવસે એકી સાથે ૮૦ હજારને મૌતને ઘાટ ઉતાર્યા પછી પણ નથી વિચાર્યું તે જ તો છે.

વળી પડોશીનું ઘર તો સળગાવ્યું પણ હવે જ્યારે કે પોતાના ઘરમાં તેની જવાળાઓ ઘુસવા માંડી તો ભાન થઈ રહ્યું છે અને ઈરાક પર અમેરિકા–બ્રિટનના હુમલા વિરુધ્ધ તપાસ પંચો પોતાના હેવાલો બહાર પાડી રહ્યાં છે, જેમ કે ગુજરાત ટુ ડે દૈનિક, તા. ૧૨–૭–૦૫ પેજ નં. ૬ ઉપર "ધી હિન્દુ"ના હવાલાથી છે :–

# અમેરિકા તથા બ્રિટન પર આંતરરાષ્ટ્રિય કાયદાના ભંગનો આરોપ

''ઈરાકમાં યુદ્ધની યોગ્યતા અંગે વર્લ્ડ ટ્રિબ્યુનલ ઓન ઈરાક (ડબલ્યુટીઆઈ) દ્વારા સ્થાપવામાં આવેલી જ્યુરી ઓફ કન્સાઈન્સ (વિવેકબુદ્ધિ)ની ૨૪થી ૨૭ જૂન દરમ્યાન ઈસ્તંબુલ ખાતે મળેલી બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે, **ઈરાક ઉપર કરવામાં આવેલો હુમલો એ ન્યાય ઉપરનો હુમલો છે. તે સ્વતંત્રતા પરનો હુમલો છે. ઈરાક ઉપરનો હુમલો આપણા ભવિષ્ય, આપણી સુરક્ષા તથા આપણા સૌ ઉપર થયેલો હુમલો છે.**

ડબલ્યુટીઆઈ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી પ્રેસ વિજ્ઞપ્તીમાં જણાવવામાં આવ્યું હતું કે, તેના દસ અલગ અલગ દેશોના સભ્યોના બનેલા તપાસપંચે વકીલોની બનેલ ૫૪ સભ્યોની પેનલની ઈરાક યુદ્ધ મુદ્દેની જુબાની સાંભળી હતી. આ વકીલો ઈરાક, અમેરિકા અને બ્રિટન સમેત સમગ્ર દેશોના હતા. વિ□ના નાગરિક પગલાંનો અંત એક પત્રકાર પરિષદના આયોજન બાદ થયો હતો. જેમાં આ તપાસપંચના અધ્યક્ષે જ્યુરી (તપાસપંચ)ના નિષ્કર્ષોની જાહેરાત કરી હતી. આ તપાસપંચનાં અધ્યક્ષા પ્રસિદ્ધ લેખિકા અરુંધતિ રોય હતાં.

આ જ્યુરી ઓફ કન્સાઈન્સ (વિવેકબુદ્ધિ તપાસપંચ) ઈરાક યુદ્ધને ઈતિહાસનું સૌથી અસહજ તથા અસામાન્ય યુદ્ધ ગણાવ્યું હતું. **જ્યોર્જ બુશ અને ટોની બ્લેયરે સમગ્ર વિ□ના કરોડો લોકોના વ્યાપક વિરોધની ધરાર અવગણના કરી હતી અને તેઓએ ઈતિહાસના એક સૌથી વધારે અસહજ, અસામાન્ય અનૈતિક તથા કાયરતાપૂર્ણ યુદ્ધની શરૂઆત કરી હતી.** બ્રિટન તથા અમેરિકાના ઈરાક ઉપરના પાછલા ૨૭ મહિનાના કબજાએ **ઈરાક દેશ તથા ઈરાકી સમાજનો વિનાશ કર્યો** છે તથા અહીં **અંધાધૂંધી** તથા **તારાજી સર્જી** છે. કાયદો અને ન્યાય વ્યવસ્થા એકદમ પડી ભાંગી છે જેના કારણે માનવીય સુરક્ષાનો અભાવ જોવા મળી રહ્યો છે. ભૌતિક માળખાકીય સુવિધાઓ કઢંગી બની છે તથા સ્વાસ્થ્ય સુવિધા પ્રણાલી ગૂંચવાઈ ગયેલી છે. ઉપરાંત દેશમાં શિક્ષણતંત્રની કામગીરી અટકી પડી છે. ઉપરાંત અહીં પર્યાવરણમાં ભારે તારાજી સર્જી છે તથા ઈરાકના સાંસ્કૃતિક તથા પુરાતત્વીય વારસાને પણ ભારે નુકસાન પહોંચ્યું છે.

આ તથ્યોના આધારે તથા સંયુક્ત રાષ્ટ્રોના અધિકારપત્ર તથા અન્ય કાનૂની દસ્તાવેજોને ધ્યાનમાં લેતા આ તપાસપંચે અમેરિકા અને બ્રિટનની સરકારો સામે આવા આરોપો લગાવ્યા હતા :–

★ સંયુક્ત રાષ્ટ્રના આદેશો તથા ન્યુરેમબર્ગ સિદ્ધાંતોની ઉપરવટ જઈને આક્રમકતાના સર્વોચ્ચ ગુના સમાન ઈરાક વિરુધ્ધ યુદ્ધની યોજના, તૈયારી તથા યુદ્ધ કરવું.

★ ઈરાકી નાગરીકો તથા દેશના સાર્વજનિક માળખાને નિશાન બનાવવું

★ અપ્રમાણસરનું સૈન્ય દળ તથા આધુનિક હથિયારો ઉપયોગમાં લેવા.

★ દેશમાં સૈન્ય કાર્યવાહી દરમ્યાન નાગરિકોના જાનમાલને સુરક્ષા પૂરી પાડવામાં તથા તે બાદ પોતાના કબજા હેઠળ પણ **નાગરિક સુરક્ષામાં નિષ્ફળ** રહેવાનો આરોપ લગાવાયો હતો.

★ શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો ઉપર **હિંસક દમન** ગુજારવો.

★ ખૂબ જ દમનકારી સજાઓ સમેત કોઈ પણ પ્રકારના આરોપ કે ખટલા વિના બંધકોને સજા ફટકારવી.

★ ઈરાકી સૈનિકો તથા નાગરિકો ઉપર **અમાનવીય અત્યાચાર** તથા અપમાનજનક રીત રસમો અપનાવવી.

★ ગેરકાયદેસર રીતે ઘુસણખોરી કરીને દેશ ઉપર કબજો મેળવીને દેશના કાયદાઓને ફરી ઘડવા.

★ જાણીબુઝીને પર્યાવરણને તારાજ કરવું

★ સક્રિય રીતે એવા વાતાવરણનું સર્જન કરવું જેના કારણે ઈરાકી મહિલાઓનો દરજ્જો ગંભીરતાપૂર્વક નીચો ગયો.

★ ઈરાકી સભ્યતા તથા સંસ્કૃતિ અને તેના વૈવિધ્યપૂર્ણ પુરાતત્વીય વારસાનું રક્ષણ કરવામાં નિષ્ફળતા.

★ ઈરાકી મીડિયા પર પ્રતિબંધ તથા સેન્સરશીપ લાદી માહિતી સ્વાતંત્ર્યના અધિકારની વિરુધ્ધ અવરોધ સર્જવા.

★ ગેરકાયદેસર રીતે બંધક બનાવયેલા લોકો ઉપરના અત્યારચારને યોગ્ય ઠેરવવા **આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ** કરવો.

આ તપાસપંચે યુદ્ધ ગુનાઓને રોકવા તથા માનવતા સામેના ગુનાઓ સમેત અન્ય ગુનાઓને અટકાવવામાં નિષ્ફળ રહેવા બદલ સુરક્ષા પરિષદ સામે પણ આરોપ લગાવ્યા હતા. ઉપરાંત તેણે **ઈરાકમાં ઘૂસણખોરી તથા કબજામાં સહકાર આપતા દેશોની સરકારો સામે પણ આરોપ લગાવ્યા હતા તથા અન્ય દેશો જેણે ગઠબંધન સેનાને પોતાનો હવાઈક્ષેત્ર તથા સૈન્ય મથકોનો ઉપયોગ કરવા દીધાં ઉપરાંત અન્ય સહાયતા આપી હતી તેમની સામે પણ આરોપો લગાવાયા છે.** ખાનગી સંસ્થાઓ જેમણે આ યુદ્ધ દ્વારા નફો રળ્યો છે તેમની સામે પણ તપાસપંચના આરોપો મૂકાયા હતા. ઉપરાંત મીડિયા જૂથો સામે સાચી માહિતી ન આપવા બદલ તથા માનવીય અત્યાચારોના અહેવાલોને રજૂ ન કરવા બદલ તેમની સામે આરોપ મૂકવામાં આવ્યા હતા.

ઉપરાંત તપાસપંચે ઘણી ભલામણો પણ કરી હતી. જેમાં ઈરાકી જનતાના પોતાના દેશ ઉપરના ગેરકાયદેસરના કબજાનો વિરોધ કરવાના અધિકારને માન્યતા આપવાનો સમાવેશ થાય છે. ઉપરાંત તપાસપંચે કહ્યું હતું કે, ગેરકાનૂની કબજા સામે વિરોધનો અધિકાર એ આત્મસન્માન માટેનો સંઘર્ષ છે તથા એ સ્વાતંત્ર્ય તથા મુક્તિનો સંઘર્ષ છે તેમ અમે આગ્રહપૂર્વક કહીએ છીએ અને અમે જાહેર કરીએ છીએ કે અમે ઈરાકી જનતાની સાથે છીએ અને અમે આહ્વાન કરીએ છીએ કે ઈરાકમાંથી ગઠબંધન સેના બિનશરતી રીતે તાકીદે પાછી ફરે.

ડબલ્યુટીઆઈનું આ સત્ર ત્રણ દિવસ સુધી ચાલ્યું હતું અને તેમાં આ યુદ્ધ માટેના અમેરિકાના બહાનાની ગેરકાયદેસરતા તથા તે બહાના હેઠળ કરાયેલા ગુનાઓ અંગે જુબાનીઓ રજૂ કરવામાં આવી હતી. નિષ્ણાતોના મંતવ્યો, સાક્ષીઓની પ્રત્યક્ષદર્શીઓની જુબાની તથા વીડિયો છબીઓના પુરાવા, યુદ્ધની નાગરિકો ઉપર પડેલી અસરો, બંધકો ઉપરના અત્યાચારો, કોઈ પણ પ્રકારના આરોપો વિના કે કાનૂની બચાવ વિના ઈરાકીઓને ગેરકાયદેસર બંધક બનાવવા તથા યુદ્ધની ઈરાકની માળખાકીય

સુવિધાઓ ઉપર અસર, ઈરાકની સાંસ્કૃતિક સંસ્થાઓના વિનાશ વગેરેના પ્રત્યક્ષ પુરાવા આપતા હતા. ઉપરાંત તે માનવીય સભ્યતાના આ ખજાનાના સંરક્ષણમાં ઘૂસણખોર ગઠબંધન સેનાની નિષ્ફળતા તથા તેણે આંતરરાષ્ટ્રીય કાયદાઓના કરેલા ભંગને દર્શાવતા હતા.

ઈસ્તંબુલ ખાતે આયોજીત સત્ર આ તપાસપંચનું અંતિમ સત્ર હતું જ્યારે તેની સુનાવણી પાછલા બે વર્ષથી આખા વિ□માં ચાલતી હતી. ઈરાક યુદ્ધના વિવિધ મુદ્દાઓ સંદર્ભે લંડન, મુંબઈ, કોપનહેગન, બ્રસેલ્સ, ન્યૂયોર્ક, જાપાન, સ્ટોકહોમ, દક્ષિણ કોરિયા, રોમ, ફ્રેન્કફર્ટ, જીનિવા, લિસ્બન તથા સ્પેનમાં ચર્ચા સત્રો તથા પરિસંવાદો આયોજીત થયા હતા. તેમાં ઈરાકની ઘુસણખોરી તથા તેની ઉપરના કબજાની ગેરકાયદેસરતાના ઐતિહાસિક ગણી શકાય તેવા પુરાવા એકત્ર કરાયા હતા. જેમને હવે નજીકમાં જ પ્રસિદ્ધ કરનારા પુસ્તકમાં રજૂ કરવામાં આવશે. *(ગુજરાત ટુ ડે, તા. ૧૨–૭–૦૫માં "ધી હિન્દુ"ના સૌજન્યથી)*

વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરના હુમ્લાના અમેરિકાના કાલ્પનિક આરોપી તથા ત્રાસવાદી જાહેર કરેલ ઓસામા બિન લાદેનની શોધના બહાના હેઠળ આખા અફઘાનને ઘમરોળી નાખ્યું. ત્યારબાદ એવા જ બનાવટી આક્ષેપો કરી ઈરાકને રગદોળી નાખ્યું. જેમાં મુસ્લિમોને બર્બાદ કરવાના હેતુ ઉપરાંત ઘણા ટાર્ગેટ અમેરિકા બ્રિટને હલ કર્યા છે. **હવે તેમની દાઢ ઈરાનમાં તબાહી મચાવવા કકડી રહી છે જેથી રોજ નીત નવા આક્ષેપો ઈરાન પર છોડવામાં આવી રહ્યા છે.** એક એક કરીને આ મહાન ત્રાસવાદી રાષ્ટ્રો અમેરિકા બ્રિટન મુસ્લિમ દેશોનો કૂચો કરી રહ્યા છે છતાં કહેવાતી મુસ્લિમ સલ્તનતોનાં પેટનું પાણી હજીય હાલતુ નથી ! જો આમ જ રહેશે તો ખુદા જાણે શી હાલત થશે વિ□ના મુસ્લિમોની !

**અમેરિકા બ્રિટન ત્રાસવાદના નામે મુસ્લિમોને ખોખરા કરી રહેલ છે :** અમેરિકા બ્રિટન થકી ઈસ્લામ તથા મુસલમાનો વિરૂદ્ધ સલ્માન રૂશ્દીને ખડો કરવાથી લઈને હાલની કુર્આનની બેઅદબી કરવા સુધી મુસ્લિમોની ઉશ્કેરણી કરે તેવા બનાવોનું બનવું અને મુસ્લિમો તરફથી વિ□ભરમાં તેનો વિરોધ થવું અને સેંકડો મુસ્લિમોનું જાન ખોવું તેમજ પૂરા જગતના મુસ્લિમોને ઉલઝનમાં નાખવું. એ જ તો એમનો મકસદ છે. મુસ્લિમોના કોઈ વિરોધની તેમના પર કોઈ અસર જોવા મળતી નથી.

એટલું જ નહીં અફઘાન પર ત્યારબાદ ઈરાક પરના હુમ્લા વખતે પૂરા જગતમાં વિરોધો થયા છતાં, ખૂદ અમેરિકા, ઈંગ્લેન્ડ વગેરેમાં ત્યાંની પ્રજાએ વિરોધો દર્શાવ્યા છતાં પરિણામ શૂન્ય !

આ બધું આયોજનપૂર્વક ઈસ્લામી દેશોને તથા મુસ્લિમોને પાંગળા કરવાનું આંતરરાષ્ટ્રિય કાવતરૂ છે. ભૌતિક રીતે અશક્ત છતાં ફાંફા મારવાને બદલે મુસ્લિમો કમસે કમ કુર્આનના આ ફર્માન પર અમલ તો કરી શકે છે : **"ન ગભરાવો ! ન ડરો ! તમે જ કામયાબ રહેશો ! શરત એ છે કે મો'મિન બની જાવ !"** ઈસ્લામનો દાવો અને ઈસ્લામ વિરૂધ્ધ ચલણ રાખી કામયાબી અશક્ય છે.

**મુસલમાનો ! વિ□માં તમારી પસ્તીની હાલત જોયા પછી તો અલ્લાહની તરફ પલ્ટી આવો !** એક બુઝુર્ગના કથનમાં કેટલું તથ્ય સમાયેલ છે કે તેમણે ફર્માવ્યું, **"તૂ ઉસ્કી માન ! તેરી સબ માનેંગે."** આટલા બધાં વિ□વ્યાપી તાંડવો છતાં મુસલમાન જો ન બદલાય અને રબના ફર્માનોનો બાગી બનીને જ ફરતો રહે તો ક્યાંથી ભલાઈ પામી શકે ! માટે મુસલમાનોએ ગંભીરતાથી રબ્બે કદીરના ફર્માવ્યા મુજબ દીનની રાહ અપનાવવી જોઈએ એમાં જ તેની ભલાઈ છે.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

-કાર્યાલય

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

بَلٰى مَنْ كَسَبَ سَيِّئَةً

وَّاَحَاطَتْ بِهٖ خَطِيْٓــئَتُهٗ فَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ

فِيْهَا خٰلِدُوْنَ ۝٨١ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ اُولٰٓئِكَ

اَصْحٰبُ الْجَنَّةِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ۝٨٢ وَاِذْ اَخَذْنَا مِيْثَاقَ

بَنِيْٓ اِسْرَآءِيْلَ لَا تَعْبُدُوْنَ اِلَّا اللّٰهَ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا

وَّذِي الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَقُوْلُوْا لِلنَّاسِ حُسْنًا

وَّاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ ۭ ثُمَّ تَوَلَّيْتُمْ اِلَّا قَلِيْلًا مِّنْكُمْ

وَاَنْتُمْ مُّعْرِضُوْنَ ۝٨٣ وَاِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ لَا تَسْفِكُوْنَ دِمَآءَكُمْ

وَلَا تُخْرِجُوْنَ اَنْفُسَكُمْ مِّنْ دِيَارِكُمْ ثُمَّ اَقْرَرْتُمْ وَاَنْتُمْ

تَشْهَدُوْنَ ۝٨٤ ثُمَّ اَنْتُمْ هٰٓؤُلَآءِ تَقْتُلُوْنَ اَنْفُسَكُمْ وَتُخْرِجُوْنَ

فَرِيْقًا مِّنْكُمْ مِّنْ دِيَارِهِمْ ۡ تَظٰهَرُوْنَ عَلَيْهِمْ بِالْاِثْمِ وَالْعُدْوَانِ ۭ

وَاِنْ يَّاْتُوْكُمْ اُسٰرٰى تُفٰدُوْهُمْ وَهُوَ مُحَرَّمٌ عَلَيْكُمْ اِخْرَاجُهُمْ ۭ

اَفَتُؤْمِنُوْنَ بِبَعْضِ الْكِتٰبِ وَتَكْفُرُوْنَ بِبَعْضٍ ۚ فَمَا جَزَآءُ

مَنْ يَّفْعَلُ ذٰلِكَ مِنْكُمْ اِلَّا خِزْيٌ فِي الْحَيٰوةِ الدُّنْيَا ۚ وَيَوْمَ

الْقِيٰمَةِ يُرَدُّوْنَ اِلٰٓى اَشَدِّ الْعَذَابِ ۭ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ۝٨٥

**તર્જુમો** : હા ! (અમારો કાનૂન એ છે) જેણે જાણીબુઝીને બુરાઈ કરી અને ઘેરી લીધો એને એની ખતાએ તો તે જ દોઝખી છે, તે તેમાં હમેશાં રહેનાર છે. અને જે **ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યા** તેઓ જ જન્નતી છે[૯૮]. તેઓ એ જન્નતમાં હમેશાં રહેનાર છે. અને યાદ કરો ! જ્યારે અમે લીધો હતો મજબૂત વાયદો બની ઈસ્રાઈલથી (એ વાતનો કે) ન ઈબાદત કરશો સિવાય અલ્લાહની[૯૯] અને માં બાપ સાથે સારો વર્તાવ કરજો તેમજ સગાં સંબંધીઓ, યતીમો તથા મિસ્કીનોથી પણ (મહેરબાની કરજો) અને કહેજો લોકોને સારી વાતો અને સહીહ અદા કરજો નમાઝ અને ઝકાત આપતા રહેજો. પછી મોઢું ફેરવી લીધું તમે, પણ થોડાક જ તમારામાંથી (અડગ રહ્યા) અને તમે વિમુખ થનારાઓ છો. અને યાદ કરો ! જ્યારે લીધો અમે તમારાથી મજબૂત વાયદો કે તમે તમારાંઓનું લોહી નહીં વહાવો અને નહીં કાઢો પોતાનાંઓને પોતાના વતનથી. વળી તમે (એ વાયદા પર અડગ રહેવાનો) સ્વીકાર પણ કર્યો, અને તમે ખૂદ તેના ગવાહ છો. વળી તમે તે જ છો ને (જેમણે એ વાયદા કર્યા) કે હવે કત્લ કરો છો પોતાનાંઓને અને તડીપાર કરો છો તમારા (પોતાના) ગિરોહને તેમના વતનથી. (તેમજ) મદદ કરો છો તેમના વિરૂધ્ધ (દુશ્મનોને) ગુનાહ તથા જુલ્મથી. અને જો આવે તમારી પાસે કેદી બનીને (તો ઘણા પાકબાઝ બનીને) તેમનો ફિદયો અદા કરો છો, જો કે હરામ કરવામાં આવ્યું હતું તમારા પર તેમને ઘરોએથી કાઢવું. તો શું તમે ઈમાન લાવો છો કિતાબના અમુક હિસ્સા પર અને અમુક હિસ્સાનો ઈન્કાર કરો છો ?![૧૦૦] (તમે પોતે જ કહો) શું સજા એવા નાબકાર (નાલાયક

માણસ)ની તમારામાંથી સિવાય એના કે બેઈજ્જત રહે દુનિયાની જિંદગીમાં અને કિયામતના દિવસે. તો તેમને ફેંકી દેવામાં આવશે સખ્તતરીન અઝાબમાં ! અને અલ્લાહ બેખબર નથી એ (કરતૂતો)થી જે તમે કરો છો.

## ★ તફસીર ★

**૯૮.** કુર્આને હકીમ અહીં નજાતનો મૂળભૂત ઉસૂલ બયાન કરી રહ્યું છે. નજાતનો આધાર કોઈ કોમ કે વંશથી સંબંધને કારણે નથી, બલ્કે ઈમાન તથા નેક અમલ પર છે. **ઈસ્લામથી પહેલાં માનવજાતની વહેંચણી રંગ તથા વંશ અને વતનના આધારે થતી હતી.** દરેક ગોરી ચામડીવાળો ચાહે તેનું આમાલનામુ ગમે તેટલું કાળ હોય કારી ચામડીવાળાથી ચઢિયાતો છે ભલે તેનું (કારી ચામડીવાળાનું) જીવનચરિત્ર ચંદ્રથી ઉજ્જવળ હોય, દરેક બ્રાહમણ તે ગમે તેવો જાહિલ તથા ઢંગ વિનાનો પણ કેમ ન હોય તે અફઝલ છે, દરેક ફાઝિલ તથા કામિલ (વિધ્વાન) કરતાં જેને કોઈ બ્રાહમણ માંએ જન્મ નથી આપ્યો. જર્મનીની હદમાં પેદા થનાર ભલે તે ગમે તેવો ખૂંખાર તથા હાનિકારક કેમ ન હોય છતાં શરાફતમાં તે લાજવાબ છે. **એ મહાનતા ઈસ્લામને ફાળે જાય છે કે જેણે આવી ગલત વિચારશ્રેણીના પાયાઓને જડમૂળથી ઉખેડીને ફેંકી કાઢયા** અને માનવજાતની વહેંચણી મુસલમાન તથા કાફિર, સાલેહ તથા ફાસિક, નેક તથા બદના આધાર પર રાખી. અને આ રીતે વિના કારણે ઘમંડ કરનારાઓ પાસેથી નાઝ તથા ગર્વના સર્વ જૂઠા સબબો છીનવી લીધા અને નેકી તથા તકવાના મેદાનમાં અગ્રિમતા લઈ જનારાઓના માર્ગે વિધ્નરૂપ સર્વ ચટ્ટાનોને છિન્ન ભિન્ન કરી નાખી. فَلِلّٰهِ ورسوله الحجة البا لغة

**૯૯.** બની ઈસ્રાઈલના અંબિયાએ પોતાની કૌમને જે અકીદાઓ પર ઈમાન લાવવા, મામલાઓ તથા ઈબાદતોના જે હુકમો પર અમલ કરતા થવા અને અખ્લાક (સંસ્કાર)ના જે નિયમોને અપનાવવાનો મજબૂત વાયદો લીધો હતો અલ્લાહ તઆલાએ તેઓને તેની યાદ અપાવી અને સાથોસાથ દરેક વખતે તેમના વચનભંગનો ઉલ્લેખ કર્યો કે કદાચ તેઓ આ ગલતીઓથી ભાવિમાં પરહેઝ કરે અને અલ્લાહના હુકમોનું પાલન કરવા લાગે.

**૧૦૦.** યષરબના રહેવાસીઓમાં મુશ્રિકો પણ હતા અને યહૂદીઓ પણ. યષરબની મુશ્રિક આબાદી બે કબીલાઓ "અવસ" તથા "ખઝરજ"માં વહેંચાયેલી હતી જેઓ આપસામાં લડતા રહેતા હતા, અને યહૂદી આબાદી પણ બે કબીલાઓ બનૂ કરીઝા તથા બનૂ નઝીર પર આધારિત હતી. જ્યારે અવસ તથા ખઝરજ લડવા તૈયાર થતા તો બની કરીઝા અવસના સમર્થક બની જતા અને બની નઝીર ખઝરજના, અને એ રીતે આ યહૂદીઓ આપસમાં એકબીજાનું ગળુ કાપતા. અને જ્યારે જંગ ખત્મ થઈ જતી અને હાર પામનારા પક્ષના કેદીઓને ફિદયો અદા કરીને આઝાદ કરાવવાનો પ્રસંગ ઉપસ્થિત થતો તો તે વખતે આ **યહૂદીઓ** તૌરાતના પાનાં ફેરવતા અને તેની આયતો મુજબ ફિદયો લેવા તથા ફિદયો આપવાના જાઈઝ થવા બાબતે દલીલો કરતા. કુર્આને હકીમ તેમને કહે છે કે તૌરાત તો તમને કત્લોગારત કરવાથી અને કોઈને તડીપાર કરવાથી પણ રોકે છે, તે હુકમ તમને યાદ ન રહ્યો ! અને **જ્યારે રૂપિયાની લેણદેણનો સવાલ પેદા થયો તો તમને તૌરાત પર અમલ કરવાનો શોખ પેદા થઈ ગયો !** ભલા, **આ પણ કોઈ ઈમાન છે કે કિતાબના અમુક હિસ્સા જે તમારી તબીઅતના માફક થયા તેના પર તો અમલ કરી લીધો,** અને **કિતાબના તે હિસ્સા જેના પર અમલ કરવો નફ્સને ભારે જણાયો અથવા જેના પર અમલ કરવાથી ભૌતિક નુકસાનનો અંદાજો જણાયો તેને ત્યાજી દીધો ! આપણે કુર્આન પર ઈમાન રાખનારાઓ માટે પણ આમાં બોધગ્રહણ કરવાનો સામાન** છે.

દર્સે હદીષે પાક

મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૩૦ ★

હઝરત મિકદાદ رضی اللہ عنہ થી રિવાયત છે[૧]. તેમણે હુઝૂર ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે પૃથ્વીના પટ પર કોઈ મામૂલી તંબૂ, કાચુ મકાન[૨] રહેશે નહીં, પણ અલ્લાહ તેમાં ઈસ્લામનો કલ્મો પહોંચાડી આપશે, ઈજ્જતવાળાઓની ઈજ્જત અને ઝલીલોની ઝિલ્લતની સાથે[૩]. અથવા તો અલ્લાહ તેમને ઈજ્જત આપશે કે તેમને કલ્માવાળા બનાવી આપશે અથવા તેમને ઝલીલ કરી નાખશે, તેઓ દીનનું અનુસરણ કરશે. મેં દિલમાં કહ્યું કે તો પછી તો પ્યારો દીન અલ્લાહનો જ હશે. *(અહમદ)*

રિવાયત છે હઝરત વહબ ઈબ્ને મુનબ્બિહથી[૪] કે તેમને અર્ઝ કરવામાં આવી કે શું કલ્મો **લાઈલાહ ઈલ્લલ્લાહ** જન્નતની ચાવી નથી ?[૫] ફર્માવ્યું : હા ! છે, પરંતુ **કોઈ ચાવી ખાંચાઓ વિનાની નથી હોતી**[૬]. તો તમે જો ખાંચાઓવાળી ચાવી લઈને આવશો તો તમારા માટે દરવાજો ખુલશે, નહીં તો ખુલશે નહીં[૭]. *(બુખારી..)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ, જ્યારે તમારામાંથી કોઈ પોતાનો ઈસ્લામ ઠીક કરે[૮] તો જે નેકી પણ કરશે તે દસ ગણી લખવામાં આવશે, સાતસો ગણી સુધી[૯]. અને દરેક બુરાઈ જે કરી બેસશે તો એકગણી જ લખવામાં આવશે[૧૦] એટલે સુધી કે રબથી મળે. *(મુસ્લિમ)*

રિવાયત છે હઝરત અબૂ ઉમામાથી કે એક શખ્સે નબી કરીમ ﷺ ને પૂછયું કે ઈમાન શું છે ?[૧૧] ફર્માવ્યું કે **જ્યારે તમને તમારી નેકી ખુશ કરે અને તમારી બુરાઈ ગમગીન કરે તો તમે કામિલ મો'મિન** છો[૧૨]. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! **ગુનોહ** શું છે ?! ફર્માવ્યું, **જે ચીજ તમારા દિલમાં ખટકે** તેને છોડી દો[૧૩]. (અહમદ)

## ★ સમજૂતી ★

**૧.** આપનું નામ મિકદાદ ઈબ્ને અમ્ર ઈબ્ને ષઅલ્બા કન્દી છે, પણ મિકદાદ અસ્વદના નામથી મશહૂર છે, એટલા માટે કે આપ અસ્વદના હેઠળ ઉછેર પામ્યા. આપ જલીલુલ કદર સહાબી તથા છઠ્ઠા મુસલમાન છે. ૯૦ વરસની ઉમર પામીને હિ.સ. ૭૩માં મદીના મુનવ્વરાથી ત્રણ માઈલ દૂર મકામે જરફમાં વફાત પામ્યા. લોકો આપની મૈયત શરીફને ખભાઓ પર ઉઠાવીને લાવ્યા અને જન્નતુલ બકીઅમાં દફન કર્યા.

**૨.** જાહેર એ છે કે જમીનથી મુરાદ અરબસ્તાનની જમીન છે, ઔફી ઘરથી મુરાદ બદવીઓનાં તંબૂઓ છે અને કાચાં ઘરોથી મુરાદ સામાન્ય લોકોનાં મકાનો. એટલે કે અરબમાં કોઈ ગામ કે શહેર એવું ન રહેશે જ્યાં ઈસ્લામ પ્રવેશી ન જાય. ખુદાના ફઝ્લથી એ પેશનગોઈ પૂર્ણ થઈ ચૂકી. અને જો સર્વ દુનિયા મુરાદ હોય તો આ હદીષનો ઝહૂર કિયામતની નજીક એટલે કે હઝરત મસીહના નુઝૂલ (હઝરત ઈસાના આગમન) તથા ઈમામ મહેદીના જાહેર થવાથી થશે કે સર્વ મુસલમાન થઈ જશે.

**૩.** એટલે કે અમુક લોકો ખુશીભેર મુસલમાન થશે તેઓ ઈજ્જત પામશે અને અમુક લોકો લાચારીથી જીભ વડે કલ્મો પઢશે તેઓ ઝલીલ રહેશે. અથવા એ મતલબ છે કે અમુક લોકો

મુસલમાન બનીને ઈજ્જત પામશે અને અમુક ઈસ્લામથી ઈન્કાર કરીને મુસલમાનોની રૈયત (જિઝયો ભરનારા) બનશે. આ સંજોગોમાં પ્રથમ ભાગના કાંઈક અન્ય અર્થો થશે. એની તફસીરો અન્ય પણ કરવામાં આવી છે.

૪. આપની કુન્નિયત (ઉપનામ) અબૂ અબ્દુલ્લાહ છે. વતન ફારસ, રહેઠાણ યમનનો સનઆ વિસ્તાર છે. આપ જલીલુલકદર (મહાન) તાબઈ છે. યમનના કાઝી હતા. હિ.સ. ૧૧૪માં વફાત પામ્યા. હઝરત જાબિર અને ઈબ્ને અબ્બાસથી મુલાકાતો તથા (હદીષો) સાંભળવાનું સાબિત છે.

૫. મુસલમાનોમાં એક ફિર્કો "મુરજીયા" હતો જેમની દષ્ટિએ અમલની કોઈ જરૂરત ન હતી. ઈસ્લામ સ્વીકારીને બદ્તરીન ગુનાહને પણ બુરો જાણતા ન હતા. એમનો ઉઠાવેલો પ્રશ્ન એ હતો કે જ્યારે કલ્મએ તૈયબહ્ જન્નતની ચાવી છે તો નેક અમલની શું જરૂરત છે !

૬. સુબ્હાનલ્લાહ ! શું ઉમદા દષ્ટાંત છે. એટલે કે **કલ્મએ તૈયેબહ ચાવીની ડંડી** છે અને ઈસ્લામના અરકાનો **નમાઝ, રોઝા વગેરે એ ડંડીના ખાંચાઓ** છે. જેવી રીતે ચાવીમાં **ખાંચાઓની જરૂરત છે** એવી જ રીતે **મુસલમાનના માટે ચાર અરકાનો પણ જરૂરી** છે.

૭. એટલે કે બદ્અમલ મુસલમાન પ્રથમ જન્નતમાં જશે નહીં اِلَّاۤ اِنۡ یَّشَآءَ اللّٰہُ આ મસ્અલાની તેહકીક અગાઉ થઈ ચૂકી છે.

૮. એ રીતે કે તમામ ઈસ્લામી અકીદાઓનું દિલથી યકીન રાખે અને જીભ વડે સ્વીકાર કરે. રબ ફર્માવે છે :– مَنۡ اَسۡلَمَ وَجۡهَهٗ لِلّٰهِ وَهُوَ مُحۡسِنٌ

૯. એટલે કમસે કમ દસગણી અને વધારેમાં વધારે સાતસો ગણી. અને પછી જેવો ઈખલાસ અને મોકો એટલો અધિક સવાબ મળશે. આ તો કાનૂન છે પણ ફઝલથી હદ નથી. આ હદીષમાં બે આયતો પ્રતિ ઈશારો છે; **એક** : فَلَهٗ عَشۡرُ اَمۡثَالِهَا અને **બીજી** : مَثَلُ الَّذِيۡنَ يُنۡفِقُوۡنَ اَمۡوَالَهُمۡ... الخ યાદ રાખશો કે આ તે નેકીઓનું વર્ણન છે જે સામાન્યતઃ કરવામાં આવે, નહીં તો મદીના પાકની એક નેકીનો સવાબ પચાસ હજાર અને મક્કા મુકર્રમાની એક નેકીનો સવાબ એકલાખ નેકી છે. જેથી હદીષોમાં ટકરાવ નથી.

૧૦. આ પણ આમ (સામાન્ય) ગુનાહોનું વર્ણન છે, નહીં તો મક્કા મોઅઝ્ઝમાનો એક ગુનોહ એક લાખ છે, **એ જ પ્રમાણે ગુનાહ(નું કામ) ચાલુ કરનારા પર તમામ ગુનાહ કરનારાઓનો અઝાબ રહેશે.**

૧૧. એટલે કે મો'મિન હોવાની ઓળખ કે જેનાથી હું સમજી શકુ કે હવે હું મો'મિન થઈ ગયો.

૧૨. સુબ્હાનલ્લાહ ! શું ઉમદા ઓળખ છે ! ત્રણ પ્રકારના લોકો છે : ૧. **ગાફિલ**, ૨. **આકિલ**, ૩. **કામિલ**. **ગાફિલ** તે કે જે ગુનાહો પર ખુશ થાય અને નેકી પર ગમગીન બને. જેમ કે કાફિર તથા અમુક ફાસિકો. **આકિલ** તે જે નેકીને સારી અને ગુનાહોને પોતાની બુદ્ધિથી બુરા જાણે, પણ અમલી રીતે બેપરવા હોય. **કામિલ** તે જેના કલ્બ (દિલ)નો રંગ બદલાઈ ગયો હોય. નેકી પર એવો ખુશ થાય જાણે બાદશાહત મળી ગઈ અને ગુનાહો પર એવો રંજમય બને જાણે સૌ માલ તથા ઔલાદ તબાહ થઈ ગયાં. આ આ'લા દરજ્જો છે. અલ્લાહ નસીબ કરે.

૧૩. એટલે કામિલ મો'મિનનું દિલ જ ગુનાહ તથા સવાબમાં ફરક કરી લે છે જેમ કે માણસનો નફ્સ માખી પચાવી નથી શક્તો, ઉલ્ટી કરી દે છે. એવી જ રીતે ઈમાની નફ્સ ગુનોહ સહન નથી કરતો. આ હદીષ તે લોકો માટે છે જેઓ આ સહાબી જેવા કામિલ મો'મિન હોય, આપણા જેવા ગુનેહગારો માટે નથી. આપણે તો ઘણીવાર બુરાઈઓને નેકીઓ સમજી બેસીએ છીએ.

# અઊઝુ બિરસૂલિલ્લાહ !

અઝ :હઝરત મૌલાના હસન આદમ કોલવનવી (લેન્કાસ્ટર, યુ.કે.)

હઝરત અબૂ મસ્ઊદ અન્સારી رضي الله عنه હુઝૂર صلى الله عليه وسلم ના સહાબી હતા. એક સમયે તેઓ પોતાના ગુલામને તેની કોઈ તકસીર (કુસૂર) બદલ શારીરિક સજા આપી રહ્યા હતા. (તે સમયમાં હજુ ગુલામીની પ્રથા નાબૂદ થઈ ન હતી) ગુલામ માર ખાતો હતો અને મોઢેથી **અઊઝુ બિલ્લાહ** (એટલે હું અલ્લાહની શરણાગતી ઈચ્છું છું) બોલતો હતો પણ પેલા સહાબીએ મારવાનું બંધ કર્યું નહીં. આખરે ગુલામના મોઢેથી શબ્દો સર્યા **અઊઝુ બિરસૂલિલ્લાહ અર્થાત** : હું અલ્લાહના રસૂલની શરણાગતી ઈચ્છું છું. હઝરત અબૂ મસ્ઊદે તરત જ મારવાનું બંધ કરી દીધું. તેમને પાછળથી એક દબદબાભર્યો અવાજ સંભળાયો; "અય અબૂ મસ્ઊદ ! તું આ ગુલામ પર જેટલી સત્તા ધરાવે છે તેનાથી અનેક ઘણી સત્તા અલ્લાહ તારા પર ધરાવે છે." તેમણે પાછળ દષ્ટિ કરી તો જોયું કે અલ્લાહના રસૂલ જાતે ઉભેલા છે. અબૂ મસ્ઊદ પોતાના કાર્ય બદલ શરમાયા અને વિનંતિ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم હું આ ગુલામને મારી ગુલામીમાંથી મુક્તિ આપું છું. અલ્લાહના રસૂલે એ બદલ પોતાની પ્રસન્નતા દર્શાવી.

અહીં એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ગુલામે જ્યારે **અઊઝુ બિલ્લાહ** બોલીને અલ્લાહ عزوجل ની શરણાગતી માંગી ત્યારે મારવાનું બંધ કર્યું નહીં અને **અઊઝુ બિરસૂલિલ્લાહ !** બોલીને રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ની શરણાગતી માંગી ત્યારે સજા આપવાનું બંધ કર્યું એવું શા માટે ?!

હદીષોનું વિવેચન કરનારા આલિમો કહે છે કે હઝરત અબૂ મસ્ઊદ ખૂબ જ ક્રોધાવેશમાં હોવાથી ગુલામના પ્રથમ શબ્દો સાંભળી શક્યા નહીં, પછી મારઝુડ કરવાના કારણે ક્રોધ થોડો ઠંડો પડયો એટલે પાછળના શબ્દો સાંભળી લીધા અને મારવાનું તરત જ બંધ કરી દીધું. ગમે તે કારણ હોય પણ અહીં એક વાત સ્પષ્ટ રીતે પુરવાર થાય છે તે એ કે તકલીફો, મુસીબતો, વ્યાધિઓ દીનની હોય કે દુનિયાની અલ્લાહના રસૂલ صلى الله عليه وسلم ની શરણાગતી સ્વીકારી લેવાથી ટળી જાય છે. અને જો **અઊઝુ બિરસૂલિલ્લાહ** બોલવું શરીઅતની દષ્ટિએ જાઈઝ ન હોત તો અલ્લાહના રસૂલ صلى الله عليه وسلم તરત જ ફર્માવી આપત કે આવું બોલી શકાય નહીં.

આ બનાવમાં બીજી એક નોંધપાત્ર બાબત એ છે કે જે સમયે ગુલામ શારીરિક પીડા ભોગવી રહ્યો હતો તે જ સમયે અલ્લાહના રસૂલ صلى الله عليه وسلم નું ત્યાં પહોંચવું સંજોગવસાત કે આકસ્મિત હતું. જાહેરી શબ્દોમાં રમનારાઓ અને ઉપલકીયા બુદ્ધિમાનો ભલે એવું માને પણ જેઓના હૃદયમાં રસૂલ પ્રેમનો મહાસાગર મોજાંઓ મારે છે તેઓ તો એવું જ કહે છે કે;

फ़रियाद उम्मती जो करे हाले ज़ार में
मुमकिन नहीं के ख़ैरे बशर को ख़बर न हो

અને જો કોઈ એવું કહે કે અલ્લાહના રસૂલ صلى الله عليه وسلم **અઊઝુ બિરસૂલિલ્લાહ**નો નારો સાંભળી ત્યાં પધાર્યા હતા એની દલીલ શું છે ?! તો સમાંતર રીતે અમે પણ તેમને પૂછીશું કે આકસ્મિત પધાર્યા હતા તેની દલીલ શું છે ?!

અલ્લાહ جل جلاله ના રસૂલ صلى الله عليه وسلم ઈચ્છત તો

પોતાના સહાબીને સીધે સીધો આદેશ આપી શક્યા હોત કે અય અબૂ મસ્ઊદ ! મારઝુડ કરો નહીં અથવા એવા બીજા શબ્દો વડે તેઓને અટકાવી શક્યા હોત. પણ એના બદલે આપે એક એવું વાક્ય ઉચ્ચાર્યું જેને સાંભળી સહાબીનું હૃદય કંપી ઉઠયું, અય અબૂ મસ્ઊદ ! તું આ ગુલામ પર જેટલી સત્તા ધરાવે છે તેનાથી અનેક ઘણી સત્તા અલ્લાહ તારા પર ધરાવે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અલ્લાહ તને તારી તકસીર (કુસૂર) બદલ જો આવી સજા કરનારના હવાલે નથી કરતો તો પછી તે મહાસત્તાધારી સામે તારી સત્તા શું વિસાતમાં છે જેના નશામાં ચકચૂર થઈ તું એને આવી સજા કરી રહ્યો છે ! સત્તા અને માલિકી હક્કનો દુરૂપયોગ ન કરનાર અલ્લાહના કાનૂનને અનુસરનાર છે અને એનો સાચો બંદો કહેવડાવવા લાયક છે. અબૂ મસ્ઊદ આ કથનના હાર્દને પામી ગયા અને તરત જ ગુલામ પરથી પોતાના માલિકી હક્કને ઉઠાવી લઈ તેને આઝાદ માણસ બનાવી દીધો. અલ્લાહના રસૂલ ﷺ ની ઈચ્છા માત્ર એટલી ન હતી કે ગુલામ મારમાંથી બચે પણ કહેવાનો આશય એ હતો કે એ ગુલામને આઝાદી પણ મળવી જોઈએ જેથી તેને આઝાદ કરવાનો સવાબ અબૂ મસ્ઊદને મળે અને એમનું એ કાર્ય પેલી કરેલી અતિશયોક્તિ (મારઝુડ)નો કફ્ફારો બની જાય. સુબ્હાનલ્લાહ ! નસીહત કરવાની રીત પણ કેટલી સુંદર છે જેનાથી ફાયદો માત્ર એકને નહીં પણ બંનેને મળ્યો. ગુલામને મક્તિ મળી જે તેના માટે એક નવું જીવન છે અને સહાબીને ગુલામ આઝાદ કરવાનો સવાબ મળ્યો અને કરેલી અતિશયોક્તિ પણ માફ થઈ. અલ્લાહ ﷻ ના રસૂલ ﷺ ને અલ્લાહ તઆલાએ ''જવામિઉલ કલીમ''નો મો'જિઝો આપ્યો છે એટલે કે થોડા શબ્દોમાં એવી વાત કહેવી કે બીજા માણસોને એ વાત કહેવા માટે ઘણા બધા શબ્દોનો આશરો લેવો પડે, અને છતાં તે ખૂબી જે રસૂલ ﷺ ની વાતમાં હોય છે તે બીજાની વાતમાં આવી શકે નહીં, કારણ કે નબુવ્વતની હૈબત અને દબદબો, વહીનું ઝરણુ જે નબી ﷺ ના હૃદયમાં ફૂટતું હોય છે તે બીજો માણસ ક્યાંથી લાવે ?

આજે ગુલામીની પ્રથા રહી નથી, ઈસ્લામે એ પ્રથાને નાબૂદ કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. પણ નોકર, ચાકર, ખાદિમ, આસિસ્ટન્ટ વિગેરે આજે પણ હોય છે અને જગત જાણે છે કે તેમના સાહેબો ઉપરી અધિકારીઓ વિગેરેની વર્તણૂંક તેઓ સાથે કેવી હોય છે, બલ્કે મજૂરી કરાવનારાઓની મજૂરો સાથેની વતર્ણૂક પણ જગજાહેર છે. ઉપરોક્ત બનાવમાં એ તમામ માટે સુંદર પાઠ છે તે એ કે તમારી ઉપર પણ કોઈ અધિકારી છે તેના પાસેથી તમે જેવા વર્તનની આશા ધરાવતા હોય તેવું જ વર્તન તમારા નીચેનાઓ સાથે કરો.

કરો મહેરબાની તુમ અહલે ઝમીં પર
ખુદા મહેરબાં હોગા અર્શે બરીં પર

અને સાથે જ આ ગુલામો નોકરો વિગેરે નીચેનાઓ માટે પણ સબક છે કે તમારા ઉપરીઓ જો તમારા પર અત્યાચાર ગુજારતા હોય કે ગેરવર્તન કરતા હોય તો ઉહાપોહ અથવા બગાવત કરવાના બદલે સબર અને ધીરજથી કામ લો, કારણ કે તમારી બગાવત અથવા ધમાલ મચાવવાથી તમારા ઉપરીઓનું હૃદય પરિવર્તન થવાનું નથી. હા ! તેઓનું હૃદય પરિવર્તન અલ્લાહ ﷻ ના હાથમાં છે એટલે તમે અલ્લાહના દરબારમાં તમારી મુશ્કેલીઓ રજૂ કરો, જો તેને મંઝૂર હશે તો તે તમારી વ્યાધિઓ દૂર કરશે, અને નહીં તો તમને સબર કરવાનો સવાબ તો મળશે જ. તેણે પોતે વાયદો આપેલો છે કે તે સબર કરનારાઓની સાથે છે.

ઉપરોક્ત કિસ્સામાં ત્રણ પાત્રો છે : એક અલ્લાહ ﷻ ના રસૂલ ﷺ , બીજા આપના એક સહાબી અને ત્રીજો ગુલામ. અલ્લાહના રસૂલ ﷺ

એટલે હાકિમ, સહાબી એટલે અમલદાર અને ગુલામ એટલે રૈયત (પ્રજા). હાકેમ પોતાના અમલદારના કાર્યોની તપાસ રાખે છે અને તેમને રૈયત પર અત્યાચાર કરવાથી અટકાવે છે. આજે ઈસ્લામની આ રાજ પદ્ધતિ કોઈ દેશ સ્વીકારી તે મુજબનો રાજ્ય વહિવટ દાખલ કરે તો દુનિયામાં ચારેકોર સુખાકારી દેખાવા લાગે અને જુલ્મનો નાશ થઈ જાય. એનાથી ઉલટુ આજના હાકિમો અને સત્તાધારીઓએ રૈયતને અમલદારોના હવાલે કરી દીધી છે અને એનું જે પરિણામ આવવું જોઈએ તે આપણે જોઈ રહ્યા છીએ કે ચારેકોર શોષણ અને અંધાધુંધી સિવાય અન્ય કશું જ નથી. હાકેમોને અમલદારો સામેની ફરિયાદો સાંભળવાનો સમય નથી, અમલદારો આ પરિસ્થિતિનો લાભ લઈ જેટલું શોષણ નાગરિકોનું કરી શકાતું હોય તેટલું કરી રહ્યા છે. અને નાગરિકો પણ પોતાના પરવરદિગાર તરફ કેન્દ્રિત થવાના બદલે ભ્રષ્ટાચારી સત્તાધારીઓની ખુશામદ કરવામાં મગ્ન હોય છે.

તરસમ ન રસી બકઅબા કે એઅરાબી
ઈં રહ કે તૂ મી રવી બતુર્કસ્તાનસ્ત

**અર્થાત** : હે ગામડિયા માણસ ! મને ભય છે કે તું કઅબા સુધી પહોંચી શકીશ નહીં, કારણ કે જે માર્ગે તું ચાલી રહ્યો છે તે તુર્કસ્તાન તરફ જઈ રહ્યો છે !


**શું તમને "બરકાતે ખ્વાજા" ગમ્યું ?!**

જો ખરેખર ઈસ્લામ તથા સુન્નિયતના માટે જંગ તથા જેહાદ કરતું આ માસિક **''બરકાતે ખ્વાજા''** આપને જણાતુ હોય તો કેવળ અને કેવળ દીનની, અલ્લાહ વ રસૂલની નિખાલસ મહોબ્બતને ખાતર વધુ નહીં **ત્રણ ત્રણ ગ્રાહકો** કરીને અમને મોકલી મઝહબે હક્કના ફેલાવા માટે સહકાર કરો. જઝાકલ્લાહ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

# એટલે "કાનૂને શરીઅત"


**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી


## અલ્લાહ તઆલાની કિતાબો

અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા પૈગંબરો ઉપર પોતાનાં કલામ (કિતાબો) ઉતાર્યાં. દા.ત. હઝરત મૂસા علیہ السلام પર તૌરાત ઉતારી, હઝરત દાઊદ علیہ السلام પર ઝબૂર ઉતારી, હઝરત ઈસા علیہ السلام પર ઈન્જીલ ઉતારી. બીજા નબીઓને સહીફા (નાની કિતાબો) આપ્યા. પરંતુ પાછળથી એ સૌ નબીઓની ઉમ્મતોએ એ કિતાબોમાં વધારો ઘટાડો કરી નાખ્યો અને અલ્લાહના કાનૂનોમાં મન ફાવતા ફેરફારો કરી નાખ્યા. અલ્લાહ તઆલાએ આપણા નબી હઝરત મુહમ્મદ صلی اللہ علیہ وسلم ઉપર કુર્આન મજીદ ઉતાર્યું. **કુર્આન મજીદ એવી કિતાબ છે કે એના જેવી કોઈ કિતાબ બનાવી શક્તું નથી, બલ્કે આખુ જગત મળી એ કોશિશ કરે કે એના જેવી એક આયત બનાવે તો તે પણ નહીં કરી શકે.** કુર્આનમાં તમામ ઈલ્મ અને તમામ ચીજોનું સ્પષ્ટ વર્ણન છે. આજે ચૌદસો વર્ષ થવા આવ્યાં તો પણ આજે જેમનું તેમજ કુર્આન છે જેવું કે હુઝૂર صلی اللہ علیہ وسلم પર ઉતર્યું હતું અને કયામત સુધી એમ જ રહેશે. તમામ જગત મળી એમાં એક અક્ષરનો ફેરફાર કરવા ચાહે તો પણ નહીં કરી શકે. કોઈ એમ કહે કે કુર્આનમાં વધારો ઘટાડો થયો છે અથવા અસલી કુર્આન ઈમામ ગાઈબની પાસે છે તે **કાફિર** છે.

આજે જે કુર્આન મજીદ છે તે જ અસલી કુર્આન છે. એના ઉપર ઈમાન લાવવું દરેક માણસે જરૂરી છે. હવે ન તો કોઈ નબી આવશે ન તો કોઈ અલ્લાહની કિતાબ આવશે. હઝરત મુહમ્મદ صلی اللہ علیہ وسلم છેલ્લા નબી છે એ જ રીતે કુર્આન મજીદ છેલ્લી આસમાની કિતાબ છે.

# શાબાનની ફઝીલત અને તેનું મહત્વ

અઝ : હાફેઝ મુહમ્મદ સરફરાઝ (ઘંટીવાલા) દયાદરવી *(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ્ અશરફિયહ્, મુબારકપુર)*

આમ તો શાબાન મહીનાની ફઝીલત શબે બરાત અને પંદરમી શાબાનના રોઝાની ફઝીલતથી જ સાફ અને જાહેર છે પરંતુ આ મુબારક મહીનાનું મહત્વ એ કારણે પણ વધી જાય છે કે આ મહીનો રમઝાન શરીફનો પડોશી છે અને આ મુબારક મહીનાનો ચાંદ હુઝૂર ﷺ ખાસ કરીને જોતા. જેથી નીચે થોડી હદીષો આ પરંપરાની વર્ણન કરવામાં આવે છે :—

ઉમ્મુલ મુ'મિનીન હઝરત સિદ્દીકા رضی اللہ عنہا થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ શાબાનની એ રીતે હિફાઝત કરતા કે એવી કોઈની ન કરતા, પછી રમઝાનનો ચાંદ જોઈને રોઝો રાખતા અને જો વાદળ હોય તો ત્રીસ દિવસ સંપૂર્ણ કરીને રોઝો રાખતા. *(અબૂ દાઊદ)*

**મસ્અલો** : પાંચ મહીનાઓનો ચાંદ જોવો **વાજિબે કિફાયા** છે : શાબાન, રમઝાન, શવ્વાલ, ઝીલ્કદ, ઝીલહજ્જ. શાબાનનો ચાંદ એટલા માટે કે રમઝાનના ચાંદ જોવા સમયે વાદળ હોય તો આ ત્રીસ સંપૂર્ણ કરીને રમઝાન શરૂ કરે અને રમઝાનનો ચાંદ રોઝો રાખવા માટે અને શવ્વાલનો ચાંદ રોઝો ખત્મ કરવા માટે અને ઝીલ્કદનો ઝીલહજ્જ માટે અને ઝીલહજ્જનો બકરા ઈદ માટે. *(ફતાવા રઝવિય્યા, બહારે શરીઅતના હવાલાથી, જિલ્દ–૫, પેજ–૧૦૬)*

**મસ્અલો** : જો શાબાનની ત્રીસમી તારીખના દિવસમાં ચાંદ જોયો તો એ દિવસ શાબાનનો છે, રમઝાનનો નથી, માટે આજનો રોઝો ફર્ઝ નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહારે શરીઅત, જિલ્દ–૫, પેજ–૧૧૦)*

## ★ શાબાનના રોઝાઓની ફઝીલત ★

શાબાન મહીનાના રોઝાની ફઝીલતમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ આ હદીષ નકલ કરે છે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :—

اَفْضَلُ الصَّوْمِ بَعْدَ رَمْضَانَ شَعْبَانُ لِتَعْظِیْمِ رَمْضَانَ۔

**અર્થાત** : "રમઝાન પછી સૌથી અફઝલ શાબાનના રોઝા છે રમઝાનની તા'ઝીમ માટે." *(ફતાવા રઝવિય્યા, જિલ્દ–૪, પેજ–૬૫૯)*

સહીહૈનમાં છે ઉમ્મુલ મુ'મિનીન હઝરત સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે : હુઝૂર ﷺ ને શાબાનથી વધારે કોઈ મહીનામાં રોઝા રાખતાં મેં નથી જોયા. એક રિવાયતમાં છે કે પૂરા શાબાનના રોઝા રાખતા અને કદી વધારે પડતા દિવસોના. *(મિશ્કાત શરીફ, પેજ–૧૭૮)*

## ★ શબે બરાતની ફઝીલત ★

પંદરમી શાબાન અને શબે બરાત એટલે કે પંદરમી શાબાનની રાતની હદીષોમાં ઘણી ફઝીલત છે. એમાંથી અમુકનું વર્ણન કરવામાં આવે છે :—

**(૧)** હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :—

"શાબાનની પંદરમી રાતમાં અલ્લાહ તબારક વ તઆલા તમામ મખ્લૂકની તરફ તજલ્લી ફર્માવે છે અને બધાને બખ્શી આપે છે પરંતુ કાફિર અને દુશ્મનીવાળાને." *(તિબ્રાની ઈબ્ને હબ્બાન)*

હુઝૂર સદરુશ્શરીઅહ આઝમી علیہ الرحمۃ والرضوان ઉપરોક્ત હદીષ નકલ કરીને ફર્માવે છે :—

"જે બે વ્યક્તિઓમાં દુનિયવી દુશ્મની હોય તો એ રાત (શબે બરાત) આવતા પહેલાં તેમણે જોઈએ કે પ્રત્યેક બીજાથી મળી જાય અને પ્રત્યેક બીજાની ભૂલો માફ કરી આપે એટલા માટે કે અલ્લાહ તઆલાની બખ્શિશ તેમને પણ મયસ્સર થાય. આ જ કારણે બિહમ્દિહી તઆલા અહીંયા

બરેલી શરીફમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ તરીકો નક્કી ફર્માવ્યો છે કે ૧૪ મી શાબાને રાત આવતા પહેલાં મુસલમાન આપસમાં મળે અને ભૂલચૂકો માફ કરાવે છે. જો પ્રત્યેક સ્થળના મુસલમાન પણ આવું કરે તો ઘણુ જ સારું કહેવાય." *(બહારે શરીઅત, જિલ્દ–૫, પેજ–૧૩૮)*

**(૨)** ઉમ્મુલ મુ'મિનીન હઝરત સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, મારી પાસે જિબ્રઈલ علیہ السلام આવ્યા અને કહ્યું આ શાબાનની પંદરમી રાત છે આમાં અલ્લાહ તબારક વ તઆલા એટલા પ્રમાણમાં ગુનેહગારોને જહન્નમથી આઝાદ ફર્માવે છે જેટલા પ્રમાણમાં બની કલ્બની બકરીઓના વાળ છે, પરંતુ કાફિર અને દુશ્મનીવાળા અને સંબંધ કાપવાવાળા અને કપડું લટકાવવાવાળા અને માં બાપની નાફર્માની કરવાવાળા અને શરાબ પર હમેશાં રહેવાવાળાની તરફ રહમતની નજર નથી ફર્માવતો. *(બયહકી)*

ઈમામ અહમદે ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી જે રિવાયત કરી એમાં કાતિલ (ખૂની)નું પણ વર્ણન છે.

**(૩)** બયહકીએ ઉમ્મુલ મુ'મિનીન હઝરત સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તબારક વ તઆલા શાબાનની પંદરમી રાતમાં તજલ્લી ફર્માવે છે. ઈસ્તિગફાર કરવાવાળાને બખ્શી આપે છે અને રહમત તલબ કરવાવાળા પર રહમ ફર્માવે છે અને દુશ્મની રાખવાવાળાને જે હાલત પર તેઓ છે તે જ હાલતમાં છોડી દે છે.

**(૪)** મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી મરવી છે નબીએ કરીમ ﷺ ફર્માવે છે, જ્યારે શાબાનની પંદરમી રાત આવી જાય તો રાતમાં કયામ કરો. (અર્થાત : તે રાત નમાઝ અને ઈબાદતમાં પસાર કરો) અને તેના દિવસમાં રોઝા રાખો કે અલ્લાહ તબારક વ તઆલા સૂરજના આથમવાથી દુનિયાના આસ્માન પર ખાસ તજલ્લી ફર્માવે છે કે :–

- ✪ **છે કોઈ માફી ચાહવાવાળો કે તેને બખ્શી આપું !**
- ✪ **છે કોઈ રોજી માંગવાવાળો કે તેને રોજી આપું !**
- ✪ **છે કોઈ મુસીબતનો માર્યો કે તેને રાહત આપું !**
- ✪ **છે કોઈ આવો ! છે કોઈ આવો !**

અને આ પ્રમાણે ત્યાં સુધી ફર્માવે છે કે ફજર તુલૂઅ થઈ જાય. *(ઈબ્ને માજહ, બહારે શરીઅત, જિલ્દ–૫, પેજ–૧૩૮)*

**(૫)** હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી મરવી છે તેઓ કહે છે કે એક રાત મેં હુઝૂર ﷺને ન પામ્યા તો જોયું કે તેઓ બકીઅ શરીફમાં હાજર છે. તો ફર્માવ્યું, શું તને હે આઈશા ! એવો વહેમ થયો કે મારા તરફથી તારી ઉપર થોડી સખ્તી થઈ ગઈ ?! મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં વહેમ કર્યો કે તમે બીજી પત્નીઓ પાસે તશરીફ લઈ ગયા છો. પછી ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તઆલા શાબાનની પંદરમી રાતમાં દુનિયાના આસ્માન પર તજલ્લી ફર્માવે છે કે પછી બની કલ્બની બકરીઓના અંકમાં લોકોને બખ્શી આપે છે. રિવાયત કરી આ હદીષને તિર્મિઝી અને ઈબ્ને માજાએ. અને ઈમામ રઝીને એટલો વધારો કર્યો છે કે તેઓની મગફેરત ફર્માવે છે જેઓ જહન્નમના હક્કદાર થઈ ગયા છે. *(મિશ્કાત શરીફ, પેજ–૧૧૪, પેજ–૧૧૫)*

**(૬)** હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી મરવી છે, તેઓ કહે છે કે રસૂલુલ્લાહ ﷺ એ પૂછયું, હે આઈશા ! આ રાતનું શું મહત્વ છે તું જાણે છે ?! એટલે કે શબે બરાત વિશે પૂછયું. હઝરત આઈશાએ અર્ઝ કરી, આની (શબે બરાતની) શું ફઝીલત છે ? હે અલ્લાહના રસૂલ ﷺ ! તો સરકારે દો આલમ ﷺ એ ફર્માવ્યું, આ વર્ષે જે બચ્ચાંઓ પૈદા થવાવાળાં હોય છે તેઓ આ જ રાતમાં લખી લેવામાં આવે છે અને આ જ રાતમાં

આ વર્ષે મરવાવાળાઓને પણ લખી લેવામાં આવે છે અને આ રાતમાં જ લોકોના અમલો હાજર કરવામાં આવે છે. (અર્થાત : ખુદાની બારગાહમાં લખીને હાજર કરવામાં આવે છે.) તો હઝરત સિદીકા رضی اللہ عنہا એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કોઈ નથી જે જન્નતમાં દાખિલ હોય પરંતુ અલ્લાહ તઆલાની રહમતથી ? હુઝૂરે ફર્માવ્યું, હા, કોઈ પણ અલ્લાહની રહમત વિના જન્નતમાં જશે નહીં. આ રીતે સરકારે ત્રણવાર ફર્માવ્યું. મેં અર્ઝ કરી, તમે પણ નહીં યા રસૂલલ્લાહ ﷺ ?! તો રસૂલુલ્લાહ ﷺ એ પોતાનો હાથ મુબારક માથા મુબારક પર રાખ્યો અને ફર્માવ્યું, હું પણ નહીં ! (અર્થાત : હું પણ અલ્લાહની રહમતનો મોહતાજ છું.) પરંતુ એ કે અલ્લાહ તઆલા પોતાની રહમતથી મને છુપાવી લે. સરકારે ﷺ આ શબ્દો પણ ત્રણવાર ફર્માવતા રહ્યા. *(બયહકીએ રિવાયત કરી, મિશ્કાત શરીફ, પેજ–૧૧૫)*

**(૭)** હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ થી મરવી છે : તેઓ રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરે છે કે સરકારે દો આલમ ﷺ એ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તબારક વ તઆલા પંદરમી શાબાનની રાત (શબે બરાત)માં પોતાની રહમતની તજલ્લી ફર્માવે છે તો પોતાની તમામ મખ્લૂકને બખ્શી આપે છે, મુશ્રિક અને ઈર્ષા કરવાવાળાની સિવાય. રિવાયત કરી એને ઈબ્ને માજાએ અને ઈમામ અહમદે એને હઝરત અબ્દુલ્લાહ બિન આસ رضی اللہ عنہ થી રિવાયત કરી અને આ જ રિવાયતમાં છે બધાંને બખ્શી આપે છે પરંતુ ઈર્ષા કરવાવાળા અને જાનથી મારી નાંખવાવાળાને. એટલે કે તેમને નથી બખ્શતો. *(મિશ્કાત શરીફ, પેજ–૧૧૫)*

## ★ શબે બરાતમાં રૂહોનું આવવું ★

ફતાવાએ ઈમામ નસફીના હવાલાથી ફતાવાએ રઝવિય્યામાં છે કે **મુસલમાનોની રૂહો પ્રત્યેક જુમ્આએ રાત અને દિવસમાં પોતાના ઘરે આવે છે અને દરવાજાની પાસે ઊભી રહીને દર્દભરી અવાજથી પુકારે છે કે, હે મારા ઘરવાળાઓ ! હે મારા બાલ બચ્ચાંઓ ! હે મારા પ્યારાઓ ! અમારા પર સદકાથી મહેરબાની કરી, અમોને યાદ કરો, ભૂલી ન જાઓ ! અમારી ગરીબીમાં દયા કરો !**

તેમજ ખઝાનતુરરિવાયાતમાં છે :–

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اِذَاكَانَ يَوْمُ عِيْدٍ اَوْيَوْمُ جُمُعَةٍ اَوْيَوْمُ عَاشُوْرَاءَ وَلَيْلَةُ النِّصْفِ مِنْ شَعْبَانَ تَأْتِىْ اَرْوَاحُ الْاَمْوَاتِ وَيَقُوْمُوْنَ عَلٰى اَبْوَابِ بُيُوْتِهِمْ فَيَقُوْلُوْنَ هَلْ مِنْ اَحَدٍ يَّذْكُرُنَا هَلْ مِنْ اَحَدٍ يَتَرَحَّمُ عَلَيْنَا هَلْ مِنْ اِحَدٍ يُذَكِّرُ غُرْبَتَنَا۔

**અર્થાત** : ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, જ્યારે ઈદ અથવા જુમ્આ અથવા આશૂરાનો દિવસ અથવા શબે બરાત હોય છે **મુડદાંઓની રૂહો પોતાના ઘરોના દરવાજા પર ઊભી રહે છે અને કહે છે, છે કોઈ જે અમોને યાદ કરે ! છે કોઈ જે અમારા ઉપર દયા કરે ! છે કોઈ જે અમારી ગરીબી યાદ અપાવે !** આવી જ રીતે કન્ઝુલઉબ્બાદમાં પણ "કિતાબુર્રવજહ" ઈમામે ઝંદવેસ્તીથી નકલ થયેલ છે. *(ફતાવા રઝવિય્યા, જિલ્દ–૪, પેજ–૨૩૩)*

વિશેષમાં શૈખુલ ઈસ્લામની કશ્ફુલ્ગતાઅના હવાલાથી લખે છે કે **મો'મિનની રૂહો પોતાના ઘરો પર આવે છે અને પ્રત્યેક જુમ્આની રાત અને ઈદના દિવસે અને આશૂરાના દિવસે અને શબે બરાતમાં પોતાના ઘરોની નિકટ ઊભી ઉદાસ થઈ અવાજ આપે છે કે, હે મારા ઘરવાળાઓ ! હે ફરઝંદો ! હે**

**સગાં સંબંધીઓ ! અમારા ઉપર સદકા કરીને મહેરબાની કરો !** *(અર્થ અને ખુલાસો ફતાવા રઝવિય્યાથી, જિલ્દ–૪, પેજ–૨૩૧)*

માટે આ મુબારક રાતો, દિવસો અને ખાસ કરીને શબે બરાતમાં પોતાના મર્હૂમોના તરફથી સદકા અને ઈસાલે સવાબ અને ફાતિહા બિલ્કુલ બરાબર અને જાઈઝ છે. મુસલમાનોમાં શબે બરાતના અવસર પર સદકા અને ખૈરાત અને ફાતિહાનો રિવાજ છે તે કેવળ રિવાજ નથી પરંતુ એના પાછળ દલીલો પણ છે.

## ★ શબે બરાતનો હલવો ★

શબે બરાતમાં હલવો બનાવવો ન તો ફર્ઝ અને સુન્નત છે અને ન તો હરામ અને નાજાઈઝ, પરંતુ હક્ક વાત એ છે કે શબે બરાતમાં બીજી બધી વાનગીઓની જેમ હલવો બનાવવો પણ એક મુબાહ અને જાઈઝ કાર્ય છે. જો આ નેક નિય્યતની સાથે કે આજે મુડદાંને સવાબ બખ્શવો છે, તેમના તરફથી સદકો કરવો છે તો સારું અને સ્વાદિષ્ટ ખાવા બનાવી ફકીરો અને મિસ્કીનો પર સદકો કરે અને પોતાના બાલ બચ્ચાંઓને પણ ખવડાવે તો આ સવાબનું કાર્ય છે. આ વસ્તુના બેહતર મુસ્તહબ હોવા પર કોઈને સંદેહ ન થવો જોઈએ કેમ કે સારી અને બેહતર વસ્તુ સદકો કરવાની કુર્આન અને હદીષમાં તાકીદ આવી છે અને એમાં સવાબ પણ વધારે છે કે ખાવાવાળા જેટલા પ્રમાણમાં ખુશ થશે એટલો જ સવાબ વધશે, અને મીઠી વસ્તુ પોતે સરકાર ﷺ ને પસંદ હતી.

બુખારી શરીફની રિવાયત છે :–

كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ يُحِبُّ الْعَسَلَ وَالْحَلْوَاءَ۔

**અર્થાત** : "હુઝૂરે અકદસ ﷺ હલવો અને મધ પસંદ ફર્માવતા હતા."

હઝરત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વીના કથનોમાં છે કે હિંદુસ્તાનમાં શબે બરાતમાં રોટલી અને હલવા પર ફાતિહા દેવડાવાનો રિવાજ છે અને સમરકંદ અને બુખારામાં કતલ્મા પર (જે એક મીઠી વાનગી છે). *(જન્નતી ઝેવર, પેજ–૧૩૨)*

ખુલાસો એ છે કે શબે બરાતનો હલવો હોય અથવા ઈદની સેવો, મોહર્રમનો ખીચડો હોય અથવા મલીદો, કેવળ એક રિવાજના તરીકા પર લોકો બનાવે છે કોઈ પણ એવો અકીદો નથી રાખતો કે આ ફર્ઝ, વાજિબ અથવા સુન્નત છે, જેથી એને નાજાઈઝ કહેવું કોઈપણ રીતે બરાબર નથી. અફસોસ છે કે આ વસ્તુ પર સવાલ કરવાવાળાઓ પોતે સાલ સાલ (વર્ષભર) ઈદ અને બકર ઈદમાં પાબંદીની સાથે સેવો બનાવી પોતે ખાઈ છે અને ખવડાવે પણ છે, ભેટમાં દોસ્તો અને સગાંસંબંધીઓની પાસે મોકલે છે જ્યારે કે એનો પણ કોઈ પુરાવો નથી આપી શકાતા. પછી એના પર બિદઅત અથવા નાજાઈઝ હોવાનો ફતવો કેમ નથી લગાડવામાં આવતો ?!

## ★ શબે બરાતમાં કરવાનાં કાર્યો ★

**(૧)** શબે બરાતમાં મુસલમાનોની કબરોની ઝિયારત કરો, તેમના માટે રહમત અને મગફેરતની દુઆ કરો, તેમના નામે ઈસાલે સવાબ કરો. **(૨)** શબે બરાતમાં સદકા અને ખૈરાતનો વધારો કરો. **(૩)** આ મુબારક રાતમાં જેમ બની શકે તેમ રાત જાગીને ઈબાદતમાં લાગેલા રહો. **(૪)** નફ્લ નમાઝ પઢો. **(૫)** જો કઝા નમાઝો બાકી છે તો તેને જ જેમ થઈ શકે તેમ અદા કરો. **(૬)** બની શકે તો સલાતુત્તસ્બીહ પઢો જે ઘણી ખૈરો બરકત અને રહમતનો વસીલો છે. **(૭)** નેક અને પરહેઝગાર મુસલમાનોને શોધીને તેઓ પર સદકા કરો, તેઓની આર્થિક મદદ કરો, પછી એનો સવાબ મર્હૂમોને બખ્શો તો આ ઘણો જ મહત્વનો ઈસાલે સવાબ છે. **(૮)** આપસમાં એકબીજાના હક્કો અદા કરો અથવા માફ કરાવો અને સુસ્તીઓની માફી ચાહો. **(૯)** આ મુબારક રાતમાં અલ્લાહના કલામ (કુર્આન)ની તિલાવત કરો, ઝિક્રની મહેફિલો સજાવો, દુરૂદ શરીફ

અને તસ્બીહોનો વધારો કરો. **(૧૦)** સૌથી મોટું કાર્ય અને સૌથી મહત્વની નેકી એ છે કે આ મુબારક રાતમાં પોતાના ગુનાહોથી ઈસ્તિગફાર કરો, સાચા દિલથી રડી રડીને ખુદાની બારગાહમાં માફી ચાહો કે રહીમ વ કરીમ રબની તરફથી આજે ખૂદ પુકાર થાય છે કે, આજે છે કોઈ માંગવાવાળો કે તેને અર્પણ કરું !

## ★ કબરોની ઝિયારત ★

કબરોની ઝિયારત માટે જવું સુન્નત છે. સરકારે દો આલમ ﷺ એ કબરોની ઝિયારત કરી છે અને હુકમ પણ આપ્યો છે અને તેના ફાયદાઓ તથા બરકતો ઉપર પણ પ્રકાશ નાખ્યો છે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہما થી મરવી છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

كُنْتُ نَهَيْتُكُمْ عَنْ زِيَارَةِ الْقُبُوْرِ فَزُوْرُوْهَا فَاِنَّهَا تُزَهِّدُ فِى الدُّنْيَا وَتُذَكِّرُ الْاٰخِرَةَ۔

**અર્થાત** : "મેં તમોને કબરોની ઝિયારતથી રોક્યા હતા, હવે કબરોની ઝિયારત કરો ! એટલા માટે કે તે દુનિયાથી દૂર કરે છે અને આખેરતને યાદ અપાવે છે." *(મિશ્કાત શરીફ, પેજ–૧૮૪, બાબે ઝિયારત)*

શારેહે મુસ્લિમ ઈમામ નવવી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે :–

وَاَجْمَعُوْا عَلٰى اَنَّ زِيَارَتَهَا سُنَّةٌ لَهُمْ وَهَلْ تُكْرَهُ لِلنِّسَاءِ وَجْهَانِ قَطَعَ الْاَكْثَرُوْنَ بِالْكَرَاهَةِ وَ مِنْهُمْ مَنْ قَالَ لَا يُكْرَهُ اِذَا اَمِنَتِ الْفِتْنَةُ۔

**અર્થાત** : "આ વાત પર એકમતિ છે કે કબરોની ઝિયારત મર્દો માટે સુન્નત છે, હવે રહી એ વાત કે શું ઔરતો માટે મકરૂહ છે ? તો એમાં બે કૌલ છે : વધારે પડતા આલિમોએ કરાહત (નાપસંદ હોવું)નો હુકમ આપ્યો છે. અને કેટલાકે ફર્માવ્યું કે મકરૂહ નથી, પરંતુ એ તે સમયે છે જ્યારે કે ફિત્નાનો ભય ન હોય." *(મિર્કાતુલ્મફાતીહ)*

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ફર્માવે છે:
ઔરતો માટે કબરોની ઝિયારત મના છે.

لَعَنَ اللّٰهُ زَائِرَاتِ الْقُبُوْرَ

**અર્થાત** : "અલ્લાહની લા'નત એ ઔરતો પર જેઓ કબરોની ઝિયારત માટે જાય છે."

કબરોની ઝિયારતનો તરીકો એ છે કે પગોવાળા ભાગની તરફથી જઈ મૈયતના મોઢાના સામે ઊભો રહે, માથાવાળા ભાગની તરફથી ન આવે કે તે મૈયત માટે તકલીફનું કારણ છે એટલે મેયતને પોતાનું ગળું ફેરવીને જોવું પડશે કે કોણ આવ્યું. *(બહારે શરીઅત, જિલ્દ–૪, પેજ–૧૬૧)*

કબરોની ઝિયારતના સમયે સલામ કરવાનો પણ હુકમ હદીષમાં આવ્યો છે. વિવિધ રિવાયતમાં અલગ અલગ શબ્દો આવ્યા છે. મિશ્કાત શરીફ કબરોની ઝિયારતના બાબમાંથી માત્ર એક સલામ નીચે નકલ કરવામાં આવે છે તેને યાદ કરીને પઢશો તો બેહતર છે :–

اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَهْلَ الْقُبُوْرِ يَغْفِرُ اللّٰهُ لَنَا وَلَكُمْ اَنْتُمْ سَلَفُنَا وَ نَحْنُ بِالْاَثَرِ۔ *–(તિર્મિઝી શરીફ)*

અલ્લાહ તબારક વ તઆલાથી દુઆ છે કે તમામ મુસલમાનોને આ મુબારક રાતમાં વધુમાં વધુ ઈબાદત કરવાની તૌફીક આપે, તમામ મુસલમાનોને આપસમાં મહોબ્બત અતા કરે, તૌબા વ ઈસ્તિગફાર કરવાની હિદાયત નસીબ કરે, તમામ મુસલમાનોની નેક અને જાઈઝ તમન્નાઓ પૂરી કરે. આમીન બિરહમતિક યા અરહમર્રાહિમીન.

તમામ વાંચકોથી મારી નમ્ર અપીલ છે કે આ મુબારક રાતમાં મારા માટે ખાસ દુઆ કરજો કે અલ્લાહ તઆલા મને ખુલૂસિયત અને લિલ્લાહિયતની સાથે ઈલ્મે દીન હાંસલ કરી દીનની ખિદમત કરવાની તૌફીક અર્પણ કરે.

# અદબનું મહત્વ

★ લેખક ★

ફકીહે અસર અલ્હાજ મૌલાના મુફ્તી મુહમ્મદ અમીન સાહબ ફૈસલાબાદી مد ظله العالى

★ અનુવાદક ★

મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી (સેગવા)

ઘણા જ અફસોસની વાત છે કે **નબી વલીની ગુસ્તાખી જ જેમના મઝહબનો પાયો છે તે વહાબી ફિર્કો જે અંગ્રેજ સાઝિશની ઉપજ છે** કે જેમણે આખા અરબસ્તાન પર ચાલતી **તુર્કી સુન્ની ઉષ્માનિયા હુકૂમત**ને તોડવા માટે વહાબી ફિર્કાને જન્મ આપ્યો. એવા આ ગુસ્તાખ ફિર્કાની મક્કા શરીફ તથા મદીના શરીફ જેવા પવિત્ર સ્થળોએ બળપૂર્વક જુલ્મી રીતે મેળવેલી રાજ્યસત્તા છે. અને આ ગુસ્તાખોની બેઅદબીઓ ગણત્રી બહારની છે જેને હાજી સાહેબાન તથા ઉમરામાં જનારા જોતા રહે છે.

મક્કા શરીફના હરમમાં હઝરત ઈબ્રાહીમ عليه السلام ના કદમ મુબારક પાસે પગારદાર માણસો સતત બોલતા રહે છે કે એને ચૂમશો નહીં ! એમ કરવું શિર્ક છે ! વગેરે.... અને અમે જોયું કે જ્યાં હુઝૂરે પાક ﷺ ની વિલાદત થઈ તે સ્થળે હિ.સ. ૧૪૨૩માં હજ્જના મોકા પર ઝિયારત માટે અમે પહોંચ્યા તો લગભગ સો ફૂટ દૂરથી ત્યાં ઉભેલો ભાડૂતી માણસ જેમ કોઈ ચોર આવે ને કેમ બૂમો પાડવામાં આવે તેમ અરબીમાં ચીસો પાડી પાડીને કહેવા લાગ્યો કે **અહીં ન આવો ! અહીં કાંઈ નથી ! અહીં દુઆ માંગવી શિર્ક છે !** વગેરે. એ ગાંડા જેમ ચીસો પાડતો રહ્યો તો અમે પણ પછી તો એને જલાવવા વધુને વધુ હાથોને ઉઠાવીને દુઆઓ કરતા રહ્યા, બંધ દરવાજાને ચૂમતા રહ્યા. શું જે સ્થળે કાયનાતના સરદાર ﷺ પેદા થયા તે બરકતવંત ન રહી ?! સફા મરવા પર સઈ કરવી ઈબાદત છે. કેમ ? એટલે કે ત્યાં એક નબીની બીવી અને નબીની માંએ દોડ લગાડી હતી. તો જ્યાં ખૂદ નબીઓના સરદાર ﷺ પેદા થયા તે જગામાં કોઈ જ બરકત નથી ! અને એ શિર્કની વ્યાખ્યામાં ક્યા આધારે આવશે ?! પણ ગુસ્તાખોને દલીલ પૂછતાં જવાબ નથી મળતો. "બસ ! હું કાંઈ ન જાણું ! આ શિર્ક છે !" એટલો જ જવાબ આપે છે.

ઓહદનો મુબારક પહાડ કે હદીષમાં છે, "હું ઓહદને ચાહુ છું ઓહદ મને ચાહે છે." જ્યાં જંગે ઓહદ થઈ હતી અને હઝરત હમ્ઝા તથા અન્ય શહીદોના મઝારો છે. જ્યાં બુલડોઝરોથી હાલ સપાટ જમીન કરી દેવામાં આવી છે. ત્યાં ઝિયારત માટે ગયા તો ભાડુતી પાકિસ્તાની મુલ્લાઓ કાગારોળ મચાવી રહ્યા હતા કે અહીં દુઆ માંગવી શિર્ક છે ! એઓ તો મરી ગયા, દુનિયામાંથી જતા રહ્યા, હવે એ કાંઈ કરી શક્તા નથી... વગેરે. તો હું બોલ્યો કે, યહાં ભી જલે હૈં વહાં ભી જલેગેં ! તો એક પાકિસ્તાનીએ મને કહ્યું, કોન ?! તો મેં કહ્યું, "નજદી !" તો બોલ્યો, "હટ ! તેરી કી !" તમને ઝિયારતમાં લુત્ફ જ ન આવે એવી કાગારોળ આ વહાબી કૂતરાઓ ત્યાં મચાવે છે. જન્નતુલ બકીઅમાં પેસતાં ત્યાં પણ એવો બકવાસ ચાલુ કરી દે છે.

અરે ! ખૂદ રોઝાએ રસૂલ પર પહેરો ભરનારા જાળી મુબારક પાસે રોઝાની પીઠ કરીને ઉભા રહે છે અને મુબારક સુતૂનો પર પીઠ ટેકવી, પગ ટેકવીને ઉભા રહી ગુસ્તાખી કરતા રહે છે એ તો સર્વે જોયું છે. અંતમાં એ જ દુઆ કે જે હુઝૂર મુફ્તીએ આ'ઝમ હઝરત મુસ્તફા રઝાખાં બરેલ્વી عليه الرحمة والرضوان એ કરી છે તે કરીએ કે :

તેરે હબીબ કા પ્યારા ચમન કિયા બર્બાદ
ઈલાહી નિકલે યે નજ્દી બલા મદીને સે

બા અદબ બા નસીબ બેઅદબ બેનસીબ. આ વિષયે **મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી**નો રજૂ કરેલ આ લેખ વાંચશો અને બાઅદબ બનવા કોશિશ કરશો. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## આંખોથી જોયેલાં દ્રશ્યો

ફકીર અબૂ સઈદ મુહમ્મદ અમીન (લેખક)ને હરમૈન તય્યેબૈન એટલે મક્કા અને મદીના (શરીફૈન)ની ઘણી વાર હાજરી નસીબ થઈ. ત્યાંના અમુક હાલાત જે જોવા મળ્યા તે લખવામાં આવે છે.

### ★ કુર્આનને પગ મારતો બેઅદબ ! ★

એક દિવસ હું ઝોહરની નમાઝ પઢી હરમે મક્કા (મસ્જિદે હરામ)માં બેઠો હતો. એટલામાં એક માણસ આવ્યો તો બીજો માણસ જે પહેલેથી ત્યાં બેઠો હતો તે ઉભો થઈ ગયો અને આવનારનું સ્વાગત કર્યું. પછી એ બંનેવ બેસી ગયા અને કુર્આન શરીફનો દોર ચાલુ કરી દીધો. હવે મને ખબર પડી કે આ લોકો કુર્આનના હાફિઝ છે. પઢતાં પઢતાં ભૂલ થઈ, એકે કહ્યું, આમ છે ! બીજાએ કહ્યું, આમ છે ! તો એ હાફિઝોએ કુર્આન મજીદ ઉઠાવ્યું અને જોયું તો ભૂલો સુધરી ગઈ પણ તેમણે પોતાની સહૂલત (આસાની) માટે કુર્આન પાકને રિયાલ પર મૂકી પોતાની પાસે મૂકી દીધું અને ફરી પઢવાનું ચાલુ કરી દીધું. ત્યાં એક માણસ જે કા'બા મુકર્રમહથી સામે પગ પહોળો કરી બેઠો હતો એ માણસ વારંવાર પોતાના પગનો અંગૂઠો કુર્આન શરીફની સાથે લગાડતો હતો. એટલે આમ તેમ કરતાં એનો પગ કુર્આન પાક સાથે લાગી જતો હતો. જો કે એ હાફિઝ સાહબ જોઈ રહ્યા હતા. જ્યારે બે ચાર વાર પેલા માણસે આવું કર્યુ તો મારાથી ન રહવાયું અને હાફેઝજીથી અરબીમાં પૂછયું, આ શું છે ?! એણે જવાબ આપ્યો : هذا کتاب رب العالمین એટલે આ અલ્લાહ રબ્બુલ આલમીનની કિતાબ છે. તો મેં કહ્યું, જો ! આ શું કરી રહ્યો છે ?! વારંવાર એ પોતાનો પગ કુર્આન મજીદ સાથે લગાડી રહ્યો છે ! ત્યારે પેલા હાફિઝે પેલા કમબખ્તને ધમકાવ્યો તો તેણે પગ પાછો કરી લીધો. نعوذ باللہ من ذالك

### ★ કુર્આન બુટ પર મૂકી દીધું ! ★

મસ્જિદે હરામમાં એક શખ્સ કુર્આન શરીફની તિલાવત કરતો હતો તેવામાં એ માણસને ઉંઘ આવી ગઈ તો તે બેઅદબે કુર્આન શરીફને પોતાના બુટ પર મૂકી દીધું અને સૂઈ ગયો ! જ્યારે કે કુર્આન અને બુટની વચ્ચે બીજી કોઈ વસ્તુ ન હતી. (معاذ اللہ)

### ★ કુર્આન તથા ચપ્પલ બેગમાં ભેગાં મૂક્યાં ! ★

ઈ.સ. ૧૯૭૨ નો પ્રસંગ છે. હું અને મારો ભત્રીજો હાજી ગુલામ સરવર મસ્જિદે નબવી શરીફમાં મગરિબની નમાઝ પહેલાં કાલીન (સફ) પર બેઠા હતા કે અચાનક બે અરબી અમારા આગળ આવીને બેસી ગયા, એમાં એકના હાથમાં નાનું બેગ હતું એને ખોલ્યું અને અંદર હાથ કરી હવાઈ ચપ્પલ કાઢયા અને સફ પર મૂકી દીધા. પહેલાં તો હું જોઈને ખુશ થયો કે આ કેટલો અદબવાળો છે ! પરંતુ જ્યારે બીજા વખતે બેગમાં હાથ નાખી નીચેથી કુર્આને પાક કાઢી તિલાવત ચાલુ કરી દીધી ! તો આ દશ્ય જોઈ મને ઘણુ દુ:ખ થયું કે આ કેટલો બેઅદબ છે કે બેગમાં કુર્આન શરીફ પણ મૂક્યું છે અને કુર્આનની ઉપર પોતાના ચપ્પલો ! فالی اللہ المشتکی

### ★ કુર્આન પરથી બુટ ચપ્પલ લઈ જવા ★

સામાન્યતઃ આવું જોવા મળ્યા કરે છે કે કુર્આન કબાટમાં મૂકેલું છે અને ત્યાંના રહેવાસીઓ ચપ્પલ બુટ કુર્આન શરીફની ઉપરથી લઈ જાય છે.

### ★ કુર્આન સાથે કબાટમાં બુટ ચપ્પલ ! ★

એ પણ જોવા મળ્યું કે કુર્આનના કબાટના સાથે બુટ ચપ્પલ મૂકી દે છે અને જરાય વિચારતા નથી. એમને કહેવામાં આવે તો જવાબ આપે છે કે એમાં શું થયું ! છેવટે એ પણ લાકડી જ છે. સવાલ એ છે

કે જો કોઈ વઝીર અથવા બાદશાહ બેઠો હોય અને કોઈ એની બાજુમાં બુટ ચપ્પલ મૂકી દે તો આ કાર્ય કોઈ કરી શકે ખરું ?! અગર નથી કરી શક્તા તો કુર્આન શરીફ જેને પબ્લિકની બોલીમાં બે જહાંનો બાદશાહ કહેવામાં આવે છે, તો એના સાથે બુટ મૂકી દેવા કેમ બેઅદબી ન ગણાય ?!

### ★ કા'બાની દિવાલ પર બુટ ચપ્પલ ! ★

આપણા બુઝુર્ગોની તા'લીમની અસર છે કે ખાનાએ કા'બાની તરફ પગ પહોળા કરી સૂવું બેઅદબી સમજવામાં આવે છે, જ્યારે કે અહીંયાથી હજારો કિલોમીટર દૂર ખાનાએ કા'બા છે. પરંતુ ત્યાં (મક્કામાં) બેઅદબી એટલે સુધી જોવા મળી કે હતીમે કા'બા જે ખાનાએ કા'બાની દીવાલ છે એના ઉપર બુટ મૂકે છે ! (العیاذ باللہ۔العیاذ باللہ)

### ★ બુટ ચપ્પલ હાથમાં પકડી જાળી મુબારક પાસે ઉભા થાય છે ! ★

સરકારે મદીના ﷺ ના રોઝાએ મુબારકની ઝિયારત માટે આવનારાઓમાં અમુકને જોયા જેઓ બુટ ચપ્પલ હાથમાં લઈ જાલીના પાસે ઉભા થાય છે. અલ્લાહ عزوجل આવા બેઅદબ લોકોને અદબની તૌફીક અતા ફર્માવે.

આ બધા પ્રસંગો જોઈ મેં (લેખકે) આ રિસાલો લખ્યો છ જેથી કરીને મારા મુસલમાનભાઈ અદબ શીખી અલ્લાહ عزوجل ને રાજી કરી શકે.

અલ્લાહ તઆલા બધાને અદબની તૌફીક આપે અને આપણે બેઅદબી કરી નેકીઓને બરબાદ કરીને દોઝખના હક્કદાર ન બની જઈએ.

واللہ تعالیٰ الھادی ونعم الوکیل ولا حول ولا قوۃ الا باللہ العلی العظیم وصل اللہ تعالیٰ علیٰ حبیبہ سید الانبیاء والمرسلین وعلیٰ الہ واصحابہ اجمعین۔

## અદબનું મહત્વ

بسم اللہ الرحمٰن الرحیم

نحمدک یامن ادب عبادہ المومنین وقال تعالیٰ لا ترفعوا اصواتکم فوق صوت النبی ولا تجھروا لہ بالقول کجھر بعضکم لبعض ان تحبط اعمالکم وانتم لا تشعرون وصلی اللہ تعالیٰ علی حبیبہ ورسولہ خیر خلق اللہ وسید المرسلین وعلیٰ الہ واصحابہ اجمعین۔

અદબ દીન છે. અદબ રાહે મુબીનનો ચિરાગ છે, અદબ રબ્બુલ આલમીનની રઝા છે, અદબ છે તો દીન છે, અદબ નથી તો કશું જ નથી.

મખ્દૂમુલ ઔલિયા સૈયદ મુહમ્મદ બહાઉદ્દીન શાહ નક્શબંદી બુખારી قدس سرہ એ ફર્માવ્યું :–

الطریق کلہ ادب **અર્થ** : "અદબ પૂરે પૂરો દીન છે."

સૈયદિના ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

الطریق کلہ ادب **અર્થ** : "અદબ સંપૂર્ણ રાહે હક્ક છે અને એ કહેવત મશહૂર છે કે કોઈ બેઅદબ અલ્લાહ તઆલા સુધી નથી પહોંચી શક્તો."

*(હાલાતે મશાઈખે નક્શબંદ, પેજ–૧૯૦)*

અલ્લાહ તઆલા આપણને બધાને બાઅદબ રાખે અને બેઅદબીથી બચાવે, એ જ હામી અને નાસિર છે અને તે જ કામ બનાવનાર છે. علیہ توکلت والیہ انیب

### ★ અદબની સાબિતી ★

જ્યારે સૈયદિના મૂસા કલીમુલ્લાહ علیہ السلام તૂર પહાડ પર જતી વખતે મુકદસ વાદી (તુવા)માં

પહોંચ્યા તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

فاخلع نعليك انك بالواد المقدس طوى۔

**અર્થ** : "હે મારા કલીમ ! પોતાના બુટ ઉતારી કાઢો એટલા માટે કે આ વાદીએ મુકદસ છે." અને જાહેર છે કે આ હુકમ વાદીના અદબ માટે આપવામાં આવ્યો હતો.

જલાલૈનના હાશિયામાં છે :–

طوىٰ اسم واد بالشام وامر بخلع النعلين لان الحفوة ادخل التواضع وحسن الادب ٥ *–(સૂરએ તાહા)*

તુવા એ સીરિયા દેશમાં એક વાદીનું નામ છે અને અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلام ને બુટ ઉતારવાનો હુકમ એટલા માટે આપ્યો કે બુટ ચપ્પલ પેહર્યા વિના ચાલવું તવાઝુઅ (આજીજી)માં દાખલ છે અને આ બહું સારો અદબ છે. અને તફસીરે ઝિયાઉલ કુર્આનમાં છે : "આ તુવાની મુકદસ વાદી છે, અદબ અને એહતેરામ ચાહે છે કે બુટ ચપ્પલ કાઢી નાખો."

કુર્આન મજીદમાં છે :–

یاایها الذین آمنوا لاترفعوا اصواتکم فوق صوت النبی ولا تجهروا له بالقول کجهر بعضکم لبعض ان تحبط اعمالکم وانتم لا تشعرون۔

"હે ઈમાનવાળાઓ ! પોતાના અવાજોને મારા નબીના અવાજથી ઊંચો ન કરો અને જોરથી ન બોલો જેવી રીતે તમે એક બીજાને બુમો પાડીને બોલાવો છો, ક્યાંક તમારા આમાલ (અમલો) આ બેઅદબીના કારણે બરબાદ થઈ જાય અને તમને ખબર પણ ન થાય !" *(સૂરએ હુજરાત, પા. ૨૬)*

તફસીરે ઝિયાઉલ કુર્આનમાં છે :–

"જો તમારાથી બુમો પાડવાની બેઅદબી થઈ જાય તો તેનો અંજામ એ થશે કે તમારા બધા આમાલ બરબાદ થઈ જશે."

કુર્આને પાકમાં છે :– وتعزروه وتوقروه "મારા હબીબની તા'ઝીમ અને તૌકીર કરો." (صلی اللہ علیہ وسلم)

## અદબ કરવાવાળા આવા હોય છે !

### ★ પોતાના ગુપ્તાંગ પ્રતિ કદી ન જોયું ! ★

હૈદરે કર્રાર હઝરત અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم એ પોતાના ગુપ્ત અંગો તરફ જોયું નથી કારણ કે આ આંખોથી જમાલે મુસ્તફા صلی اللہ علیہ وسلم ની ઝિયારત (દીદાર) કરતા હતા.

ولم یقع نظر علی رضی اللہ تعالیٰ عنہ الیٰ عورتہ حذرا من ان یراها بالعین التی یرای بها جمال رسول اللہ صلی اللہ علیہ وسلم ٥

*–(તફસીરે રૂહુલ બયાન)*

### ★ જમણો હાથ ગુપ્તાંગને કદી ન , U F0I M¦ ★

હઝરત ઉષ્માન ઝુન્નૂરૈન رضی اللہ عنہ એ જ્યારે રહમતે કાયનાત સૈયદે દો આલમ صلی اللہ علیہ وسلم ના હાથ મુબારક પર બૈઅત કરી તો કોઈ પણ દિવસ જમણા હાથને ગુપ્તાંગ સાથે લગાડયો નથી. કારણ કે આ હાથ નબી صلی اللہ علیہ وسلم ના હાથ મુબારક સાથે સ્પર્શી ગયો છે. અને આ બધું અદબ માટે જ હતું.

### ★ નબીનું ઝિક સાંભળતાં રંગ બદલાઈ જતો ! ★

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ જ્યારે નબીએ અકરમ صلی اللہ علیہ وسلم નો ઝિક્રે પાક કરતા અથવા ઈમામ

સાહબ પાસે ઝિક્ર કરવામાં આવતો તો આપનો રંગ બદલાઈ જતો ! અને આપ (ઈમામ) ઝુકી જતા. એક દિવસ કોઈએ પૂછયું, તમે આવું કેમ કરો છો ? ફર્માવ્યું : لو رأیتم ما رأیت لما انکرتم જે હું જોઈ રહ્યો છું જો તમે જુઓ તો તમે કદી ઈન્કાર ન કરો. *(શિફા શરીફ)*

## ★ કદી વુઝૂ વિના હદીષ ન કહી ★

હઝરત ઈમામ જા'ફર સાદિક رضی اللہ عنہ ના પાસે જ્યારે હુઝૂર પુરનૂર ﷺ નો ઝિક્ર મુબારક થતો તો આપનો રંગ પીળો થઈ જતો તથા ઈમામ જા'ફરે કદી પણ વુઝૂ વગર હદીષે પાક બયાન ન કરી. *(શિફા શરીફ)*

## ★ હુઝૂરના ઝિક્રની અજબની અસર ★

હઝરત અબ્દુર્રહમાન બિન કાસિમ رضی اللہ عنہ જ્યારે આપ ﷺ નો ઝિક્ર કરતા તો એવું લાગતું કે આપના બદનનું ખૂન નીચોડી લેવામાં આવ્યું છે. *(શિફા શરીફ)*

## ★ ઉભા ઉભા હદીષે પાક સાંભળવું નાપસંદ ! ★

હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ જ્યારે મોહદ્દિષ ઈબ્ને હાઝિમ رحمۃ اللہ علیہ ની ખિદમતમાં આવતા અને ઈબ્ને હાઝિમ હદીષે પાક બયાન ફર્માવી રહ્યા હોય તો જો બેસવાની જગ્યા ન હોય તો ઈમામ માલિક આગળ વધી જતા. પૂછવા પર જવાબ આપતા કે બેસવાની જગ્યા ન હતી અને હું ઉભો ઉભો હદીષે પાક સાંભળવું પસંદ નથી કરતો.

## ★ ઈમામ માલિક અને હદીષનો અદબ ★

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ની ખિદમતમાં જ્યારે પણ કોઈ આવતો તો આપ ખાદિમાને મોકલતા કે જાવ ! પૂછો કોઈ મસ્અલો પૂછવો છે અથવા હદીષે પાક સાંભળવી છે ? જો આવનાર કહેતો કે મસાઈલ પૂછવા છે તો આપ મકાનથી બાહર આવી મસાઈલ બતાવી આપતા. અને જો આવનાર કહેતો કે હું હદીષ સાંભળવા આવ્યો છું. તો આપ ગુસ્લ કરતા, ખુશ્બુ લગાડતા, લિબાસ બદલતા, જુબ્બો પહેરતા, અમામા શરીફ બાંધતા પછી બહાર તશ્રીફ લાવતા અને આપના માટે તખ્ત લગાડવામાં આવતો. આપ તખ્ત પર બેસી હદીષે પાક બયાન કરતા. અને જ્યાં સુધી હદીષે પાક બયાન કરતા ત્યાં સુધી અગરબત્તી સળગતી. અને એ તખ્ત પર હદીષે પાક બયાન કરવા સિવાય ન બેસતા, જ્યારે આપથી સવાલ કરવામાં આવતો કે આપ આટલો બધો એહતેમામ (કાળજી) શું કામ કરો છો ? તો ફર્માવતા, આ બધું હદીષે પાકની તા'ઝીમ માટે છે. *(શિફા શરીફ)*

દુઆ છે કે અલ્લાહ તઆલા આવા નેક હઝરાત પર જેઓ આપણને અદબનો સબક શીખવાડી ગયા હજારો રહમતો નાઝિલ ફર્માવે અને એમની કબ્રોને જન્નતનો બાગ બનાવે. (આમીન)

## ★ વીંછીએ સોળ ડંખ માર્યા પણ... ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہ એ બયાન ફર્માવ્યું :–

એક દિવસ હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ હદીષે પાક પઢાવતા હતા, પાછળથી વીંછીએ ડંખ માર્યો જેનાથી આપનો રંગ બદલાયો પરંતુ હદીષે પાક પઢાવતા રહ્યા, એટલે સુધી કે વીંછીએ ૧૬ વખત આપને ડંખ માર્યા તો પણ આપ હદીષ શરીફ પઢાવતા રહ્યા અને જ્યારે ફારિગ થયા તો મેં અર્ઝ કરી, હુઝૂર ! જ્યારે તમે હદીષે પાક પઢાવતા હતા તો આપનો રંગ બદલાઈ ગયો હતો, એનું શું કારણ છે ?! તો ઈમામ માલિકે رضی اللہ عنہ જ્યારે હદીષ પઢાવતો હતો ત્યારે વીંછીએ ડંખ માર્યો પણ મેં અદબના કારણે ધ્યાન ન આપ્યું. વીંછી ડંખ મારતો

રહ્યો તેણે સોળ ડંખ માર્યા અને જાતે જ પાછો ફરી ગયો અને હું હદીષ બયાન કરતો રહ્યો. *(શિફા શરીફ)*

### ★ ચાલતાં ચાલતાં હદીષ પૂછવા પર નારાજ ! ★

હઝરત ઈબ્ને મેહદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એક દિવસ હું ઈમામ માલિક સાથે વાદીએ અકીકની તરફ જઈ રહ્યો હતો તો મેં ચાલતાં ચાલતાં એક હદીષે પાક પૂછી. તો આપે મને ધમકાવ્યો અને ફર્માવ્યું, હું તો તને બહુ બાઅદબ જાણતો હતો અને તેં ચાલતાં ચાલતાં હદીષે પાક પૂછી છે ! (આવું કદી ન થવું જોઈએ)

### ★ એને જેલમાં કરી દો ! ★

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ને કાઝી જરીરે ઉભા ઉભા હદીષે પાકના વિશે સવાલ કર્યો તો આપે ફર્માવ્યું, એને જેલમાં કરી દો ! અર્ઝ કરી, હુઝૂર ! આ તો કાઝી સાહબ છે ! આ સાંભળી ફર્માવ્યું, એટલા માટે તો જેલમાં કરવાનો હુકમ આપ્યો છે કે કાઝી થઈને એણે અદબ કેમ ન કર્યો ?! એણે ઉભા ઉભા હુઝૂર પુરનૂર ﷺ ની હદીષે પાકના વિશે કેમ સવાલ કર્યો ?! *(શિફા શરીફ)*

### ★ ઉભા ઉભા હદીષ પૂછતાં ૨૦ કોરડા માર્યા ! ★

હેશામ ઈબ્ને ગાઝીએ ઈમામ માલિક رضی اللہ عنہ ને ઉભા ઉભા હદીષે પાક પૂછી તો આપે હેશામને વીસ (૨૦) કોરડા માર્યા અને પછી એમના પર મહેરબાની ફર્માવીને ૨૦ હદીષે પાક સંભળાવી. હદીષો સાંભળીને હેશામે કહ્યું કે, ઈમામ માલિક મને વધારે કોરડા મારતા અને વધારે હદીષો સંભળાવતા તો સારું થાત ! *(શિફા શરીફ)*

અલ્લાહ તઆલા હજારો રહમતો નાઝિલ ફર્માવે આવા નેક લોકોની કબ્રો પર જેઓ આપણને અદબનો રસ્તો બતાવી ગયા.

### ★ બિસ્તર પાક ! બાપ નાપાક ! ★

ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે હબીબા رضی اللہ عنہا મદીના મુનવ્વરામાં રહેતાં હતાં, એમના વાલિદ અબૂ સુફયાને જ્યારે ઈસ્લામ કબૂલ ન કર્યો હતો ત્યારે મક્કા શરીફથી મદીના શરીફ પહોંચ્યા અને જ્યારે તે પોતાની પુત્રી ઉમ્મે હબીબાની મુલાકાત માટે એમના ઘરે ગયા તો ત્યાં એક બિસ્તર પાંથરેલો હતો એના પર બેસવા લાગ્યા, તો તેમની પુત્રી ઉમ્મે હબીબાએ તે બિસ્તર ઉઠાવી લીધો. બાપને આશ્ચર્ય થયું કે બિસ્તર પાંથરેલો હતો તેને કેમ ઉઠાવી લીધો ?! થવું તો એવું જોઈએ કે મારા માટે સારામાં સારો બિસ્તર પાંથરવામાં આવતો ! બાપે આશ્ચર્યમાં ડૂબીને પૂછયું, બેટી ! તું એટલું બતાવ કે હું આ બિસ્તરના લાયક નથી કે આ બિસ્તર મારા લાયક નથી ?! પુત્રીએ જવાબ આપ્યો, હે બાપ ! આ બિસ્તર અલ્લાહ તઆલાના પ્યારા હબીબ ﷺ નો છે અને તમે મુશ્રિક છો એટલે હું તમને કેવી રીતે આ બિસ્તર પર બેસાડી શકું છું ?!

આપને આ સાંભળી તકલીફ થઈ પરંતુ ઉમ્મે હબીબા رضی اللہ عنہا એ આ તકલીફની કોઈ પરવા ન કરી અને અદબ તથા અઝમતે રસૂલ, તા'ઝીમે રસૂલ ﷺ ની પરવા કરી જે તેમના દિલમાં હતી. *(તબ્કાત બહવાલા હિકાયતે સહાબા)*

### ★ બાલ મુબારકની અદબનો પ્રસંગ ★

હઝરત ખાલિદ ઈબ્ને વલીદ સહાબીની رضی اللہ عنہ ટોપીમાં રહમતે કાયનાત સૈયદુલ આલમીન ﷺ ના વાળ મુબારક સીવેલા હતા. જંગના દરમ્યાન જ્યારે હઝરત ખાલિદ સેનાપતિ હતા અને ખતરનાક જંગ ચાલી રહી હતી એ દરમ્યાન આપની એ ટોપી પડી ગઈ. આપે સખ્ત તકલીફ કરી અને ટોપી તલાશ કરી ઉઠાવી લીધી. એટલામાં ઘણા ઈસ્લામી મુજાહિદો શહીદ થઈ ગયા, જંગ પૂરી થઈ તો

લોકોએ સવાલ કર્યો કે તમે આવું શા માટે કર્યું જેના લીધે કેટલાક મુજાહિદો શહીદ થઈ ગયા ?! આ સાંભળી હઝરત ખાલિદ ઈબ્ને વલીદે ફર્માવ્યું, મેં કેવળ ટોપીના લીધે આવું નથી કર્યું, મેં આ કાર્ય વાળ મુબારકની અદબને લીધે કર્યું છે કે જે મારી ટોપીમાં સીવેલા હતા. *(શિફા શરીફ, નસીમુર્રિયાઝ)*

**સબક** : આ પરથી સહાબાએ કિરામ એવો સબક આપી ગયા છે કે અદબના રસ્તામાં ન તો બાપની પરવા થાય છે ન જાનની અને ન ઈજ્જત આબરૂની પરવા કરવામાં આવે છે.

## ★ માથાના આગળના વાળ કદી ન કપાવ્યા ! ★

હઝરત અબૂ મહઝૂરહ્ સહાબી رضی اللہ عنہ ના માથાના આગલા ભાગમાં વાળોનો એક ગુચ્છો હતો. બેસીને જો એને ખોલતા તો જમીન સુધી વાળ પહોંચી જતા. અર્ઝ કરવામાં આવ્યું કે તમે આ વાળોને સાફ કેમ કરાવી દેતા નથી ?! આ સાંભળીને આપે ફર્માવ્યું, આ તે વાળ છે જેને રહમતે કાયનાત ﷺ ના હાથ મુબારક લાગ્યા છે એટલા માટે હું તેને સાફ કરવાનું માન્ય નથી કરતો ! *(શિફા શરીફ, સીરતે રસૂલ અરબી)*

## ★ હુઝૂર ﷺ એ જેમાં ખાધુ તે પ્યાલાની અદબ ! ★

હઝરતે ખદાશ رضی اللہ عنہ એ એક દિવસ રસૂલે અકરમ ﷺ ને એક પ્યાલામાં ખાણુ ખાતા જોયા તો હઝરત ખદાશે તે પ્યાલાને તબર્રુકના રૂપે લઈ લીધો અને જયારે હઝરત ઉમર رضی اللہ عنہ એમના ઘરે તશરીફ લઈ જતા તો એમનાથી હઝરત ઉમર તે જ પ્યાલો તલબ કરતા અને તેમાં ઝમઝમ શરીફનું પાણી નાખી પીતા અને પોતાના મોઢા પર લગાડતા. *(સીરતે રસૂલ અરબી)*

## ★ હુઝૂર ﷺ એ પાણી પીધેલ પ્યાલો આઠ લાખમાં લીધો ! ★

હઝરત અનસ સહાબી رضی اللہ عنہ ના પાસે એક લાકડીનો પ્યાલો હતો. જેમાં ઘણા વખત તાજદારે મદીના ﷺ એ પાણી પીધુ હતું. તે પ્યાલો હઝરત અનસના વિસાલ બાદ વારસામાં કોઈને મળ્યો. ત્યાર બાદ કોઈ મહોબ્બતવાળાએ તે પ્યાલાને આઠ લાખ દિરહમમાં વેચાતો લઈ લીધો કારણ કે તે પ્યાલાને હુઝૂર ﷺ ના હોઠ મુબારક લાગ્યા હતા. *(શર્હે શમાઈલ બહવાલા સીરતે રસૂલે અરબી)*

## ★ હુઝૂર ﷺ એ આપેલ ચાદર ૨૦ હજાર દિરહમમાં ★

જયારે અરબી શાઈર હઝરત કઅબ ઈબ્ને ઝુહેર ઈમાન લાવ્યા અને કસીદા બાનાત સુઆદ હુઝૂરની ખિદમતમાં પઢયો અને જયારે હઝરત કઅબ رضی اللہ عنہ એ આ શેઅર પઢયો :–

ان الرسول لنور یستفاد بہ
مہند من سیوف اللہ مسلول

તો વાલીએ ઉમ્મત ﷺ એ પોતાની ચાદર મુબારક હઝરત કઅબને અતા ફર્માવી. પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ એ દસ ૧૦ હજાર દિરહમમાં તે ચાદર મુબારક વેચાતી લેવા માંગી તો હઝરત કઅબ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું આ ચાદર મુબારક કોઈને પણ આપીશ નહીં ! ત્યારબાદ હઝરત કઅબના વિસાલ પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ એ તેમના વારસો પાસેથી વીસ ૨૦ હજાર દિહરમમાં એ ચાદર મુબારક ખરીદી લીધી. *(શર્હે કસીદા બાનત સઆદ બ હવાલા સીરતે રસૂલે અરબી)*

## ★ લાકડીમાંથી તલ્વાર બની ગઈ ! ★

જંગે ઓહદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જહશ رضی اللہ عنہ ની તલ્વાર તૂટી ગઈ તો જાને જહાં رضی اللہ عنہ

એ એમને ખજૂરની એક લાકડી પકડાવી આપી અને તે તલ્વાર બની ગઈ. તે તલ્વાર હઝરત અબ્દુલ્લાહના ખાનદાનમાં રહી અને એમના વારસો પાસેથી બગા તુર્કીએ બસો દીનારમાં વેચાતી લઈ લીધી. *(ઝુર્કાની, શરહે મવાહિબે લદુન્નિયા બહવાલા સીરતે રસૂલે અરબી)*

## ★ ખાટલી ચાર હજાર દિરહમમાં ★

હઝરત સઅદ ઈબ્ને ઝરારા رضی اللہ عنہ એ હુઝૂર ﷺ ની ખિદમતમાં એક ચારપાઈ (ખાટલી) તોહફામાં પેશ કરી જેના પર નબીએ અકરમ ﷺ આરામ ફર્માવતા હતા. તે ખાટલી તબર્રુક રૂપે એકબીજા પાસે જતી રહી. તેને અબ્દુલ્લાહ ઈબ્ને ઈસ્હાક رضی اللہ عنہ એ ચાર હજાર દિરહમમાં ખરીદી. *(ઝુર્કાની)*

## ★ હુઝૂરે પકડેલી કમાન વુઝૂ વિના કદી ન પકડી ! ★

ગાઝી અહમદ ઈબ્ને ફઝલુવિય્યહ્ رحمۃ اللہ علیہ એ જ્યારે આ સાંભળ્યું કે રહમતે દો આલમ ﷺ એ કમાન હાથ લીધી તો તે જ દિવસથી ગાઝી અહમદ رحمۃ اللہ علیہ એ અદબના લીધે કદી બેવુઝૂ કમાનને હાથ લગાડયો.

આ બધા પ્રસંગો સંપૂર્ણ અદબના કરિશ્મા છે. અલ્લાહ તઆલા આપણને અદબની તૌફીક અતા ફર્માવે. (આમીન)

## ★ મસ્જિદે નબવીનું બાંધકામ અને અદબનો લેહાઝ ★

તુર્કી હુકૂમતે જ્યારે મસ્જિદે નબવી ﷺ ના બાંધકામનો પ્લાન બનાવ્યો તો ઈસ્લામી દેશોમાંથી અમુક ખાનદાનોને બોલાવ્યાં અને તેમના માટે કુસ્તુન્તુન્યા પાસે એક શહેર વસાવ્યું અને તુર્કી હુકૂમતે એ બધા જ ખાનદાનોનો ખર્ચો પોતાના ઉપર લીધો. તે ખાનદાનોમાંથી એક એક છોકરાને લઈ કુર્આનના હાફિઝ બનાવ્યા. તેમને બાંધકામનો હુન્નર શીખવાડયો. આવું કરવામાં તુર્કી હુકૂમતે પચ્ચીસ (૨૫) વરસો સુધી એ પાંચસો ખાનદાનનો ખર્ચો વેઠયો. પચ્ચીસ વર્ષો બાદ તે નવજવાનો બાંધકામના માહિર, આલિમ, ફાઝિલ અને કુર્આને પાકના હાફિઝ બની ગયા, તો એમને મસ્જિદે નબવીના બાંધકામમાં લગાડયા. અને મદીનાથી બહાર પથ્થર તોડવાનું કારખાનુ બનાવી દીધું. આ કારખાનાને મદીના શરીફથી બહાર બનાવવાનું કારણ એ હતું કે હુઝૂર ﷺ ને પથ્થર તોડવાના અવાજથી તકલીફ ન થાય. અને હાફિઝોને હુકમ આપ્યો કે પથ્થર તૈયાર કરી મસ્જિદ શરીફમાં લઈ જાવ ત્યાં બે પથ્થર મિલાવી થાંભલા બનાવવામાં આવે. જો બે પથ્થરોમાં થોડો પણ ફર્ક થઈ જાય તો લાકડીના હથોડા પર કાપડ લપેટી એવી રીતે મારે કે અવાજ પૈદા ન થાય. જો બે પથ્થરોમાં વધારે ફર્ક હોય તો તેને ફરી કારખાનામાં લાવી સહીહ કરો. હુઝૂર ﷺ ના રોઝા પાસે પથ્થરોને સહીહ કરવાની ઈજાઝત નથી ! આ બધા આદેશો એટલા માટે હતા કે હુઝૂર ﷺ ને તકલીફ ન પહોંચે. બાંધકામ કરનારાઓને હુકમ હતો કે આ બધાં જ કામ બાવુઝૂ કરવામાં આવે અને કામ કરતી વખતે કુર્આન મજીદની તિલાવત ચાલુ રહે. તે નવજુવાનોએ પંદર વર્ષોમાં મસ્જિદે નબવીનું બાંધકામ પૂરું કર્યું. સાથે સાથે એ બધા જ પથ્થરો તુર્કી હુકૂમતે જે મસ્જિદમાં લગાડવામાં આવ્યા તે જેવા તેવા પહાડોથી ન લીધા હતા.

## ★ પાછા ફરતાં કબ્રની પીઠ ન કરતા ! ★

હઝરત ખ્વાજા અબુલ હસન رضی اللہ عنہ જ્યારે હઝરત બાયઝીદ બુસ્તામી رضی اللہ عنہ ની કબ્ર મુબારકની ઝિયારત કરી પાછા ફરતા તો રસ્તામાં કોઈ પણ જગ્યાએ હઝરત બુસ્તામીની કબ્ર મુબારક તરફ પીઠ ન કરતા. *(તઝકેરએ મશાઈખે નક્શબંદ, પેજ–૫૮)*

# મુંબઈમાં સુન્ની દા'વતે ઈસ્લામીના આયોજન હેઠળ

## અલ્ જામિઅતુલ અશ્રફિયાના

# ૧૧ મા ફિકહી સેમીનારના ફેંસલાઓ

**અઝ : મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**

*(સદર મુફ્તી : અલજામિઅતુલ અશ્રફિયહ્–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)* **-કાર્યાલય**

**અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં ઉલમાએ એહલે સુન્નતની ઉમ્રમાં, ઈલ્મમાં, તંદુરસ્તીમાં બરકત આપે અને તાદેર તેઓનો સાયો આપણા ઉપર રાખે. દરેક દૌરમાં ઉલમાએ કિરામે ઉમ્મતે મુસ્લિમાને ગુમરાહીઓથી તથા ગુંચવણોમાં અટવાતી રોકવા જે તે સમયે ઉપસ્થિત થતા મસ્અલાઓની કુર્આન, હદીષ, ઉલમાના અકવાલ તથા કિયાસ (શરઈ દલીલો) થકી ભરપુર કોશિશો કરી છે. આજે પણ અલ્હમ્દુલિલ્લાહ ! એ જ ઉલમાની જમાઅત કૌમને ભટકવાથી બચાવી રહી છે. કાશ ! કે મુસલમાનો તેમની કદર કરે તેમની કદરને સમજે.**

**મુંબઈ ખાતે "સુન્ની દા'વતે ઈસ્લામી"ના આયોજન હેઠળ "જામિઆ અશ્રફિયા-મુબારકપુર" થકી જમા. અવ્વલ ૧૮, ૧૯, ૨૦ હિ.સ. ૧૪૨૬ (૨૯, ૩૦, ૩૧ જુલાઈ-૨૦૦૫)ના દિવસોમાં અહલે સુન્નતના મહાન ઉલમા તથા મુફ્તીઓએ ફિકહી સેમીનારમાં એકત્ર થઈને ઉમ્મતના પાંચ સળગતા પ્રશ્નો હલ કર્યા તેના ફેંસલાઓ નીચેના લખાણમાં વાંચો અને ફયૂઝયાબ થાવ. આ સેમીનારમાં હાજર તો ઘણા ઉલમા હતા એમાંથી અમુક ટોચની હસ્તીઓનાં નામો આ પ્રમાણે છે :**

- ✪ તાજુશ્શરીઅહ **હઝરત અલ્લામા મુફ્તી અખ્તર રઝાખાં અઝહરી**–બરેલી શરીફ (હઝરત પોતાની બીમાર સ્થિતિ તેમજ સમયના અભાવે શરીક ન થઈ શક્યા. હઝરત અલ્લામા મુફ્તી કાઝી અબ્દુર્રહીમ સાહબ સાથે આપનો મકાલો મળ્યો.)
- ✪ **હઝરત અલ્લામા મુફ્તી કાઝી અબ્દુર્રહીમ સાહબ**–*મુફ્તી મર્કઝી દારુલ ઈફ્તા–બરેલી શરીફ*
- ✪ **અઝીઝે મિલ્લત હઝરત અલ્લામા અબ્દુલ હફીઝ સાહબ**–*સરપરસ્ત મજલિસે શરઈ વ સરબરાહે આ'લા જામિઆ અશ્રફિયા*
- ✪ **ઉમ્મદતુલ મુહક્કિકીન હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી**–*શૈખુલ જામિઆ વ સદર મજલિસે શરઈ જામિઆ અશ્રફિયા*
- ✪ **હઝરત અલ્લામા અબ્દુલ્લાહખાં અઝીઝી મિસ્બાહી**–*શૈખુલ કુર્આન અલ્ જામિઅતુલ ઈસ્લામિયા–રોનાહી, જિ. ફૈઝાબાદ*
- ✪ **મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન રઝવી**–*સદર મુફ્તી જામિઆ અશ્રફિયા–મુબારકપુર*
- ✪ **હઝરત અલ્લામા ખ્વાજા મુઝફ્ફર હુસૈન રઝવી**–*શૈખુલ હદીષ દારુલ ઉલૂમ નૂરુલ હક્ક ચિરા મુહમ્મદપુર–ફૈઝાબાદ*
- ✪ **હઝરત અલ્લામા અબ્દુશ્શકૂર મિસ્બાહી**–*શૈખુલ હદીષ જામિઆ અશ્રફિયા મુબારકપુર*
- ✪ **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ ઐયૂબ નઈમી**–*મુફ્તી જામિઆ નઈમિયા–મુરાદાબાદ*
- ✪ **હઝરત અલ્લામા મુફ્તી શબ્બીર હસન રઝવી**–*મુફ્તી વ શૈખુલ હદીષ જામિઆ ઈસ્લામિયા રોનાહી*
- ✪ **હઝરત અલ્લામા મૌલાના મુફ્તી મુહમ્મદ મતીઉર્રહમાન સાહબ**–*કેરાલા*

ઉપરાંત ઘણા બાવકાર મુફ્તીઓ આલિમો હાજર રહ્યા હતા. -***તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

હિ.સ. ૧૪૨૫ના રજબ દરમ્યાન હિંદ તથા પાક.ના દોઢસોથી અધિક ઉલમાએ કિરામ તથા મહાન ફકીહોની ખિદમતમાં ૧૧મા ફિક્હી સેમિનારના માટે નીચે પ્રમાણેના વિષયો પર **સવાલનામાં** ઓ મોકલવામાં આવ્યાં :–

**(૧) છતથી સઈ તથા તવાફનો મસ્અલો (૨) વીમો વગેરેમાં વારસોના નામ (Nominee) દર્શાવવાની શરઈ હૈસિયત (૩) લાપતા પતિના વિવિધ સ્વરૂપોના હુકમો (૪) ભરપોષણ મુશ્કેલ હોવાના કારણે નિકાહનું તોડવું (૫) ફ્લેટોની લે વેચની નવી પદ્ધતિઓ અને તેના હુકમો.**

૨૦ મુહર્રમ હિ.સ. ૧૪૨૬ સુધી ૬૧ ઉલમાએ કિરામનાં લખાણો મળ્યાં જે ફુલ સ્કેપ સાઈઝના ૭૫૪ પેજો પર આધારિત છે. સૌના લાભ ખાતર તેના ખુલાસાઓ તૈયાર કરાવવામાં આવ્યા. (જેને રબની તૌફીક રહી તો **બરકાતે ખ્વાજા (માસિક)**ના આગામી અંકોમાં વાંચી શકશો.)

એલાન પ્રમાણે આ મહાન ફિક્હી સેમીનાર તેના નિયત સમયોમાં ભારતના મુંબઈ શહેરમાં ૧૮, ૧૯, ૨૦ સફરના આયોજિત થયો જેમાં ફકીહો તથા મુફતીઓ તથા અન્ય ઈલ્મ તથા દાનિશ ધરાવતી હસ્તીઓ હાજર થઈ.

ફિક્હી સેમીનારોની હૈસિયત અન્ય સેમીનારોથી અલગ હોય છે કે અહીં ચર્ચા વિચારણાઓ થકી માનવીય કાયદાની સ્પષ્ટતા તથા નિયુક્તિ નથી કરવામાં આવતી બલ્કે નવા ઉપસ્થિત મસાઈલની શરઈ હૈસિયત નિશ્ચિત કરીને કિતાબ તથા સુન્નત અને ફિક્હી દલીલોની રોશનીમાં તેના શરઈ હુકમોનો નિશ્ચિત કરવામાં આવે છે, એટલા માટે જ્યાં સુધી અલ્લાહ ﷻ નો ખાસ ફઝલ ન થાય ત્યાં સુધી મસાઈલનો હલ મુશ્કેલ હોય છે અને વિગતની સ્પષ્ટતા નથી થઈ શક્તી. હદીષ પાક من يرد الله به خيرا يفقهه فى الدين થી એનો સ્પષ્ટ નિર્દેશ પણ મળે છે. એના હિસાબે ફિકહી સેમિનાર માટે જે જગાની પસંદગી થઈ તે ખૂબ જ યોગ્ય હતી, એટલે કે એક બાફયૂઝ બુઝુર્ગ સૈયદ આશિકઅલી શાહ બુખારી رحمۃ اللہ علیہ ના સાયા હેઠળ આવેલી જામેઅ મસ્જિદે બુખારી કે જ્યાં આમ પણ અલ્લાહની રહમતોની વર્ષા થાય છે. એ મસ્જિદમાં ત્રણ દિવસીય ફિક્હી ચર્ચાઓની છ બેઠકો નિયુક્ત થઈ જે બિહમ્દિહી તઆલા ઘણી જ કામયાબીઓની સાથે પૂર્ણ થઈ.

દિવસની બેઠક સવારે ૮ વાગ્યાથી ૧ વાગ્યા સુધી પછી ઝોહરની નમાઝ, અને રાતની બેઠક મગરિબની નમાઝ પછી તરત શરૂ થઈને ૧૧ વાગ્યા સુધી, દરમ્યાનમાં ઈશાની નમાઝ માટે રિશેસ. દરેક બેઠકનો પ્રારંભ કુર્આને પાકની તિલાવત તથા નઅતે રસૂલ અકરમ ﷺ થી થતો. ત્યારબાદ નિયત કરેલ વિષયનાં લખાણોનો ખુલાસો વાંચવામાં આવતો પછી બહષના મુદ્દાઓ પર બહષો શરૂ થઈ જતી. અકાબિર, અસાતીન, અસાગિર (નાના મોટા ઉલમા) સૌ દિલ ખોલીને કેવળ અલ્લાહને ખાતર બહષમાં ભાગ લેતા અને મહત્વ મજબૂતીવાળી દલીલને આપવામાં આવતું. બહષની આઝાદીના ખુશગવાર માહોલમાં દરેક નાના મોટાને બોલવાનો ભરપૂર મોકો મળ્યો. સૌએ સૌની વાતો સાંભળી અને જ્યારે હક્ક જાહેર થઈ ગયું તો તેને ખુશી ખુશી સ્વીકારી લીધું. અહીં એના પર ધ્યાન જ નથી આપવામાં આવ્યું કે "કોણ કહી રહ્યું છે ?" બલ્કે સૌની નજર કેવળ એ વાત પર રહી કે "શું કહી રહેલ છે ?" એટલા માટે બહષ કામયાબી સાથે આગળ વધતી રહી.

બહષોના સારના અભ્યાસથી તમને મેહસૂસ થશે કે મકાલા (લખાણ) લખનારાઓની રાયોમાં પુષ્કળ મતભેદો હતા પણ બહષો દરમ્યાન એવું જણાતું હતું કે મજલિસ પર "મવાહિબે લદુન્નિયહ્" તથા "અતાયાએ નબવિય્યહ્"ની વર્ષા થઈ રહી છે.

ચાર પાંચ કલાકોની અંદર હક્ક સ્પષ્ટ થઈને સામે આવી જતું, તમામ ઉલમા એક રાય પર એકમત થઈ જતા. અને તેને ફેંસલાના રૂપે નોંધ કરી લેવામાં આવતું. પછી તેને વાંચી સંભળાવવામાં આવતુ જેથી તાબીરમાં કોઈને કાંઈ કહેવાપણુ હોય તો તેને પણ ઠીક કરવામાં આવી શકે. કેટલીકવાર તાબીર ઉપર પણ કાંઈક બહષ છેડાઈ જતી જેને થોડાક ફેરફાર સાથે સૌ સ્વીકારી લેતા.

ચાર મસાઈલ તો પોતપોતાની નિશ્ચિત બેઠકોમાં જ હલ થઈ ગયા, અલબત્ત એક મસ્અલો બે બેઠકોમાં ચર્ચા હેઠળ રહ્યો. તે મસ્અલો હતો, "આધુનિક પદ્ધતિથી ફલેટોના ખરીદ વેચાણનો મસ્અલો."

ત્રીજી બેઠકમાં તેના પર બહષ શરૂ થઈ અને પાંચ કલાકો સુધી સતત ચાલુ રહી પણ કોઈ પરિણામ ન આવી શક્યું. પછી પાંચમી બેઠકમાં ૧૧ વાગે દિવસથી ફરીવાર તે જ વિષય પર બહષ શરૂ થઈ અને અલ્લાહના ફઝ્લથી ઝહોરની અઝાનની આગળ આગળ કેવળ બે કલાકમાં એ મસ્અલો પણ સર્વસંમતિથી હલ થઈ ગયો.

ઈં સઆદત બઝોરે બાઝૂ નેસ્ત
તા ન બખ્શદ ખુદાએ બખ્શન્દા

### *(પ્રથમ મસ્અલો)*

### ★ છત પરથી સઈ તથા તવાફ ★

હજ્જની મોસમમાં પુષ્કળ ભીડભાડના કારણે સફા તથા મરવાની વચ્ચે જમીનના ફર્શ પર સઈ કરવી અધિકથી અધિક્તર મુશ્કેલ થતી જઈ રહી છે એટલા માટે પુષ્કળ પ્રમાણમાં હાજીઓ સઈ કરવાના સ્થળની છત પરથી સઈ કરે છે અને ઘણા હાજીઓ તો સામાન્ય સંજોગોમાં પણ છત પરથી સઈ કરતા જોવા મળે છે. સલફ તથા ખલફના જમાનામાં એવું કદી થયું નથી એટલા માટે હજ્જના દિવસોમાં આમ તથા ખાસ લોકોની વચ્ચે એ પ્રશ્ન ચાલ્યા કરે છે કે છત પરથી સઈ દુરુસ્ત છે કે નહીં ? એની સ્પષ્ટતા માટે પાયાનો પ્રશ્ન એ હલ કરવાનો હતો કે :–

بین الصفا و المروۃનો ભાવાર્થ શરઈ દષ્ટિબિંદુથી મસ્આ (સઈનું સ્થળ) કયું છે ? અને છત પરથી સઈ એ હકીકતમાં સફા મરવાની વચ્ચે સઈ છે કે સફા મરવાની ઉપર ?

એના અનુસંધાનમાં એક બીજો પ્રશ્ન એ પણ હતો કે :–

મસ્જિદે હરામની છત પરથી કા'બાના તવાફનો શું હુકમ છે ?

૧૮, સફર હિ.સ. ૧૪૨૬ની પ્રથમ બેઠકમાં એ બાબતોના સંબંધે આ ફેંસલાઓ થયા :–

بین الصفا و المروۃનો ભાવાર્થ અને સઈ માટેનું સ્થળ નિશ્ચિત કરવું

بین الصفا و المروۃ નો અર્થ ઈજઝાએ તરકીબીના લેહાઝથી : સફા મરવાની ખરેખર ઊંચાઈ (જમીનથી ટોચ સુધી)ની વચ્ચેનો ભાગ.

بین الصفا و المروۃ નો અર્થ ઈજમાલી હકીકીના લેહાઝથી : સફા તથા મરવાની વચ્ચેનો વિસ્તાર ચાહે તે હકીકી સફા મરવાથી નીચે હોય અથવા ઉપર આસ્માન સુધી, સૌ આ અર્થના લેહાઝથી સફા તથા મરવાની વચ્ચે છે અને સૌ સઈની જગા (મસ્આ) છે.

### ★ (મસ્આ) સઈના સ્થળની છત પરથી સઈ ★

મુસલમાનોએ જોઈએ કે એ તરીકાથી અધિક નજીક રહે જે રસૂલુલ્લાહ ﷺ થી સાબિત છે. જાહેર છે કે રિસાલત યુગમાં સઈ જમીન પર જ થતી હતી, કોઈ છત પર નહીં. એટલા માટે જ્યાં સુધી શક્ય હોય જમીન પરથી સઈની પાબંદી કરવામાં આવે. નહીં તો વિના કારણે સુન્નત તરીકાની વિરૂધ્ધ અમલ થશે. ભીડભાડ અને સઈ કરનારની બીમારી તથા કમજોરીની હાલતમાં છત પરથી સઈ વિના કરાહતે દુરુસ્ત છે.

## ★ મસ્જિદની છત પરથી કા'બાનો તવાફ ★

જો મસ્જિદે હરામની છત પરથી કા'બા શરીફનો તવાફ કરવામાં આવે તો તવાફનો ફર્ઝ અદા થઈ જશે જ્યારે તેની દરમ્યાનમાં દિવાલ વગેરે આડશ ન હોય. પણ જો નીચે મતાફમાં ગુંજાઈશ છે તો છત પરથી તવાફ મકરૂહ છે. એટલા માટે કે એ સંજોગોમાં વિના જરૂરતે મસ્જિદની છત પર ચઢવું તથા ચાલવું જોવા મળે છે કે જે મકરૂહ છે. સાથોસાથ આ સંજોગોમાં તવાફ કા'બાની અધિક નજીક થવાને બદલે ઘણે દૂરથી થઈ રહ્યો છે. અને વિના કારણે પોતાને સખત તકલીફ તથા થકાનમાં નાખવું પણ થાય છે, જ્યારે કે નિકટતર સ્થળેથી તવાફ કરવો અફઝલ છે અને વિના કારણે પોતાને મુશ્કેલીમાં નાખવું પણ મના છે. હા ! જો નીચે ગુંજાઈશ ન હોય અથવા ગુંજાઈશ થતા સુધી રાહ જોવામાં કોઈ અવરોધ હોય તો છત પરથી તવાફ વિના કરાહતે જાઈઝ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

*(બીજો મસ્અલો)*

## ★ વીમા વગેરેમાં વારસની નિયુક્તિ વિશે ★

જીવન વીમો, ફિક્સ, ડિપોઝિટ તથા બેંક તથા પોસ્ટની વિવિધ સ્કીમોમાં રૂપિયા જમા કરવાના માટે જે ફોર્મ ભરવામાં આવે છે એમાં એક ખાનુ વારસનું દર્શાવવા (Nominee) માટેનું પણ આવે છે. એ ખાનામાં એક અથવા કેટલાયે નામો દર્શાવવાની ગુંજાઈશ હોય છે. એમાં એ ફાયદો રહેલો છે કે વારસાઈ કરનારના મૃત્યુ બાદ સરળ તાપૂર્વક જમા થયેલ રકમ વસૂલ થઈ જાય અને કોર્ટમાં જવાની હાજત ઉભી ન થાય. પણ કેટલાક નામ દર્શાવેલ (Nominee) લાલચી વારસદારોએ એનાથી ગલત ફાયદો ઉઠાવતાં એવો અર્થ કરવાનું શરૂ કરી આપ્યું કે કેવળ તે જ પોતાને વારસો લખી આપનારના વારસાના હક્કદાર છે, અન્ય વારસદારોનો એમાં કોઈ હક્ક તથા હિસ્સો નથી. તેની સ્પષ્ટતાના માટે એ બાબતનો ખુલાસો જરૂરી થયો કે નામ દર્શાવવાની (Nomination) શરઈ હૈસિયત શું છે ? એટલે આ "વસિયત" છે કે "વિસાયત" ? "**વિસાયત**" એક એવો કરાર છે જેમાં દર્શાવેલ શખ્સ ખાતેદારના મૃત્યુ બાદ તેનો અનુગામી તથા વકીલ બની જાય છે અને તેની એ જિમ્મેદારી હોય છે જમા થયેલ રૂપિયા વસૂલ કરીને તેના હક્કદારોમાં ઈન્સાફની સાથે વહેંચી આપે.

અને **વસિય્યત**નો મતલબ એ છે કે Nomineeમાં નામ દર્શાવેલ શખ્સને ખાતેદારની તરફથી તેની વફાત પછી જમા થયેલ રૂપિયાનો માલિક બનાવી દેવામાં આવે છે પણ શરીઅતની તરફથી પણ તે માલિક છે કે નહીં ? એને કુર્આન તથા હદીષની રોશનીમાં સમજવું જોઈએ. આ તથા એની જેમ અન્ય ખુલાસાપાત્ર બાબતોને લક્ષમાં રાખીને ઉલમાએ કિરામે ૧૮ સફર હિ.સ. ૧૪૨૬ની રાતની બેઠકમાં ફેંસલા બહાર પાડયા :–

## ★ વિમા વગેરેમાં નામ દર્શાવેલના વારસાની શરઈ હૈસિયત★

**(૧)** જીવન વીમા, ફિક્સ ડિપોઝિટ તથા બેંક, પોસ્ટ ઓફીસ વગેરેની વિવિધ સ્કીમોમાં રૂપિયા જમા કરવાના માટે જે ફોર્મ ભરવામાં આવે છે તેમાં એક ખાનુ તે વ્યક્તિ (Nominee)ના નામના નિર્દેશનું હોય છે જેને રૂપિયા જમા કરનારનું મૌત થતાં મૂળ રકમ નફા સહિત વસૂલ કરવાનો હક્ક હોય. એના પર એ બહષ થઈ કે આ નામ દર્શાવવાની (Nomination)ની શરઈ હૈસિયત શું છે ? એ **વસિયત** છે કે **વિસાયત** કે બીજું કાંઈ ?

ચર્ચા વિચારણાને અંતે મજલિસની એના પર

એકમતિ સધાઈ કે આ સંજોગોમાં "વિસાયત" છે જેમાં નામ દર્શાવેલ (Nominee) વ્યક્તિની જિમ્મેદારી એ હોય છે કે તે રકમ વસૂલ કરીને શરીઅતના કાનૂન મુજબ વારસોની વચ્ચે વહેંચી આપે.

નામ દર્શાવવાની (Nomination)ની એક સ્થિતિ સરકારી નોકરોના તરફથી થાય છે જેમાં રકમનો માલિક પોતાના તમામ વારસો તથા તેમના હિસ્સાઓને નિશ્ચિત કરે છે. તો શું આ પ્રકાર પણ વિસાયતનો છે ? અથવા આ વસિયત બિત્તમ્લીક (માલિક બનાવનારી) છે ?

આમંત્રિત (મુફતીઓ)એ આ ખાસ સ્થિતિના વિશે વસિયત બિત્તમ્લીક (માલિક બનાવનારી) હોવા પર એકમતિ સાધી.

**(૨)** બીજી ચર્ચા એના પર હતી કે એ વિસાયત તથા વસિયત જાઈઝ છે કે નહીં ?

**(૩)** તેના જવાબમાં એના પર એકમતિ સધાઈ કે વિસાયતવાળી સ્થિતિ જાઈઝ છે અને વસિયત બિત્તમ્લીકના સંબંધે નીચે મુજબ સ્પષ્ટતા છે :–

**(अ)** જો વારસો આપનારે પોતાનાં તમામ વારસોનાં નામો દર્શાવી આપ્યાં અને તેના હિસ્સા તે જ નિશ્ચિત કર્યા જે વારસો આપનારના મૃત્યુ બાદ વારસાના કાનૂનમાં તે વારસો માટે હોવા જોઈએ. પછી તે વારસદારોમાં ન કોઈ વધારો થયો ન કોઈ કમી થઈ તો જાહેર હુકમ એ જ છે કે વિવાદથી બચવા માટે એવું કરવું જાઈઝ તથા દુરુસ્ત છે. હવે વારસો આપનારના થકી નામોનો નિર્દેશ તથા હિસ્સાઓની નિશ્ચિતતાનો લેહાઝ કરવામાં આવે ક્યાં તો વારસાઈ કાનૂનનો, બંને રીતે વારસદારોને તે જ હિસ્સા મળશે.

**(ब)** હા ! જો હિસ્સા નિશ્ચિત કરવામાં ગલતી કરી અથવા તેમાં કોઈ વારસદારનો ઉમેરો થયો કે ઘટાડો થયો જેના કારણે શરીઅતની રૂએ મૌજૂદ વારસદારોના હિસ્સામાં વધઘટ થઈ ગઈ તો વારસો આપનારના મૃત્યુવેળા જે વારસદારો છે તેમનો વારસાના શરીઅત મુજબના કાનૂન પ્રમાણે જે હિસ્સો હોવો જોઈએ તે જ તેમને આપવામાં આવે અને કોઈનો કાંઈ પણ હક્ક મારવામાં ન આવે, ન તો કોઈને તેના હક્કથી વિશેષ આપવામાં આવે. હા ! જેનો હક્ક ઓછો થઈ રહ્યો છે અથવા ખત્મ થઈ રહ્યો છે અને તે આકિલ, બાલિગ છે તે જો એના પર રાજી હોય અને વારસો આપનારે જે નિશ્ચિત કર્યું તેને લાગુ પાડી દે તો તેની વસિયત લાગુ પડી જશે, નહીં તો અસ્લ એ છે કે વારિસના માટે વસિયત જાઈઝ નથી.

**(क)** પરંતુ તે વારસદારોમાં કોઈ નાબાલિગ છે અને તેના હક્કમાં કોઈ ઉણપ થઈ રહી છે તો નાબાલિગને પોતાનો હક્ક છોડવાનો અધિકાર નથી. વારસાના શરઈ કાનૂન મુજબ તેને તેનો પૂરો હક્ક આપવામાં આવશે અને જે પણ તેનો સરપરસ્ત (સપોર્ટર) હોય તે તેના હિસ્સાની દેખભાળ કરે.

**(ड)** ત્રીજો સવાલ એ હતો કે નામ દર્શાવવાથી (Nominationથી) રોકવામાં આવે અથવા કાંઈક હિદાયતોની (સૂચનોની) સાથે ચાલુ રાખવામાં આવે ?

એના જવાબમાં એ નક્કી થયું કે "વિસાયત" તથા કોઈપણ વસૂલાતના માટે નામનો નિર્દેશ (Nomination) બેંક વગેરેના કાનૂનોના કારણે એક "જરૂરિયાત" બની ચૂકેલ છે એટલા માટે રકમના માલિકના મૃત્યુ બાદ વસૂલ કરવાના હક્કદાર કોણ થશે ? તેનું નામ દર્શાવવું (Nomination) જાઈઝ તથા યોગ્ય છે અને એ તમ્લીક (માલિક બનાવવું) નથી, બલ્કે "તવકીલ" (વકીલ બનાવવુ) છે. અને વસી તથા વકીલની જિમ્મેદારી છે કે રકમ વસૂલ કરીને શરઈ કાનૂન પ્રમાણે વારસદારોમાં વહેંચી આપે અથવા તેમને

સુપ્રત કરી આપે જેથી તેઓ પોતાનામાં શરઈ હુકમાનુસાર સહીહ રીતે વહેંચણી કરી લે.

અલ્બત્ત તમામ વારસદારોની નિશ્ચિત થયેલ તથા વસિયત બિત્તમ્લીકવાળી સ્થિતિમાં હિસ્સાઓની નિશ્ચિતતા ન કરવામાં આવે કે હિસ્સાઓની નિશ્ચિતતામાં ગલતી થાય અથવા વારસોની સંખ્યામાં વધઘટને કારણે કોઈ વિવાદમય સ્થિતિ ઉપસ્થિત થાય, અથવા વસિયતને રદ અથવા કેન્સલ કરવાની વારી આવે. બલ્કે વારસો આપનાર હિસ્સાઓને નિશ્ચિત કરવાને બદલે એવું લખે છે કે :–

"આ લખાણ થતા સુધી મારા વારસો ફલાણા ફલાણા છે અને તેમનાથી મારા સંબંધોની વિગત આ પ્રમાણે છે. મારા મૃત્યુના સમય સુધી તેમાં વધારો ઘટાડો શક્ય છે. દરેક સંજોગોમાં મારા મૃત્યુ પછી શરીઅતની રૂએ જે પણ મારા વારસો હોય તેમને વારસાના શરઈ કાનૂન હેઠળ હિસ્સો આપવામાં આવે અને કોઈનો કોઈ હક્ક કોઈ રીતે કદાપિ મારવામાં ન આવે. અલ્લાહ બેહતર જાણનાર છે.

### *(ત્રીજો મસ્અલો)*

## ★ પતિના લાપતા થવાની વિવિધ સ્થિતિઓના હુકમો ★

પતિ લાપતા થઈ જાય અને કોઈ રીતે એ ભાળ ન મળી શકે કે તે જીવતો છે કે મૃત્યુ પામ્યો, આ સંજોગોને પતિ લાપતા હોવું (ફુકદાને ઝવજ)અને એના પતિને મફકુદુલ ખબર (લાપતા)થી તાબીર કરવામાં આવે છે. જો કોઈ સ્ત્રી પર આ મુસીબત આવી પડે અને તે એકલાપણુ અને બેકસીની જિંદગી પસાર કરવા પર સબ્ર ન કરી શકે તો એવી તેણી માટે ઈસ્લામમાં કોઈ માર્ગ છે કે નહીં ?

એના અનુસંધાનમાં ૧૯ સફર હિ.સ. ૧૪૨૬ની બીજી બેઠકમાં ઈસ્લામી ફિક્હના જુઝઈય્યાતને લક્ષમાં રાખીને ખૂબ બહષો થઈ પછી આ ફેંસલા કરવામાં આવ્યા :–

## ★ લાપતા પતિની વિવિધ સ્થિતિઓના હુકમો ★

ઈમામ માલિકની નજીક લાપતા પતિ (ઝવજે મફકુદુલ ખબર)ની પાંચ સ્થિતિઓ તથા તેના વિવિધ હુકમો છે તે આ મુજબ છે :–

**(अ)** પતિ ઈસ્લામી શહેરમાં વબા (પ્લેગ જેવા રોગચાળા)ના જમાના સિવાયના સમયમાં લાપતા થયો. એમાં સ્ત્રીએ કાઝીને ત્યાં દાવો કરવાનો છે. તે ત્યાર પછી ચાર વરસ રાહ જોવાની મોહલત આપશે. અને હાલ માલૂમ ન થતાં નિકાહ રદ થશે અને ઔરત મૌતની ઈદ્દત પસાર કરીને કોઈ અન્ય સાથે નિકાહ કરી શકશે.

**(ब)** ઈસ્લામી શહેરમાં વબાના સમયમાં લાપતા થયો. તેનો હુકમ ઈમામ માલિકને ત્યાં એ છે કે વબા ખત્મ થતાં પત્ની મૌતની ઈદ્દત ગુજારે પછી નિકાહ કરી લે.

**(क)** મુસલમાનોની આપસમાં ખૂનરેજીમાં શરીક થયો પછી પતો ન લાગ્યો. એ સંજોગોમાં તેમને ત્યાં એ હુકમ છે કે જંગ બંધ થવાના દિવસથી વફાતની ઈદ્દત ગુજારે, ત્યારબાદ નિકાહ કરી લે.

**(ड)** કાફિરોના શહેરમાં લાપતા થયો તો તેમને ત્યાં આ સંજોગોમાં હુકમ એ છે કે સ્ત્રી પતિની ઉંમર ૭૦ વરસની થવાની રાહ જુએ જ્યારે કે પતિના માલમાંથી તેનો ગુઝારો થવાની વ્યવસ્થા હોય.

**(च)** મુસલમાનો અને કાફિરોની વચ્ચે જંગ થઈ તેમાં શરીક થયો પછી પતો ન લાગ્યો. એ સંજોગોમાં હુકમ એ છે કે કાઝીને ત્યાં હાલત દર્શાવીને નિકાહની રજા માંગે. તે તેને એક વરસની મોહલત આપે, જો એ દરમ્યાન પતિની ભાળ ન મળે તો તેણી મૌતની ઈદ્દત પસાર કરીને નિકાહ કરી લે.

એના પર સવાલ એ હતો કે આપણા (હનફી) ફુકહાએ કિરામ શરઈ જરૂરતના આધારે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના મઝહબથી વિમુખ થઈને ઈમામ માલિક رضی اللہ عنہ નો જે આ મઝહબ અપનાવ્યો છે કે લાપતા પતિની પત્ની કાઝીના નિશ્ચિત કરેલા નિયત સમય ચાર વરસો સુધી પતિની રાહ જોઈને કેટલીક મંઝિલોથી પસાર થયા બાદ નિકાહ કરે. શું તે વબાના (રોગચાળાના) જમાના સિવાયમાં ઈસ્લામી શહેરમાં લાપતા પતિ સાથે ખાસ છે ? જેમ કે એ જ જાહેર છે. અથવા નિકાહ તોડવાની પાંચવ સ્થિતિઓ માટે સર્વ સામાન્ય છે ?

આ પ્રશ્નના જવાબમાં એવું નક્કી થયું કે લાપતા (મફકૂદ)ની આ વહેંચણી તથા પ્રકારોના અલગ અલગ હુકમો કેવળ ઈમામ માલિકના મઝહબમાં છે. હનફીઓની નજીક આ વહેંચણી તથા પ્રકારો નથી. બલ્કે સર્વ પ્રકારો લાપતા (મફકૂદ)ના માટે ઈન્કેરાઝે ઈકરાન અને પતિના જન્મથી લઈને ૭૦ વરસો સુધી ઈન્તેઝારનો હુકમ છે.

અને જરૂરતની હાલતમાં આપણા ફકીહોએ ઈમામ માલિકના મઝહબમાં પ્રથમ વર્ણવેલ સ્થિતિ અપનાવવાનો હુકમ આપ્યો છે. અમે એવું સમજીએ છીએ કે આ સ્થિતિથી દરેક રીતે લાપતા થનાર પતિની પત્ની માટે હલ નીકળી આવે છે. એટલા માટે લાપતા ગમે તે પ્રકારમાંનો હોય પલટાવાનું આ જ સ્થિતિ પ્રતિ થશે.

તો હુકમ એ છે કે લાપતા ગમે તે પ્રકારનો હોય તેની પત્ની જો સબ્ર નથી કરી શક્તી તો (શરઈ) કાઝીને ત્યાં દાવો દાખલ કરશે. કાઝી દાવો સત્ય સાબિત થતાં ચાર વરસની મોહલત આપશે અને એ મુદ્દતમાં તેહકીક તથા તપાસ કરશે. મૌત તથા હયાત કાંઈ માલૂમ ન થતાં સ્ત્રી ફરી કાઝી પાસે રજૂઅ કરશે અને તે મૌતની ઈદ્દત ગુજારવાનો હુકમ આપશે. પછી સ્ત્રી મૌતની ઈદ્દત પસાર કરીને કોઈ અન્ય શખ્સ સાથે નિકાહ કરી શક્શે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## *(ચોથો મસ્અલો)*

## ★ ભરણપોષણ વગેરે જરૂરી હક્કોથી પત્નીનું વંચિત હોવા તથા લાચારીના સબબે નિકાહ તોડવાની ઈજાઝત ★

પતિ પત્નીને ખોરાક, પોશાક આપવાથી તદ્દન આજિઝ તથા લાચાર હોય તો તેને "તઅસ્સુરે નફકા" કહે છે. ક્યારેક એવું થાય છે કે કોઈ ચાલાક શખ્સ બનાવટી કારોબાર જાહેર કરીને નિકાહ કરી લે છે જો કે તેની પાસે કાંઈ જ નથી હોતું. અથવા શરૂમાં કાંઈક હોય છે અને બાદમાં તે તદ્દન મુફલિસ થઈ જાય છે.

અથવા પતિ લાપતા થઈ ગયો અને ઘરે પત્નીના જીવનનિર્વાહ માટે કાંઈ પણ નથી, અને ક્યારેક એવું થાય છે કે **પતિ મૌજૂદ છે અને ખુશહાલ પણ છે પણ બેરહમ છે, મામૂલી વાત પર પત્નીને એવી સજા આપે છે કે ભરણ પોષણ તથા પત્નીને તેના અન્ય હક્કોથી વંચિત કરી આપે છે અને તલાક પણ નથી આપતો કે તેણી આઝાદ થઈને પોતાનો કાંઈ બંદોબસ્ત કરી શકે.** તેણી દરેક રીતે લાચાર થઈને દારુલ ઈફતાનો સહારો લે છે કે આ મુસીબતથી છૂટકારાનો કોઈ માર્ગ બતાવવામાં આવે. ત્યાંથી નિરાશ થઈ પાછી ફરે છે તો કોર્ટનો દરવાજો ખટખટાવે છે. આ પ્રકારના પુષ્કળ કેસો કચેરીઓમાં પડેલા છે અને ત્યાં જે ફેંસલા બહાર પડે છે તેનો હાલ કોઈનાથી છુપો નથી. આ પ્રકારના ગંભીર કેસોમાં ધ્યાન કરવું સમયનો એક મહતવનો મસ્અલો હતો. એટલા માટે ઉલમાએ કિરામ સામુહિક ચિંતન મનન કરીને આ વિષયમાં નીચે પ્રમાણેના ફેંસલા બહાર પાડયા :–

## ★ ભરણપોષણની મુશ્કેલીમાં નિકાહ તોડવા વિશે ★

**સવાલ :** પતિ ગરીબી તથા મુફલિસીના કારણે ભરણપોષણની વ્યવસ્થા કરવાથી લાચાર છે અને પત્ની દુ:ખ વેઠવા તૈયાર ન હોય તો શું તેને કાયમી હાજતના કારણે એ ઈજાઝત છે કે હનફી કાઝીને ત્યાં દરખાસ્ત આપે અને કાઝી તેહકીક કર્યા બાદ તેના નિકાહ રદ કરી આપે ?

**જવાબ :** મૂળ હનફી મઝહબ તો એ જ છે કે ભરણપોષણની મુશ્કેલીના આધારે નિકાહ રદ નથી થતા અને કાઝીને છૂટા પાડવાનો હક્ક નથી. પરંતુ તકલીફ દૂર કરવાના માટે વર્તમાન સમયમાં સ્ત્રીને એ રજા છે કે હનફી કાઝીને ત્યાં પોતાની મુસીબત તથા પરેશાનીથી મુક્તિના માટે દરખાસ્ત આપે. પરંતુ કાઝી તરત જ નિકાહ રદ કરવાનો ફૈસલો બહાર ન પાડે બલ્કે નીચે પ્રમાણે તબક્કાવાર કાર્યવાહી કરે :–

**(अ)** પ્રથમ એ તેહકીક કરે કે ઔરત ખરેખર ભરણપોષણની મુશ્કેલીનો સતત શિકાર છે કે નહીં ? જો તેહકીકથી સાબિત થાય કે વાસ્તવિક્તા એથી ઉલ્ટી છે, એટલે કે તેને ભરણપોષણની તકલીફ ટેમ્પરરી આવી છે, કાયમી હાજતની સ્થિતિ નથી, અથવા ભરણપોષણની મુશ્કેલી મુદ્દલે કોઈ સમસ્યા જ નથી, બલ્કે કોઈ અન્ય કારણે બંને વચ્ચે અણબનાવ પેદા થયેલો છે, તો કાઝી બંનેની ફરિયાદોનો નિકાહ લાવીને સુલેહ કરાવી આપશે. અને બંનેને સમજાવટથી એકબીજાના હક્કોની હિફાઝત કરવાની હિદાયત આપીને કેસ ખત્મ કરશે.

**(ब)** અને જો તેહકીકથી એ સાબિત થઈ જાય કે સ્ત્રી સતત ભરણપોષણની મુશ્કેલીની પીડામાં સપડાયેલી છે અને પતિની સ્થિતિ લાચારીભર્યી છે અને પતિના હક્કમાં કાયમી હાજત તેહકીકપૂર્ણ છે તો પતિને હુકમ આપે કે તે પોતાની પત્નીને તલાક આપીને મુક્ત કરી આપે જેથી તેના કારણે બીજી જિંદગી મુસીબતના વમળમાં ન ફસાયેલી રહે. રબ તઆલાનો ઈર્શાદ છે :–

فامسكوهن بمعروف اوسر حوهن بمعروف

*(સૂ. બકરહ, ૨૩૧)*

અને જો પતિ નરમીથી તલાક ન આપે તો (કાઝી) તેની સાથે સખ્તી કરે, છતાં ન માને તો તેના બહિષ્કારનું ફર્માન જારી કરી આપે જેથી સામાજિક દબાણથી તંગ આવીને ઠેકાણે આવી જાય.

**(क)** પરંતુ પતિ જો કોઈ રીતે પણ તલાક આપવા માટે તૈયાર ન થાય અને ઈન્કાર તથા નાફર્માની પર અડેલો રહે તો વર્તમાન સંજોગોમાં હવે નિકાહ રદ કરવા સિવાય ઉપાય નથી. જો તે ઈલાકામાં સુન્ની સહીહુલ અકીદા શાફઈ કાઝી મૌજૂદ હોય જેમ કે કેરાલા વગેરે ઈલાકામાં છે, તો મુસ્તહસન એ છે કે હનફી કાઝી એ કેસ શાફઈ કાઝીને ત્યાં તબદલી કરી આપે, અને શાફઈ કાઝી જરૂરી કાર્યવાહી કર્યા બાદ નિકાહ રદ કરીને પછી (કેસ) હનફી કાઝીને ત્યાં મોકલી આપે. હનફી કાઝી ફૈસલાનો અભ્યાસ કર્યા બાદ તેને લાગુ પડે, સાથોસાથ સ્પષ્ટતા કરી આપે કે ફરિયાદી સ્ત્રી ઈદ્દત ગુજારીને બીજી વ્યક્તિ સાથે નિકાહ કરી શકે છે.

**(ड)** અને જો તે ઈલાકામાં સુન્ની સહીહુલ અકીદા શાફઈ કાઝી મૌજૂદ ન હોય જેમ કે સામાન્યતઃ હિંદ પાક.ના ભાગોમાં એ જ હાલ છે તો મહાન હર્જ તથા સખત તકલીફના નિવારણના માટે ઈજાઝત છે કે હવે હનફી કાઝી ડાયરેક્ટ એ નિકાહ રદ કરી આપે, જેમ કે આપણા અહલે સુન્નત અકાબિરે મફકૂદુલ હાલ (લાપતા પતિ)ના વિષયમાં એ જ માર્ગ અપનાવ્યો કે માલિકી કાઝી ન મળવાના સબબે હનફી કાઝીને ડાયરેક્ટ નિકાહ રદ કરવાની ઈજાઝત આપી. અને આજે તમામ અહલે સુન્નતનો એના અમલ ચાલુ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

પતિ ગરીબી કે તંદદસ્તીનો શિકાર નથી પણ સ્ત્રી ભરણપોષણથી વંચિત છે. તો એની ચાર સ્થિતિઓ છે :–

**૧.** પતિ લાપતા છે એટલે એવો લાપતા છે કે જેની મૌત તથા હયાતની ભાળ ન મળી શકે. સાથોસાથ રકમ વગેરે પણ ન હોય જેનાથી પત્નીનો ગુજારો થઈ શકે.

**૨.**પતિ ગાયબ હોય અને એ ખબર ન હોય કે ક્યાં છે ? ક્યારે આવશે ? હા ! એવું માલૂમ હોય કે તે જીવતો છે, ભલે ક્યાંય પણ હોય, તો એને ફિકહની બોલીમાં **''ગયબતિ મુન્કતઆ''** કહે છે.

**૩.** પતિ ગાયબ હોય પણ ''ગયબતિ મુન્કતઆ''ન હોય, એટલે કે ખબર હોય કે ફલાણી જગાએ છે પણ આવતો નથી અને ન તો તેના થકી કોઈ રીતે ભરણપોષણ હાંસલ થઈ શકે છે.

**૪. પતિ મૌજૂદ છે પણ તેણે પત્નીને લટકાવી રાખી છે**, ન તલાક આપીને તેણીને આઝાદ કરે છે, ન તો તેના હક્કો, ભરણપોષણ વગેરે અદા કરે છે.

જાહેર છે કે આ સંજોગોમાં જેવી રીતે પત્ની ભરણપોષણથી વંચિત છે તેવી જ રીતે પત્નીત્વના હક્કોથી પણ વંચિત છે. જેના કારણે વર્તમાનકાળ માં મોટાભાગે અથવા ઘણી સ્ત્રીઓનું ગુનાહમાં પડવાનો મહાન ભય ખડો છે. આ ખૂદ એક સખત તકલીફ તથા મુસીબત છે.

**હુકમો** : **(૧)** પતિ લાપતા હોય જેના કારણે ભરણ પોષણની મુશ્કેલ સ્થિતિ પેદા થઈ ગઈ તેનો હુકમ ઈમામ માલિક તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલ رحمۃ اللہ علیہما ને ત્યાં એ છે કે નિકાહ રદ કરવો જાઈઝ છે. અને એ જ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નો પણ કૌલ છે જેને મોટા પ્રમાણના શાફઈ ફકીહોએ અપનાવ્યો છે.

માલિકી ફિકહની વિ□સનીય કિતાબ ''મુખ્તસરુલ અલામીતિલ ખલીલ'' અને તેની શરહ (ખુલાસો) ''મિખ્લે જલીલ'' (ભાગ–૪, પેજ–૨૦૩)માં આ લખાણ છે કે જો લાપતા થયેલ પતિએ ઘરે એટલો માલ છોડયો છે જેના થકી પત્ની પોતાના ભરણપોષણની વ્યવસ્થા કરતી રહે, સાથોસાથ વાસનાના પ્રભાવ હેઠળ ગુનાહમાં પડવાનો ભય ન હોય તો કાઝી પત્નીની માંગણી પર ચાર વરસ સુધી પતિની રાહ જોવાની મોહલત આપશે. અને જો તેના માટે પતિના માલની ભરણ પોષણની વ્યવસ્થા ન હોય તો ભરણ પોષણ ન હોવાને કારણે કાઝી ખરેખર તેહકીક કર્યા બાદ તેનો નિકાહ તરત રદ કરી આપશે. તે જ પ્રમાણે જો સ્ત્રીને વાસનાના પ્રભાવના કારણે ગુનાહમાં પડવાનો ભય હોય તો પણ કાઝી તેના નિકાહ કોઈ હદ નક્કી કર્યા વિના રદ કરી આપશે.

હનફી આલિમોએ લાપતા પતિની પત્નીના બારામાં ઈમામ માલિકની જે તકલીદ કરી છે અને પત્નીના માટે ચાર વરસની મુદત નિશ્ચિત કરી છે તે એ જ શરતોની કાળજીની સાથે છે. જ્યારે શરઈ જરૂરતના કારણે પોતાના મઝહબ (મસ્લક)થી વિમુખ થઈને ચાર વરસની રાહ જોવી (તાજીલ) જાઈઝ છે તો ભરણ પોષણની કમી તથા ગુનાહના ડરની સ્થિતિમાં આ જ પ્રકારની શરઈ જરૂરતની બિના પર હવે રાહ જોયા વિના (બિલા તાજીલ) નિકાહ રદ કરવાની ઈજાઝત છે.

**(૨)** 'ગયબતે મુન્કતઆ'ની સ્થિતિમાં શૈખુલ ઈસ્લામે એ બયાન ફર્માવ્યું કે જે કાઝીના મઝહબમાં ભરણ પોષણની મજબૂરીના સબબે નિકાહ રદ કરવો જાઈઝ હોય, હનફી કાઝી તેને ત્યાં કેસ તબદીલ કરીને નિકાહ રદ કરાવી આપે. *(ફતાવા હિંદિયહ, ભા–૧, પેજ–૫૫૦, ૫૫૧)*

**(૩)** 'ગયબતે ગયર મુન્તકતઆ'ની સ્થિતિમાં જ્યારે ભરણ પોષણ પામવું મુશ્કેલ થઈ જાય તો તે

પણ 'ગયબિતે મુન્કતઆ'ની જેમ છે એટલા માટે એમાં પણ 'ગયબતે મુન્કતઆ'નો હુકમ છે. એના કાઈલ (માનનાર) હનફી ફિકહના જલીલુલકદર ઈમામો તથા ફકીહો છે.

**(૪)** પ્રથમ આપણા મઝહબ (મસ્લક)ના વર્તુળમાં રહીને કાંઈક અસરકારક તદબીરો અજમાવવામાં આવે. તે અસરવિહોણી થઈ જાય તો કોઈ હનફી કાઝીને ત્યાં કેસ દાખલ કરે અને તે તહકીક કર્યા બાદ નિકાહ રદ કરવાનો ફેંસલો કરી આપે.

પ્રથમ, બીજી તથા ત્રીજી સ્થિતિમાં પણ હુકમ એ જ છે કે પ્રથમ મુશ્કેલી દૂર કરવાની તદબીરો પોતાના મઝહબ (મસ્લક)ના વર્તુળ હેઠળ રહીને અપનાવવામાં આવે. તે અસરવિહોણી થઈ જાય તો અંતિમ પગલા રૂપે નાચાર થઈને નિકાહ રદ કરવાના ફેંસલાની ગુંજાઈશ પણ છે. તદબીરો આ પ્રમાણે છે :–

**(૧)** પ્રથમ છોકરીને સબ્ર તથા શુક્ર અને ખૌફે ખુદાની તલ્કીન કરે, રોઝા રાખવાની હિદાયત આપે. સાથોસાથ તેના ઘરવાળાંઓને અને અમુક ભલા માણસોને તેના ભરણ પોષણની વ્યવસ્થા માટે પ્રોત્સાહિત કરે. દુનિયા ભલા માણસોથી ખાલી નથી, કાંઈ ન કાંઈ વ્યવસ્થા કરે જ છે. અને હાલ પણ હજારો સ્ત્રીઓ સાબિરા, શાકિરા, ખાઈફા, ખાઈશા (સબ્ર શુક્ર તથા ખુદાના ડરવાળી) જોવા મળે છે. શક્ય છે તેણી તેઓમાંથી બને અને તલ્કીન કબૂલ કરી લે. પછી જો તેણી બીજીવાર ફરિયાદ કરે તો પણ હિદાયત તથા તલ્કીન કરીને કાઝી તેણીને પાછી મોકલી આપે. પરંતુ જો તેના પછી પણ ઔરત ફરિયાદ કરે અને તેની ઉમર, હાલત, આદત (ચાલ ચલન)ને લક્ષમાં લઈને ખાત્રીનો અંદાજો થાય કે તેણી હદથી બહાર જઈ શકે છે અથવા ભરણ પોષણની વ્યવસ્થા ન થવાના કારણે સતત તકલીફનો શિકાર થતી રહેશે અથવા બંનેવ વાતો એકઠી છે તો હવે હંબલી મઝહબ પર ફત્વો તથા કુઝાની ઈજાઝત થશે.

ચોથી સ્થિતિ પર અધિક ચર્ચા તથા પ્રારંભિક તદબીરોનું બયાન હઝરત મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી સદર–ફતવા વિભાગ, અલ્ જામિઆ અશ્રફિયાના મકાલા (લખાણ)માં છે. અલ્લાહ બેહતર જાણનાર છે. (તે તદબીરો આ પ્રમાણે છે) :–

જે ઔરત આફતોમાં સપડાઈ ચૂકી તેના છૂટકારાની તદબીર ફતાવા રઝવિય્યહ્, ભાગ–૫માં વિવિધ સ્થળે એ બતાવવામાં આવી છે કે ઔરત ઈસ્લામી હાકિમને ત્યાં ફરિયાદ કરે. તે (હાકિમ) પતિને એ વાત માટે મજબૂર કરે કે પોતાની પત્નીને ભરણ પોષણ આપે, પત્નીત્વનો વઝીફો અદા કરે, નહીં તો તલાક આપે. જો ન માને તો કેદ કરે. તેમ છતાં ન માને તો મારે, ત્યાં સુધી કે તે બે વાતોમાંથી એક અપનાવી લે.

આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના જમાનામાં રામપુર વગેરે ઈસ્લામી શહેરોમાં એવા સત્તાધારી હાકિમો હતા જેઓ આ રીતની જુલ્મપીડિત (મઝલૂમ) સ્ત્રીઓના પતિના જુલ્મ તથા તેના પંજાથી પોતાની શક્તિ તથા સત્તાના બળે છોડાવી શક્તા હતા, પણ આજના દૌરમાં કોઈ એવો સત્તાધારી શરઈ કાઝી નથી જે જાલિમ પતિને કેદ કરે, મારે અને સદ્વર્તાવ માટે અથવા તલાક માટે મજબૂર કરે, એટલા માટે હવે તેના ક્રમસર ત્રણ ઉપાયો છે :–

**(૧)** એક એ કે પતિનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે અને તેમાં જરા પણ ઢીલ રાખવામાં ન આવે. આ શિક્ષા (તઅઝીર) થકી સરકશ તથા તૌફીકહિન શખ્સ સિવાય દરેક તે માણસ સુધરી શકે છે જેનું ઝમીર કાંઈક પણ જીવંત હોય અને તેમાં જરા પણ ઈસ્લામી હમિય્યત તથા ગૈરત (શરમ) મૌજૂદ હોય.

**(૨)** પરંતુ જો તે કઠણ હૃદયી, મુર્દા ઝમીર તથા બેતૌફીક જ નીકળ્યો અને (સરકશીથી) નાફર્માનીથી ન અટકયો તો ઔરતને સબ્ર તથા શુક્ર તથા અલ્લાહની રઝામાં રાજી રહેવા તેમજ રોઝા રાખવાની હિદાયત કરવામાં આવે અને એના પર મજબૂતીથી કાયમ રહે.

**(૩)** પરંતુ જો ઔરત તેમ છતાં પણ અધૈર્યની શિકાયત કરે અને તેની ઉમર, સ્થિતિ, આદત (ચાલચલન) તેની સાક્ષી પૂરે તો હવે શરઈ જરૂરત તેહકીકયુક્ત થઈ ચૂકી. આ સંજોગોમાં કાઝીને નિકાહ રદ કરવાની ઈજાઝત છે.

## *(પાંચમો મસ્અલો)*

## ★ ફ્લેટોના ખરીદ વેચાણના નવા તરીકાઓ ★

મોટા મોટા શહેરોમાં જમીન તથા મકાન કેટલા પ્રમાણમાં મોઘાં થઈ ચૂક્યાં છે તેની સ્થિતિ સૌ જાણે છે. હવે બાંધેલો રેડી ફલેટ એકી સાથે રકમ આપીને ખરીદવો સામાન્ય માણસોના વશની બહાર તથા કમસે કમ અતિશય કક્ષાનું મુશ્કેલ કાર્ય જરૂર થઈ ગયું છે. એટલા માટે અમુક દૌલતવાળાઓને છોડીને અધિકતર લોકો ફલેટોના ખરીદ વેચાણનો અર્વાચીન તરીકો ધારણ કરી ચૂક્યા છે. તે તરીકો એ છે કે મકાન તથા બિલ્ડિંગનો પૂરો પ્લાન બનાવ્યા પછી બાંધકામ પહેલાં જ બુકીંગ શરૂ થઈ જાય છે અને એક કરાર હેઠળ જેમ જેમ મકાન પૂર્ણતાની મંઝિલોએથી પસાર થતુ હોય છે તેમ તેમ ખરીદનાર તેના હપ્તા ભરતો રહે છે. કબજો મળતાં તે પોતાનો અંતિમ હપ્તો ભરી આપે છે. પણ ખરીદનાર ફલેટોમાં માલિકીપણાનો અધિકાર, વેચાણ, ભેટ આપવું વગેરે સોસાયટીની ઈજાઝતથી કરી શકે છે. અને સોસાયટીના સભ્યો કેવળ ફલેટોના ખરીદાર જ હોય છે. ફલેટોનું આ પ્રકારનું ખરીદ વેચાણ પહેલાં થતુ ન હતું એટલા માટે એ સવાલ ખડો થયો કે શરીઅતની દષ્ટિએ આ જાઈઝ છે કે નાજાઈઝ ? આ વિષય પર હનફી ફિકહના જુઝઈય્યાતને લક્ષમાં રાખીને ઘણી બધી ચર્ચાઓ થઈ છેવટમાં જે બાબતો પર એકમતિ સધાઈ તે ફૈસલાના રૂપમાં નીચે પ્રમાણે છે :–

## ★ ફ્લેટોના ખરીદ વેચાણના અર્વાચીન તરીકાઓ તથા હુકમો ★

**(૧)** બહુમાળી બિલ્ડિંગ તૈયાર કર્યા પછી તેના હિસ્સાઓનું વેચાણ અને ખરીદારોનું શક્તિ અનુસાર હિસ્સા લઈને માલિક બનવું અને તસર્રૂફ કરવું (માલિકીપણાનો અધિકાર ધરાવવું) આમંત્રિતોની એકમતિએ જાઈઝ તથા દુરૂસ્ત છે.

**(૨)** ઈમામે આઝમ رضی اللہ عنہ નો મઝહબ જે માખૂઝ તથા મુફતા બિહ (જેના પરથી લેવામાં આવે તથા જેના પર ફત્વો) છે તેની રૂએ 'બયએ ઈસ્તસ્નાઅ' ન થઈ શકતી હતી જ્યારે કે એક મહીનો અથવા અધિક બંનેની મુદત સોદામાં લખેલી હોય. પરંતુ સાહિબૈન رحمہما اللہ નો મઝહબ એ છે કે તઆમુલની (અમલ ચાલુ હોવાની) સ્થિતિમાં મુદ્દતના ઉલ્લેખની સાથે પણ 'ઈસ્તસ્નાઅ' જાઈઝ છે અને મુદ્દતનું વર્ણન 'તઅજીલ' (જલ્દી પર) પર આધારિત છે.

હવે એ જોવામાં આવે છે કે શહેરોમાં મકાનો ઘણી જ મોંઘી કિંમતનાં હોય છે, એકી સમયે તેના સંપૂર્ણ બાંધકામમાં પુષ્કળ સરમાયો લગાડવો અને પુષ્કળ રકમ આપીને ખરીદવું બંનેવ મુશ્કેલ છે એટલા માટે એ રિવાજ બન્યો કે અમુક લોકો ફલેટોનો નક્શો બનાવીને બુકીંગ શરૂ કરી આપે છે, અને ખરીદારો પણ હપ્તા પર ખરીદારી શરૂ કરી આપે છે. તેમને જો ઈમારત પૂર્ણ બંધાયા પછી એકી સાથે ખરીદવાના પાબંદ કરવામાં આવે તો સખત મુશ્કેલીમાં મૂકાઈ જાય.

પ્રથમ તો એમની પાસે એક જ સમયે એટલો

સરમાયો (રકમ) જમા હોવી મુશ્કેલ છે. બીજું કે જ્યારે હપ્તા પર ખરીદનારા ફ્લેટનો દરેક હિસ્સો ખરીદી ચૂક્યા હશે તો એકી સાથે રકમ આપીને પણ બિલ્ડરો પાસેથી તેમને મકાન મળી શકશે નહીં, જ્યારે કે મકાનની જરૂરત દરેક માણસને છે. સારાંશ આ સંજોગોમાં તેમના માટે ઈમામે આ'ઝમના મઝહબથી વિમુખ થવાની શરઈ હાજત તેહકીકપૂર્ણ રીતે છે. અને એ પણ ખબર છે કે ઘણા બધા શહેરોમાં આ લે વેચના તરીકા પર આમ તથા ખાસ સર્વ લોકોનો અમલ ચાલુ છે. આ સંજોગોમાં સાહિબૈન رحمهما اللهની નજીક એક મહીનો અથવા અધિક મુદ્દત વર્ણન થવા છતાં 'ઈસ્તસ્નાઅ' જાઈઝ છે. અને સાહિબૈનનો કૌલ પણ મજબૂત છે એટલા માટે આ 'ઈસ્તસ્નાઅ'ના વર્તુળમાં રાખીને સાહિબૈનના કૌલ પર જાઈઝ હોવાનો હુકમ આપવામાં આવે છે.

**(૩)** આ ફેંસલાની રોશનીમાં પ્રથમ ભરવામાં આવતા હપ્તા બનનારી ઈમારતની કિંમત છે.

**(૪)** કો–ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ હેઠળ દરેક ખરીદનાર પોતાના હિસ્સાનો હકીકતમાં તથા કાનૂની રીતે માલિક હોય છે અને સોસાયટીને જે રોકવા તથા ઈજાઝત આપવાનો હક્ક હોય છે તે હક્ક ફિક્હી દષ્ટિમાં હક્કે શુફઆ (બિલ્ડિંગની ઉપરનો ભાગ) છે, જે જાઈઝ તથા દુરુસ્ત છે.

**(૫)** જો જમીન એક વ્યક્તિની હોય અને તે કોઈના થકી તેના પર બિલ્ડિંગ તૈયાર કરાવે. પછી જમીનવાળો પોતાની જમીનના બદલામાં તથા બિલ્ડર પોતાના બાંધકામના સબબે આપસમાં નિશ્ચિત હિસ્સાઓની વહેંચણી કરી લે. આ સ્થિતિમાં જમીનના બદલામાં ઈમારતની ખરીદારી અને બાંધકામના બદલે જમીનની ખરીદારી અમલમાં આવે છે. પણ બંનેના માટે કેવળ ફ્લેટોના હિસ્સા નક્કી થાય છે. જમીન કોઈ ખાસની માલિકીની નથી ઠરાવવામાં આવતી જેથી જમીનમાં તમામ હિસ્સાદારોની સંયુક્તરૂપે માલિકી હોય છે. એટલા માટે એકલો કોઈ શખ્સ તેનું વેચાણ નથી કરી શક્તો. અલ્લાહ બેહતર જાણનાર છે.

## ઔરતોના મર્તબા

## -કાર્યાલય કુર્આન હદીષમાં

તફસીરે કુર્તબીમાં છે કે એક વાર બારગાહે રિસાલત મઆબ ﷺ માં ઔરતોએ અર્ઝ કરી, અલ્લાહ તઆલા ઔરતોને છોડીને પુરૂષોનો ઉલ્લેખ કરે છે તો શું ઔરતોમાં કોઈ ભલાઈ નથી ? એના પર અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી : ઈન્નલ મુસ્લિમીન વ મુસ્લિમાત... (છેવટ સુધી) અને 'સલાહુલ અરવાહ'માં અમે વર્ણવ્યું છે કે, **"નમાઝી તથા રોઝાદાર સ્ત્રીઓ હૂરોથી એવો મર્તબો ધરાવે છે જેમ કે રેશમને ટાટ પર ફઝીલત છે."**

હઝરત ઈમામ જવઝી علیہ الرحمۃ والرضوان બયાન કરે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું : "અલ્લાહ તઆલાએ પુરૂષો તથા સ્ત્રીઓ (બંનેમાં) ચાલીસ ચાલીસ અબદાલ (વિલાયતનો એક દરજ્જો) નિશ્ચિત કરી રાખ્યા છે. જ્યારે કોઈ તેમનામાંથી મૃત્યુ પામે છે તો તેની જગાએ બીજાને બનાવી દેવામાં આવે છે."

નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે, "ઈમાનદારના માટે સૌથી ફાયદામંદ તકવા તથા પરેઝગારી પછી નેક તથા સાલેહ પત્ની છે, જ્યારે તેણીને હુકમ આપે તો તેનું પાલન કરે અને જ્યારે તેને જુએ તો ખુશી ઉપજે, અને જ્યારે તેના પર કસમ ખાય તો પૂરી કરે, જ્યારે પતિ બહાર જાય તો તેની ગેરહાજરીમાં તેના માલ તથા આબરૂની રક્ષા કરે. જાણી લો ! જેવો તમારા ઔરતો પર હક્ક છે તેવો ઔરતોનો પણ તમારા પર હક્ક છે. તમારા હક્કોમાંથી એ છે કે તેણી બિસ્તર પર કોઈ અન્યને ફરકવા ન દે જેને તમે સહી નથી શક્તા અને જે તમને નાપસંદ હોય તેને ઘરે આવવા ન દે. અને તેણીના હક્કોમાંથી એ છે કે પતિ ખાવા પીવા તથા પહેરવશના મામલામાં સારી રીતે વર્તે.

*–(નુઝહતુલ મજાલિસ, ભાગ–૨, ઉર્દૂ, પેજ–૮૦)*




# ત્રણ નસીહતો

હઝરત લુકમાન عليه السلام નું જ્યારે મૃત્યુ નજીક આવ્યું તો પોતાના દીકરાને નજીક બોલાવ્યો અને એને ત્રણ નસીહતો કરી :–

**૧. કોઈ કંજૂસથી કરજ નહીં લેવું.**

**૨. પોલીસવાળાથી દોસ્તી ન કરવી.**

**૩. સ્ત્રીનો ભરોસો ન કરવો.**

જ્યારે બાપનુ મૃત્યુ થઈ ગયું તો છોકરાએ કહ્યું કે અબ્બાજાનની આ નસીહતોને હવે અજમાવવી જોઈએ. એક કંજૂસથી થોડાક રૂપિયા ઉધાર લીધા. ઘરની નજીક જ પોલીસનો માણસ રહેતો હતો એનાથી દોસ્તી કરી લીધી, અને એક બકરીનું માથું કાપીને તાતમાં લપેટીને ઘરે લઈ આવ્યો અને પોતાની પત્નીને કહ્યું કે જો ! આજે મેં મારા દુશ્મનનું માથુ મોકો જોઈને કાપી લીધું છે તેને આપણા ઘરમાં દફન કરી રહ્યો છું. ખબરદાર ! કોઈને કહેતી નહીં.

થોડાક દિવસો પછી પતિ પત્નીમાં ઝઘડો થઈ ગયો. પત્નીએ પોલીસવાળાને ખબર કરી દીધી કે મારા પતિએ દુશ્મનનું માથું કાપીને ઘરમાં દફન કરી દીધું છે. પોલીસવાળાએ થાણેદારને ખબર આપી અને થાણેદારે ગિરફતારીનો હુકમ આપી દીધો.

પોલીસે છોકરાને ગિરફતાર કરી લીધો પછી જમીન ખોદવામાં આવી. તાતમાં લપેટાયેલ માથાને અદાલતમાં રજૂ કરી દીધું.

શાહઝાદો જ્યારે અદાલતમાં જઈ રહ્યો હતો તો જે કંજૂસથી કરજ લીધું હતું એણે રસ્તો રોકી લીધો અને છેડો પકડીને બેસી ગયો અને કહેવા લાગ્યો કે પહેલાં મારું કરજ આપતા જાઓ, ત્યારે અહીંયાથી જવા દઈશ ! છોકરાએ કહ્યું કે તમે મારી સાથે ચાલો, અદાલતમાં જ તમારું કરજ પણ અદા કરીશ.

જ્યારે કાજીની સામે એ છોકરાની સોંપણી થઈ તો કાજીએ કહ્યું કે તમારા બાપ કેટલો સારા અને અક્કલવાળા આદમી હતા પણ તમે તમારા ખાનદાનની ઈજ્જત અને આબરૂને મિટ્ટીમાં મિલાવી દીધી. સફાઈમાં તમે શું કહેવા માંગો છો ?!

છોકરાએ જવાબ આપ્યો કે, હુઝૂર ! વાત કંઈ પણ નથી. અબ્બાજીએ મૃત્યુ સમયે મને ત્રણ નસીહતો કરી હતી. છોકરાએ તે બધી વાતો કાજીને સંભળાવી. અને કહ્યું કે જો યકીન ન હોય તો તાત ખોલાવીને જોઈ લો કે એમાં માણસનું માથું છે કે બકરીનું માથું છે ! જ્યારે તાત ખોલવામાં આવ્યું તો સાચે જ એમાં બકરીનું માથું હાજર હતું. હાકિમે એ છોકરાને આઝાદ કરી દીધો અને એ ત્રણેય નસીહતો મોટા અક્ષરોમાં લખાવી લીધી જેથી લોકો એનાથી શીખ પ્રાપ્ત કરે.

**ફાયદો** : પ્યારાં બાળકો ! મોટાઓની વાતો મોટી હોય છે એટલા માટે મોટાઓની વાતો પર અમલ કરવો અક્લમંદોનું કામ છે, જે લોકો મોટા અને બુઝુર્ગોની નસીહતો નથી માનતા એમને પાછળ થી પસ્તાવું પડે છે. આવો ! અને આજથી એ નક્કી કરી લઈએ કે આપણાથી મોટાની જાઈઝ વાતો અને બેહતર નસીહતો કદી નહીં ટાળીએ બલ્કે આ નસીહતો પર અમલ કરીને ફાયદો ઉઠાવતા રહીશું.

# ઓરતોની હિકાયતો

★ લેખક ★

મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર

★ અનુવાદક ★

આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

(હિકાયત : ૧૦)

## મરયમના પુત્ર હઝરત ઈસા عليه الصلوٰة والسلام

હઝરત મરયમ જ્યારે જવાન થયાં તો એકવાર તેણીને સૌંદર્યવાન પુરૂષની શિકલમાં અલ્લાહનો ફરિશ્તા જિબ્રઈલ عليه السلام ને જોયા.

કુર્આન પાકમાં છે :–

فَاَرْسَلْنَآ اِلَيْهَا رُوْحَنَا فَتَمَثَّلَ لَهَا بَشَرًا سَوِيًّا۔

**અર્થાત** : "તો તેની તરફ અને રૂહાની (જિબ્રઈલ عليه السلام) મોકલ્યા તે તેની સામે એક તંદુરસ્ત માનવ બનીને જાહેર થયા." *(પારા–૧૬, સૂ. મરયમ, આ. ૧૭)*

મરયમ ગભરાઈ ગયાં અને કહ્યું હું તારાથી અલ્લાહની પનાહ ! માંગુ છું જો તને અલ્લાહનો ડર છે. જિબ્રઈલ عليه السلام એ કહ્યું, હું માનવ નથી પરંતુ હું તો તારા રબ તરફથી આવેલ છું لِاَهَبَ لَكِ غُلٰمًا زَكِيًّا۔ "જેથી તને એક સ્વચ્છ ફરઝંદ આપું." *(પારા–૧૬, સૂ. મરયમ, આ. ૧૯)*

બોલ્યાં, એવું આ કેમ કરીને થશે ? મને તો કોઈ પુરૂષે હાથ નથી અડાડયો ન હું બદ્‌ચલન છું. ફરિશ્તાએ કહ્યું, આમ જ તારા રબે ફર્માવ્યુ છે કે આ મને સહેલુ છે. તે પોતાની કુદરતે કામેલા વડે વિના બાપે બાળક પેદા કરી શકે છે. તે ફર્માવે છે કે અમે આ રીતે બાળક પૈદા કરીને તે બાળકને લોકો માટે નિશાની બનાવીશું. ત્યારે જિબ્રઈલ عليه السلام એ તેણીનાં કુર્તાના ગરેવાનમાં દમ કરી દીધું એટલે કે ફૂંક મારી ત્યાર પછી મરિયમને ગર્ભ રહ્યો. તે સમયે આપની ઉમ્ર શરીફ તેર (૧૩) વર્ષની હતી. સૌ પ્રથમ જે શખ્સને હઝરત મરિયમના ગર્ભની જાણ થઈ તે તેણીના કાકાનો પુત્ર યૂસુફ નજ્જાર છે જે મસ્જિદે બયતુલ મુકદસનો ખાદિમ હતો અને બહુ મોટો ઈબાદતગુજાર શખ્સ હતો. તેમને જ્યારે ખબર થઈ કે મરિયમ હામેલા છે તો ખૂબ જ હેરત થઈ. જ્યારે ઈચ્છતો કે આપના પર આક્ષેપ લગાડે તો આપની ઈબાદત ઝોહદ પરહેઝગારી અને હર વખત હાજર રહેવું, કોઈ વખત ગાઈબ ન હોવું યાદ કરીને ચૂપ થઈ જતો હતો અને જ્યારે ગર્ભનો ખયાલ કરતો હતો તો આપને બેગુનાહ ખયાલ કરવું મુશ્કેલ દેખાતુ હતું. આખરે તેમણે હઝરત મરયમને કહ્યું કે મારા દિલમાં એક વાત આવી છે. ઘણીવાર વિચારું છું કે જબાન પર ન લાવું પણ હવે સબર નથી થતી. આપ રજા આપો તો હું કહી દઉં જેથી મારા દિલની પરેશાની દૂર થઈ જાય. મરયમે કહ્યું, સારી વાત છે, કહો ! તો તેમણે કહ્યું કે હે મરયમ ! મને બતાવો કે શું ખેતી વગર બીયારણ અને વૃક્ષ વરસાદ વગર અને બાળક બાપ વગર પૈદા થઈ શકે છે ?! હઝરત મરયમે ફર્માવ્યું કે હા ! શું તને ખબર નથી કે અલ્લાહ તઆલાએ જે સૌ પ્રથમ ખેતી પેદા કરી અને વૃક્ષ પોતાની કુદરતથી વગર વરસાદે ઉગાડયાં. શું તું કહી શકે છે કે અલ્લાહ તઆલા પાણીની મદદ વગર વૃક્ષો પૈદા કરવા પર કાદિર નથી ?! યૂસુફે કહ્યું, એવું તો નથી કહી શકતો, નિઃશંક ! હું કહું છું કે અલ્લાહ હર ચીઝ પર કુદરત ધરાવનાર છે. જેને **કુન્** ફર્માવે થઈ જાય છે. હઝરત મરયમે ફર્માવ્યું, શું તું નથી જાણતો કે અલ્લાહ તઆલાએ હઝરત આદમ عليه السلام અને આપની પત્નીને માં બાપ વગર પેદા કર્યા. હઝરત મરયમની આ વાતથી યૂસુફની શંકા દૂર થઈ ગઈ અને હઝરત

મરયમ ગર્ભના લીધે કમજોર થઈ ગયાં હતાં. માટે મસ્જિદની ખિદમતમાં યૂસુફ તેણીનો સાથ આપવા લાગ્યો. અલ્લાહ તઆલાએ હઝરત મરયમને ઈલ્હામ (ખુદા તરફથી દિલમાં આવેલ વાત) કર્યો કે તે પોતાની કૌમથી દૂર ચાલી જાય એટલે તેણી બયતુલ્ લહ્મમાં ચાલી ગઈ. فَاَجَآءَ هَا الْمَخَاضُ اِلٰى جِذْعِ النَّخْلَةِ ج *(પા. ૧૬, સૂ. મરયમ, આ. ૨૩)*

પછી તેણીને પ્રસવ વેદના એક ખજૂરીનાં મૂળ તરફ લઈ આવી તે ખજૂરનું ઝાડ બિલકુલ સૂકાઈ ચૂક્યું હતું અને આ એક એવી દૂર વેરાન જગ્યા હતી જ્યાં પાણીનું નામ સુદ્ધાં ન હતું ન કાંઈ ખાવાનો સામાન ત્યાં હતો. એવી જગ્યા પહોંચીને આપે સૂકા ખજૂરના ઝાડનાં મૂળથી ટેક લગાડી અને ફજેતીના ખયાલથી ફર્માવ્યું, હાય ! કોઈ રીતે હું આનાથી પહેલાં મરી ગઈ હોત અને અજાણ થઈ જાત. એવા સમયમાં અલ્લાહ તઆલાએ હઝરત મરયમની મદદ ફર્માવી તો હઝરત જિબ્રઈલ علیہ السلام એ નીચાણથી અવાજ (કહ્યું) આપ્યો :–

اَلَّا تَحْزَنِىْ قَدْ جَعَلَ رَبُّكِ تَحْتَكِ سَرِيًّا ـ

**અર્થાત** : "ચિંતા ન કર ! બેશક ! તારા પરવરદિગારે તારી નીચે એક નહેર વહાવી દીધી છે." *(પારા–૧૬, સૂ. મરયમ, આ. ૨૪)*

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْھُمَا ફર્માવે છે કે હઝરત ઈસા علیہ السلام જનમ્યા ત્યારે આપે પોતાની એડી જમીન પર મારી તો મીઠા પાણીનું ઝરણુ ફૂટી નીકળ્યું. આ તો પીવાની વ્યવસ્થા ફર્માવી અને ખાવા માટે ફર્માવ્યું :–

وَهُزِّىْٓ اِلَيْكِ بِجِذْعِ النَّخْلَةِ تُسٰقِطْ عَلَيْكِ رُطَبًا جَنِيًّا ـ
فَكُلِىْ وَاشْرَبِىْ وَقَرِّىْ عَيْنًا ج

**અર્થાત** : "અને ખજૂરનું મૂળ પકડીને પોતાની તરફ હલાવ તારા પર તાજુ ખજૂર પડશે, તો ખા અને પી અને આંખ ઠંડી રાખ." *(પારા–૧૬, સૂ. મરયમ, આ. ૨૫, ૨૬)*

પછી તું અગર કોઈ આદમીને જુએ અને કંઈ પૂછે તો ઈશારાથી કહી દે જે કે મેં આજનો દિવસ ચૂપ રહેવાનો રોઝો રાખ્યો છે માટે આજે કોઈથી વાત નહીં કરું. ત્યાર પછી જ્યારે આપ ઈસા علیہ السلام ને ખોળામાં લઈ પોતાની વસ્તી પાસે આવ્યાં તો તેઓ બોલ્યા, હે મરયમ ! તેં બહુ ખોટુ કામ કર્યું, હે હારૂનની બહેન ! તારો બાપ બુરો ન હતો અને ન તારી માં બદ્‌ચલન હતી, તેં આ શું કર્યું ?! فَاَشَارَتْ اِلَيْهِ ط આના પર મરયમે બાળક તરફ ઈશારો કર્યો કે એને પૂછી લો કે વાત શું છે ? તેઓ બોલ્યા, અમે કંઈ ગાંડા છીએ જે એક દિવસના બચ્ચાથી જે હજી પારણામાં છે વાત કરીએ ! આપે ઈશારો કર્યો કે તમે એનાથી પૂછો તો ખરા ! તેઓએ પૂછ્યું તો...

"હઝરત ઈસા علیہ السلام પહેલા દિવસે જ બોલી પડયા કે હું અલ્લાહનો બંદો છું, તેણે મને કિતાબ આપી અને મને નબી બનાવ્યો અને મુબારક બનાવ્યો. હું ક્યાં છું અને મને નમાઝ તથા ઝકાતનો સખ્ત હુકમ આપ્યો, હું જ્યાં સુધી જીવંત રહું અને પોતાની માં સાથે સદ્‌વર્તન કરવાવાળો અને મને જબરદસ્ત બદ્‌બખ્ત ન બનાવ્યો. અને સલામતી હજો મારા પર જે દિવસે હું પેદા થયો અને જે દિવસે મૃત્યુ પામુ અને જે દિવસે જીવંત ઉઠાવી લેવામાં આવું. જ્યારે હઝરત ઈસા علیہ السلام એ આ કલામ ફર્માવ્યો તો લોકોને હઝરત મરયમની પાક દામની પર યકીન થઈ ગયું અને હઝરત ઈસા علیہ السلام એટલું ફર્માવીને ખામોશ થઈ ગયા અને ત્યાર પછી વાત ન કરી ત્યાં સુધી કે તે ઉંમરના થયા જેમાં બાળક બોલવા લાગે છે." *(કુર્આને કરીમ, પેજ–૧૬, રૂકૂઅ–૫, તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૪૩૫)*

**બોધ** : અલ્લાહ તઆલાએ હઝરત મરયમને વગર બાપે બાળક અતા કર્યું અને આ તેની કુદરતે કામેલાની નિશાની છે. સામાન્ય કાનૂન તો એ છે કે માં બાપ બંને હોવાથી બાળક પૈદા થાય

છે. પરંતુ અલ્લાહ તઆલા કોઈ કાનૂનનો પાબંદ નથી. કાનૂન તેના પાબંદ છે. તે ઈચ્છે તો બાપ વિના પણ બાળક પૈદા કરી શકે છે જેમ કે તેણે હઝરત મરયમને ત્યાં બાળક પૈદા કરી દેખાડયું અને ફર્માવ્યું, "આ વાત મારા માટે આસાન છે." અગર કોઈ શખ્સ એવો ખયાલ કરે કે હઝરત ઈસા عليه السلام બાપ વગર પૈદા થયા પણ માં તો તેમની હતી એટલે કે માંનું હોવું અનિવાર્ય છે. તો અલ્લાહ جل جلاله એ હઝરત હવ્વાને હઝરત આદમ عليه السلام ની પાંસળીથી પૈદા ફર્માવીને બતાવી દીધું કે હું માં વિના પણ બાળક પૈદા કરી શકું છું અને અગર કોઈ એવો ખયાલ કરે કે માં બાપમાંથી કમસે કમ એકનું હોવું જરૂરી છે. તો અલ્લાહ عزوجل એ હઝરત આદમ عليه السلام ને વગર માં બાપે પૈદા ફર્માવીને બતાવી દીધું કે હું માં બાપ વગર પણ બાળક પૈદા કરી શકું છું. હઝરત આદમ તથા હવ્વા અને હઝરત ઈસા عليه السلام ની પૈદાઈશ આદત (સામાન્ય નિયમ) તથા કુદરતી કાઈદાઓને તોડનારી અને અલ્લાહની કુદરતે કામેલાનો નમૂનો છે. નહીંતર સામાન્ય કાનૂન એ જ છે કે માં બાપ હોવાથી બાળક જન્મે છે.

**લતીફો** : એકવાર એક સાહબ વાએઝ ફર્માવી રહ્યા હતા કે જે આપે છે તે અલ્લાહ જ આપે છે, ગૈરુલ્લાહ પાસે કદી જવું ન જોઈએ. એક બેબાકે ઉઠીને કહ્યું, મૌલ્વી સાહબ ! અગર કોઈ ઔરત દિવસ રાત અલ્લાહ પાસે બાળક માંગતી રહે. અલ્લાહ તેને હરગિઝ બાળક નહીં દેશે જ્યાં સુધી તે ગૈરુલ્લાહ એટલે કે પતિની પાસે નહીં જાય.

સારાંશ કે હઝરત ઈસા عليه السلام ની પૈદાઈશ અલ્લાહની ખાસ નિશાની છે આપ વગર બાપે જન્મ્યા છે જેના પર કેટલીક આયતો સાક્ષી છે. અલ્લાહ جل جلاله એ કુર્આન પાકમાં જ્યાં પણ હઝરત ઈસા عليه السلام નો ઝિક્ર ફર્માવ્યો છે ત્યાં ઈસા ઈબ્ને મરયમ જ ફર્માવ્યું છે. અગર આપના બાપ હોતા તો અલ્લાહ جل جلاله ઈબ્નની નિસ્બત આપના વાલિદ તરફ કરત. અને સાંભળો ! એ જ પારામાં જ્યાં હઝરત ઈસા عليه السلام ની પૈદાઈશનું વર્ણન છે. હઝરત યહ્યાનું પણ વર્ણન છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يٰيَحۡيٰى خُذِ الۡكِتٰبَ بِقُوَّةٍ ؕ وَاٰتَيۡنٰهُ الۡحُكۡمَ صَبِيًّا۔ وَّحَنَانًا مِّنۡ لَّدُنَّا وَزَكٰوةً ؕ وَكَانَ تَقِيًّا۔ وَّبَرًّام بِوَالِدَيۡهِ وَلَمۡ يَكُنۡ جَبَّارًا عَصِيًّا۔

**અર્થાત** : "હે યહ્યા ! કિતાબ મજબૂત પકડ અને અમે તને બાળવસ્થામાં જ નબુવ્વત આપી અને અમારી તરફથી મહેરબાની અને સ્વચ્છતા અને ખૂબ ડરવાવાળો હતો અને પોતાના માં બાપ સાથે સારું વર્તન કરનાર હતો અઘરે અને નાફર્માન ન હતો."

*(પારા–૧૬, સૂ. મરયમ, આ. ૧૨, ૧૩, ૧૪)*

આ આયતે શરીફમાં بَرًّام بِوَالِدَيۡهِ નું વાક્ય વિચારપાત્ર છે. "પોતાનાં માં બાપ સાથે શ્રેષ્ઠ વર્તાવ કરવાવાળા હતા." પરંતુ આ જ સિફત જયારે અલ્લાહે હઝરત ઈસા عليه السلام માટે વર્ણન કરી તો ફર્માવ્યુ بَرًّام بِوَالِدَتِيۡ "પોતાની માં સાથે શ્રેષ્ઠ વર્તાવ કરનાર." અહીંયા ફક્ત માંનું ઝિક્ર છે, બાપનું નહીં કેમ કે આપના બાપ હતા જ નહીં. અગર હોત તો અહીંયા પણ આ વાક્ય હોત, "પોતાનાં માં બાપ સાથે સારો વર્તાવ કરનાર !"

**લતીફો** : અમારા શહેરની પોસ્ટ ઓફિસમાં એકવાર ઈસાઈ પોસ્ટ માસ્તર નિયુક્ત થઈ આવ્યો. એક દિવસ દફતર માહે તયબામાં આવ્યો અને કુતુબખાનું (બુક સેલર) જોઈ કહેવા લાગ્યો, "હું તમને કાંઈ પૂછી શકું છું ?" મેં કહ્યું, શોખથી પૂછો ! બોલ્યો, અમારા ઈસુ મસીહના વિશે તમે પણ માનો છો કે તેમના બાપ ન હતા અને તેમનાં પત્ની, બાળકો પણ ન હતાં. મેં કહ્યું, હા ! તો કહેવા લાગ્યો, ખુદાનો પણ કોઈ બાપ નથી અને તેનાં પણ પત્ની બચ્ચાં નથી તો આ ખુદાઈ અવસાફો (ગુણો) અમારા ઈસુ મસીહમાં સાબિત થઈ ગયાં. મેં કહ્યું, બાબુ સાહબ !

અગર ખુદાઈનો ઈન્હેસાર (સમાવેશ) આ જ વાત છે કે જેનાં માં બાપ ન હોય અથવા જેનાં બીવી બચ્ચાં ન હોય તે ખુદા છે તેમ છતાં પણ હઝરત ઈસા عليه السلام પૂરા ખુદા સાબિત નથી થતા કેમ કે આપની માં તો હતાં. હા ! **તમારા કહેવા પ્રમાણે** હઝરત આદમ عليه السلام (મઆઝલ્લાહ !) પૂરા ખુદા ઠરશે જેમનાં ન બાપ હતા ન માં. આ સિવાય કેટલાક પુરૂષો આખી જિંદગી શાદી નથી કરતા અને બીવી બચ્ચાં વગર ઉમ્ર ગુજારે છે. હોસ્પિટલમાં કેટલીક નર્સો કુંવારી હોય છે. પતિ, સંતાનો નથી રાખતી. તો શું આ સર્વ ગુણ ખુદાઈ ગુણોથી મુત્તસિફ (ગુણો રાખનાર) સ્વીકારવામાં આવશે. ઉસૂલ (કાઈદો) એ નથી કે જેનાં માં બાપ ન હોય તે ખુદા છે. ઉસૂલ એ છે કે જે ખુદા છે તેનાં માં બાપ કોઈ નથી. અગર આપનો ઉસૂલ સ્વીકારી લેવામાં આવે તો કેટલીક ઋતુઓમાં કેટલાંક જાનવર વગર માં બાપે પૈદા થઈ જાય છે. હકીકત એ છે કે હઝરત ઈસા عليه السلام ખુદાની કુદરતનો એક નમૂનો છે. અમારું તેના પર ઈમાન છે કે આપ અલ્લાહના સાચા પૈગંબર હતા અને હા બાબુ સાહબ ! આ જે આપે કહ્યું છે કે હઝરત ઈસુ મસીહે શાદી નથી કરી, જરા બતાવો તો ખરા કે આપનું શાદી ન કરવું નેકી છે કે બુરાઈ ? બુરાઈ તો તે કહી જ ન શક્તા હતા તે ચૂપ થઈ ગયા. મેં કહ્યું કે તમારે સ્વીકારવું જ પડશે કે આપનું શાદી ન કરવું નેકી હતું. તો અગર નેકી હતું તો પૈગંબર એટલા માટે જ આવે છે કે ઉમ્મતને નેકીની તરફ ધ્યાનિત કરે અને પોતાની પેરવીનો દર્સ આપે. તો આપની આ નેકી પર અગર કોઈ ઈસાઈ ઉમ્મત અમલ કરવા લાગે એટલે કે શાદી કરવાનું ત્યજી દે તો થોડા વર્ષોમાં જ આ ઉમ્મત ખતમ થઈ જાય ! તો આ સારી નેકી છે કે જે દુનિયાને જ ખતમ કરી દે ! આપ હઝરત (ઈસાઈ) જે શાદી કરો છો અને બીવી બચ્ચાં રાખો છો પોતાના પૈગંબરની સુન્નતની વિરૂધ્ધ કરો છો અને અમારા પૈગંબર હુઝૂર મુહમ્મદ صلى الله عليه وسلم ની સુન્નત પર મજબૂરન અમલ કરવો પડે છે અને પોતાની સલામતિ માટે ન ચાહવા છતાં દામને મુસ્તફા થામવો પડે છે ! અમારા હુઝૂર صلى الله عليه وسلم એ શાદીઓ કરી અને ઉમ્મતને પણ શાદીઓ કરવાની તલ્કીન ફર્માવી અને જે ઈસાઈ બાળક પૈદા પણ થાય છે તો તેની જાહેરી હાલત આ એલાન કરે છે કે હે દુનિયાવાળાઓ ! હું અગર પૈદા થયો છું તો નબી આખિરુઝ્ઝમા હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ના સદકામાં પૈદા થયો છું કેમ કે અગર મારા માં બાપ પોતાના નબીની સુન્નત પર અમલ કરતા અને શાદી ન કરતા તો હું પૈદા જ ન થાત અને અગર પૈદા પણ થાત તો હલાલઝાદો ન કહેવાત. હે બાબુ સાહબ ! શાદી કરવી નેકી છે અને જરૂરી છે. એટલા માટે અમારા હુઝૂર ફર્માવી ગયા છે કે હઝરત ઈસા عليه السلام આસ્માનથી નાઝિલ થયા બાદ શાદી કરશે અને તેમની ઔલાદ પણ થશે. મારી તકરીરથી બાબુ સાહબ ઘણા પ્રભાવિત થયા અને પછી દરરોજ આવવા લાગ્યા અને ખૂબ મઝહબી વાતચીત કરતા રહેતા અને સમજતા. છેવટે તેમની બદલી થઈ ગઈ ! તેમનું નામ યૂસુફ મસીહ હતું. હવે અલ્લાહ જાણે ક્યાં છે ?!

**મદદની અપીલ ! હુસૈની કમિટી (સુન્ની)** મોરબીના વ્યવસ્થાપક જનાબ મહબૂબભાઈ પીલુડીયાની અપીલ છે કે ૩૦ વર્ષથી સુન્ની સાહિતય ક્ષેત્રે આ કમિટી વિના મૂલ્યે કિતાબો ગુજરાતના સુન્નીયોના ઘરે ઘર પહોંચાડી અહલે સુન્નતની હક્કાનિયતનો ડંકો વગાડી રહી છે તો રમઝાન મુબારકમાં એમને **લિલ્લાહ, ઝકાત, સદકા....** વગેરે મદદ મોકલી સહાય કરવાનું ભૂલશો નહીં. *-લિ. મહબૂબભાઈ પીલુડીયા*

**હુસૈની કમિટી (સુન્ની)** ૮, લાટી પ્લોટ સામે–મોરબી, પિન–૩૬૩૬૪૧ ગુજરાત

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ વાંચકો લખે છે કે....★

મોહતરમ જનાબ શબ્બીર અલી પટેલ સાહબ, અસ્સલામુ અલૈકુમ,સલામ બાદ ખૈરીયતમાં હશે. આપના તરફથી **"બરકાતે ખ્વાજા" માસિક** દારુલ ઉલૂમમાં રેગ્યુલર આવે છે. તેમાં આવતા લેખો ખૂબ જ રોચક, જાણકારીથી ભરપુર હોય છે. લેખોનું સ્ટાન્ડર્ડ ખૂબ જ હાઈક્વોલેટીનું હોય છે. કરંટ ટોપીક ઉપર આપ લોકોનું સારું ધ્યાન હોય છે જે કાબિલે દાદ છે. મૌલા તઆલા તેના પ્યારા હબીબે પાક ﷺ ના સદકામાં આપ સૌને મસ્લકે આ'લા હઝરતની તથા સુન્નિયતની સાચી સેવા કરવાની ખૂબ ખૂબ હિંમત અને શક્તિ પ્રદાન કરે.**-લિ. અલી મુહમ્મદ બાબી** (કલાર્ક : દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ)

★ ★ ★ ★

અસ્સલામુ અલૈકુમ, સલામ સાથ સુરતથી ઓસામા મુહમ્મદ અલ્તાફ સુરિયાના સલામ કબૂલ કરશો.

હું **''બરકાતે ખ્વાજા''** (માસિક)નો મેમ્બર છું. આપનો અંક મળતાં જ બે દિવસમાં પૂરું પઢી લઉં છું. અલ્લાહ પાક આપને આમાં જરૂર જરૂર મદદ કરે. એક એક લેખ વાંચીને રૂવાંટાં ઉભાં થઈ જાય છે. આપનો ખૂબ જ આભાર ! બીજું આપે આ વખતે 'એડસ''ની બિમારી વિશે લખેલ લેખ ખૂબ જ પસંદ આવેલ.

**-લિ. મુહમ્મદ અલ્તાફ સુરિયા-સૂરત**

## ★ મદદની અપીલો ! ★

સીસોદરા ગામની મસ્જિદ બિલકુલ જર્જરીત હાલત થઈ ગયેલ તેની દિવાલોમાં તીરાડ પડેલ છે અને ચૂનાના ચણતરવાળી છે. આ મસ્જિદની દિવાલોને રીપેરીંગ કરી નવો ઓપ આપવા માટે સખીદાતાઓ પાસેથી ઈમદાદની જરૂરિયાત છે.

**સંપર્ક કરો** : ગુલશને મદીના ટ્રસ્ટ-સીસોદરા, (ઉપ પ્રમુખ) જનાબ ઈસ્માઈલભાઈ એસ સોલંકી, કસ્બાવાડ, મુ.પો. સીસોદરા, તા. રાજપીપલા, જિ. નર્મદા, ફોન : (૦૨૬૪૦) ૨૪૪ ૮૨૧

ઉપરાંત સીસોદરા ગામે સૈયદના હઝરત બાલેપીર બાબા رحمۃ اللہ علیہ સૈયદના હઝરત શક્કરપીર બાબા رحمۃ اللہ علیہ ના મઝાર શરીફના બાંધકામ અર્થે પણ સહાયની જરૂરત છે એ માટે ઉપરોક્ત સરનામે જ સંપર્ક કરવા વિનંતિ.

**ધોલકા** : અમદાવાદ જિલ્લામાં, તા. ધોલકામાં મીરકુવા મોહલ્લામાં આવેલ ગુલિયારા મસ્જિદ જે ઘણી જ પૂરાની હાલતમાં હતી અને ધરતીકંપમાં વધુ નુકસાન થએલ હતું. હાલ જુમ્આમાં તંગી ઉભી થાય છે. આ મસ્જિદને વિશાળ બનાવવા રૂા. ૫૦,૦૦,૦૦૦/- (રૂા. પચાસ લાખના ખર્ચ) પ્લાનીંગ સાથે કામ શરૂ કરેલ છે, આ મોટા ખર્ચને પહોંચી વળવા સખીદાતાઓને ખાસ અપીલ કરવામાં આવે છે. અલ્લાહની રાહમાં માલી કુર્બાની પેશ કરી, સવાબે જારિયા હાંસલ કરો.

**પત્ર વ્યવહારનું સરનામું :-**

**ગુલિયારા મસ્જિદ તામીર કમિટી**, મુ.પો. ધોલકા, પિન. ૩૮૭ ૮૧૦, જિ. અમદાવાદ, ફોન (૦૨૭૧૪) ૨૨૦૪૩૧, ૨૨૦૨૮૬

## ★ કાસદમાં મદ્રસો બાંધી આપો ! ★

કાસદ ગામમાં મદ્રસએ નૂરુલ ઈસ્લામ નામથી મદ્રસો ચાલે છે જેમાં ૧૨૫ બાળકો પઢે છે અને આ પાંચ કલાસ છે અને ગામમાં લગભગ ૧૨૦ સુન્નીનાં ઘર છે, આર્થિક દષ્ટિએ ગરીબ ગામ છે અને મદ્રસાના મકાનની જગા પર ખરીદવામાં આવેલી છે પણ બાંધકામ બાકી છે માટે સખીદાતાઓને મદ્રસો બાંધી સવાબે જારીયા કમાવા અપીલ છે.

સંપર્ક કરો :-

**શબ્બીરભાઈ મુતવલ્લી** (મો. ૯૮૨૪૭ ૮૬૨૪૦)

**ઐયુબભાઈ લકી ટ્રેડસવાળા** (મો. ૯૮૨૬૮ ૨૬૩૫૪)

**જંબુસર** : થી મુઆવિને સુન્ની દા'વતે ઈસ્લામી અલ્લારખા જંબુસરી ફુટવાલા લખી જણાવે છે કે તા. ૨-૮-૦૫ મંગળવારના ઈશાની નમાઝ પછી નૂરી

મસ્જિદ, ઘાંચીવાડમાં જશ્ને ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ મનાવવામાં આવ્યો હતો. જેમાં વડોદરાથી મુબલ્લિગ સુલ્તાન રઝા સાહબ, સૈયદ શોએબ રઝા સાહબે નઅતોના ગુલદસ્તાઓ પેશ કરીને દિલ બાગબાગ કર્યાં હતાં. આખિરમાં મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી જનાબ ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાલાએ ગરીબ નવાઝ અતાએ રસૂલ رحمۃ اللہ علیہ ની શાનમાં લાજવાબ બયાન ફર્માવ્યું હતું. આખિરમાં સલાતો સલામ, દુઆ થઈ હતી. જલ્સો ખૂબ જ કામ્યાબ રહ્યો હતો.

## ★ બારગાહે સિદ્દીકે અકબરમાં અકીદતનું નઝરાણુ ★

**માણાવદર** : તા. ૩૦–૭–૨૦૦૫ શનિવારે રાત્રે ઈશાની નમાઝ બાદ જુમ્મા મસ્જિદ પાસે ચોકમાં અમીરુલ મુ'મિનીન હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની યાદમાં ગુલે ગુલઝારે સુન્નિયત શેહઝાદાએ હુઝૂર અમીરે મિલ્લત પીરે તરીકત હઝરત અલ્લામા ગુલ્ઝાર અહમદ સાહબ નૂરી (સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યાહ્, નૂરીય્યાહ્–જૂનાગઢ)ની સદારતમાં તથા મુજાહિદે સુન્નિયત હઝરત મૌલાના સૈયદ બાવામિયાં બાપુ કાદરીની સરપરસ્તીમાં એક શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં ખતીબે અહલે સુન્નત હઝરત અલ્લામા ઉબેદુલ્લાહ હૈદરી સાહબ નક્શબંદી–રાજસ્થાન તથા હઝરત સૈયદ શબ્બીરબાપુ કાદરી–સાવરકુંડલા તથા હઝરત મૌલાના મો. હનીફ સાહબ અકબરી–મુદર્રિસ દારુલ ઉલૂમ ફયઝુર્રહમાન–જુનાગઢ તેમજ સ્થાનિક આલિમોએ શાને સિદ્દીક رضی اللہ عنہ માં તકરીરો કરી. બહોળી સંખ્યામાં અકીદતમંદોએ હાજરી આપી જલ્સાને કામ્યાબ બનાવેલ તેમ ગુલામાને સૈયદના સિદ્દીકે અકબર યંગ કમિટીની યાદી જણાવે છે.

**–અબ્દુલ અઝીઝ બરકાતી**

**દયાદરા** : તા. ૨૯–૭–૨૦૦૫, ૨૨–રબી. આખર ૧૪૨૬ જુમ્આની રાત્રે ઈશા બાદ દયાદરા નૂરની મસ્જિદમાં બારગાહે સિદ્દીકે અકબર رضی اللہ عنہ માં ખિરાજે અકીદતના રૂપે દુરૂદ શરીફ તથા યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવ્યો હતો. ફાતેહા પછી સલાતો સલામ બાદ ન્યાઝ વહેંચવામાં આવી.

## ★ તમારી પાસે "અલ્ વઝીફતુલ કરીમા" કિતાબ છે ? ★

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) તરફથી બહાર પડેલ પોકેટ સાઈઝ કિતાબ **"અલ્ વઝીફતુલ કરીમા"** તમારી પાસે હોય તો તેમાં નીચે પ્રમાણે ત્રણ ભૂલો સુધારી લેવા નમ્ર અરજ છે :–

**(૧) પેજ નં. ૧૨** : અરબી લીટી–૧માં બિસ્મિલ્લાહ પછી حٰمٓ મૂકવું અને બીજી લીટીમાંથી حٰمٓ કટ કરવું.

**(૨) પેજ નં. ૬૧** : અરબીમાં નીચલી લીટી وَاخْلِفْ لِىْ خَيْرًا مِّنْهَا ને બદલે وَاخْلِفْ خَيْرًا مِّنْهَا અને **પેજ નં. ૬૨** : ઉપર ત્રીજી લીટીમાં **વખ્લુફની**ને બદલે **વખ્લિફલી ખૈરમ્ મિન્હા** પઢવું.

**(૩) પેજ નં. ૬૮** : અરબી દુઆમાં اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ مِمَّا ابْتَلَاكَ بِهٖ ને બદલે:–

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ عَافَانِىْ مِمَّا ابْتَلَاكَ بِهٖ પઢવું.

**નોંધ** : ભૂલ દર્શાવનારનો આભાર ! જઝાકલ્લાહ !

*–લિ. (પ્રકાશક વતી) પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*

## ★ અલ્લાહ જઝાએ ખૈર આપે ! ★

**વિજાપુર** : ઉષ્માનગની રંગરેજ તરફથી રૂા. ૧૦૦/– "બરકાતે ખ્વાજા" (માસિક)ને ખુશીથી તોહફો મળ્યો છે. (હસ્તે જનાબ સૈયદ તુફૈલ હુસૈન સાહબ) મૌલા કરીમ જઝાએ ખૈર આપે, બિજાહિન્નબી કરીમ ﷺ.

**વિજાપુર** : જનાબ સૈયદ તુફૈલ હુસૈન તરફથી રૂા. ૧૦૦/– સદકાની રકમ મળી છે. જઝાકલ્લાહ !

***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

## ★ અમારા પેટ્રન બન્યા છે ! ★

**જનાબ યૂનુસ ઈસ્માઈલ પટેલ (કુવૈતી)** મોટા ચકલા–દયાદરા હસ્તે જનાબ ઈકબાલભાઈ મોદી (લેસ્ટર) તથા **જનાબ અબ્દુલ ઈબ્રાહીમભાઈ પરફેક્ટવાળા** (ઠે. મદીનાપાર્ક–ભરૂચ) જનાબ મુશ્તાકભાઈ મુન્શી વાગરાવાળા થકી "બરકાતે ખ્વાજા (માસિક)ની પેટ્રન ફી રૂા. ૧૦૦૦/– ભરીને પેટ્રન બન્યા છે. (જઝાકલ્લાહ !)

***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

## ★ સુન્ની દા'વતે ઈસ્લામી (ભરૂચ શાખા)નું એક દાદ પાત્ર કદમ ! ★

**ભરૂચ** : જનાબ મુનીરભાઈ પઠાણ મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી જણાવે છે પ્રસ્તુત શાખા તરફથી જરૂરતમંદ મુસ્લિમ બાળકોને નોટો–પુસ્તકોનું ફ્રીમાં વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ ૫૦ (પચાસ) વિદ્યાર્થી–વિદ્યાર્થીઓને રૂા. ૧૧,૧૬૩/–ની નોટબુકો પુસ્તકો વહેંચવામાં આવ્યાં હતાં.

## ★ પાદરામાં સુન્ની ઈજતેમા ★

તા. ૭–૮–૨૦૦૫ રવિવાર ઈશા બાદ પાદરા જિ. વડોદરા મુકામે હઝરત ભૂરેશાહ બાબા رحمۃ اللہ علیہ ના ઉર્સે પાકના પ્રસંગે **સુન્ની દા'વતે ઈસ્લામી**નો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા હઝરત સૈયદ મુશ્તાક અલીબાવા કલ્લાવાળાની સદારતમાં થયો જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી સાહબે શાન ખ્વાજા વ શાને અવલિયામાં ઈમાન અફરોઝ બયાન ફર્માવી સાચી મહબ્બતે અવલિયા કોને કહેવાય તે સમજાવી શરીઅતની પાબંદી સાથે બુઝુર્ગોને દીનની રાહ પર ચાલવા તાકીદ કરી હતી. જેમાં અન્ય સાદાતે કિરામ તેમજ મકામી તથા બહારના ઉલમા, હુફ્ફાઝ, ઈમામો મુબલ્લિગો તેમજ મોટી સંખ્યામાં આશિકાને અવલિયાએ હાજરી આપી હતી. અંતમાં ઝિક્ર–દુઆ બાદ સલાતો સલામ સાથે ઈજતેમા બખૂબી પૂર્ણ થયો હતો.

## હલદરવામાં ઉર્સે બાબાલુન મનાવાયો

હલદરવા (તા. કરજણ, જિ. વડોદરા) મુકામે તા. ૧૦–૮–૦૫ના રોજ ઉર્સે શહનશાહાને હલદરવા હઝરત નસરુદ્દીન તથા હઝરત બદરૂદ્દીન رحمہما اللہ ના મુબારક પ્રસંગે અંજુમને રઝાએ મુસ્તફા–હલદરવા તરફથી નઅતિયા–મન્કબતિયા જલસો રાખ્યો હતો જેમાં આશિકાને અવલિયા ગામ–પરગામથી તશરીફ લાવ્યા હતા. જેમાં દારુલ ઉલૂમ મુસ્તફાઈયા હલદરવાના ઉલમા તલબા હાજર રહ્યા હતા. તેમજ કેટલાક તલબાએ નઅત–મન્કબત પેશ કરી હતી. ત્યારબાદ મુંબઈથી પધારેલ જનાબ ખાલિદ રઝા સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાના અનોખા અંદાજમાં નઅતો–મન્કબત પઢીને હાજરીનને મુગ્ધ કરી દીધા હતા.

## ★ દયાદરામાં જશ્ને ખ્વાજા મનાવાયો ! ★

તા. ૧૮–૯–૦૫ જુમ્આની રાત્રે ઈશા બાદ હઝરત સુલ્તાનુલ હિંદ, ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ની છઠ્ઠી મુબારકના પ્રસંગે નિમિત્તે શાનદાર જલસો નૂરી જલસા કમિટી તથા સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) થકી મોટા ચકલા પર રાખવામાં આવ્યો જેમાં આલિમે નવજવાન મુકર્રિરે ઝીશાન હઝરત અલ્લામા મૌલાના ખૈરુલ હસન સાહબે (સૂરત) શાને ખ્વાજામાં ઈમાન અફરોઝ તકરીર કરી હતી. ન્યાઝ કમિટી તરફથી બીજા દિવસે ૧૦.૦૦ વાગ્યે અકુજી કોમ્યુનીટી હોલમાં આમ ન્યાઝ કરવામાં આવી હતી.

## ★ શાદી મુબારક થજો ! ★

**લેસ્ટર : "બરકાતે ખ્વાજા" (માસિક)**ના ગ્રાહક તથા ચાહક તેમજ "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા" તેમજ "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા" તેમજ "સુન્ની દા'વતે ઈસ્લામી"ના ચાહક જનાબ હાજી નાસિર હાજી દાઉદમૂસા બાજીભાઈ દયાદરાવાળાના નેક પુત્ર **ઈરફાન**ની મુબારક શાદી અમારા મોહસિન જનાબ હાજી મૂસાભાઈ નાથા સેગવાવાળા–બ્લેકબર્નની નેક પુત્રી **અસ્મા** સાથે તા. ૨૦–૮–૦૫ના રોજ રાખવામાં આવી. જેનો વલીમા તા. ૨૧–૮–૦૫ રવિવારે લેસ્ટર મુકામે રાખેલ. (દુલ્હા–દુલ્હન તથા તેમનાં કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં સૌને બંને જહાનમાં ખુશ રાખે. (આમીન) *--તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

**સીસોદરા** : થી ગુલશને મદીના ટ્રસ્ટ સીસોદરાના ઉપ. પ્રમુખ જનાબ ઈસ્માઈલ એસ. સોલંકીના દુઆ સલામ બાદ જણાવવાનું કે, તા. ૩–૮–૨૦૦૫ બુધવારના રોજ મારા ચાચા જનાબ નૂરમુહમ્મદ બાજીઆ અલ્લાહની રહમતે પહોંચી ગયા છે. મૌલા તઆલા તેના હબીબ ﷺ ના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે. તેમની કબ્રે અન્વર ઉપર રહમતની વર્ષા અતા ફર્માવે. મર્હૂમને જન્નતુલ ફિરદોસમાં આ'લા મકામ અતા ફર્માવે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*